# જંગલ વિસ્તારમાં સત્તાના સંબંધો :
# ૧૮૨૦ થી ૧૯૪૦નું ડાંગ

લેખક
ડેવીડ હાર્ડીમન

અનુવાદ
શાંતિલાલ મેરાઈ

સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત

Power in the Forest : The Dangs 1820–1940
by David Hardiman

Gujarati Translation
Jangal Vistarma Sattana Sambandho : 1820 thi 1940 Nu Dang
By Shantilal Merai

© : સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ, સુરત

પ્રકાશક
ઘનશ્યામ શાહ, નિયામક
સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝ
દ. ગુ. યુનિ. કૅમ્પસ, સુરત ૩૯૫ ૦૦૭

રૂ. ૩૦-૦૦

મુદ્રણસ્થાન :
સુરુચિ છાપશાળા
બારડોલી ૩૯૪ ૬૦૧

## આમુખ

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૧૪ ટકા છે. સમગ્ર રીતે જોતાં તેઓ આર્થિક અને શૈક્ષણિક રીતે વંચિત છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ તેમનાં પરંપરાગત આજીવિકાનાં સાધનો ગુમાવતાં જાય છે. અંગ્રેજ શાસનકર્તાઓએ પોતાની આવકનાં સાધનો વધારવા અને યુરોપમાં ઇમારતી લાકડાની જરૂરિયાતને પૂરી પાડવા જંગલની સંપત્તિ પર ધીરે ધીરે તરાપ મારવા માંડી, નવા કાયદાઓ કરી નવા વહીવટી તંત્ર દ્વારા જંગલમાં વસતા આદિવાસીઓના આજીવિકાનાં સાધનો રાજ્ય હસ્તક કરવા માંડયાં. બીજી બાજુએ બજાર અને બૃહદ સમાજનાં બીજાં પરિબળોએ આદિવાસી સમાજમાં પગપેસારો કર્યો. પરિણામે આદિવાસીઓની આર્થિક સ્થિતિમાં જ નહિ પણ તેમના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં પણ પરિવર્તન આવ્યું. પરિણામે આજે ગુજરાતના આદિવાસી સમાજમાં ઠીક ઠીક તનાવ પ્રવર્તે છે. આ તનાવ વ્યક્તિગત અને સામૂહિક સંઘર્ષનું સ્વરૂપ લે છે.

ડાંગ ગુજરાતનો સૌથી નાનો પણ વસ્તીમાં મુખ્યત્વે આદિવાસી જિલ્લો છે. બે-ત્રણ દાયકા પહેલાં ડાંગીઓ ભાગ્યે જ ડાંગ બહાર આજીવિકાની શોધમાં જતા. ત્યાંનાં ગાઢ જંગલો અને વનસંપત્તિ એમની જરૂરિયાતો પૂરી પાડતાં હતાં. પણ હવે પરિસ્થિતિ બદલાઈ છે. આજે ડાંગીઓ ઠીક ઠીક સંખ્યામાં શેરડીનાં ખેતરોમાં અને બીજી મજૂરી કરતા જોવા મળે છે. ડાંગના આદિવાસીઓ સંગઠિત થઈ પોતાના પ્રશ્નો રજૂ કરે છે અને તે માટે નાની–મોટી લડતો પણ આપે છે. તેમની આજની લડત એમના આત્મ-ગૌરવ, પરંપરાગત અધિકારો અને આજીવિકાનાં સાધનો માટેની છે.

ડેવીડ હાર્ડીમને ડાંગમાં બ્રિટિશ સમયના સત્તાના, આદિવાસીઓના પરસ્પરના અને ડાંગીઓ અને સરકાર સાથેના સંબંધોને વિસ્તૃત રીતે તપાસ્યા છે. આ લેખ જ્યારે એમણે અમને આપ્યો ત્યારે અમે નક્કી કર્યું કે એનું ગુજરાતી ભાષાંતર કરવું કે જેથી સ્થાનિક વાચકને લાભ મળે. પ્રા. શાંતિલાલ મેરાઈએ ભાષાંતરનું કામ શરૂ કર્યું. આ દરમ્યાન અમે લેખ અંગેનો અમારો અભિપ્રાય અને ટીકાટિપ્પણ લેખકને મોકલી આપ્યા. ડેવીડ હાર્ડીમને એમના લેખમાં સુધારા વધારા કર્યા. પણ સુધારેલો લેખ અમોને મળે ત્યાર પહેલાં અમે ભાષાંતર પ્રેસમાં આપી ચૂક્યા હતા અને લેખમાં ફેરફાર કરવામાં મુશ્કેલીઓ હતી અને કામ વિલંબમાં પડે તેવું હતું. વળી, લેખના મૂળ હાર્દ અને દલીલમાં કોઈ ફેર ન હતો. સુધારો વધારો કેટલીક માહિતી અંગેનો અને લેખને આજના સંઘર્ષ સાથે સાંકળતી વધારાની માહિતી અંગે હતો. અમે દુઃખી મને આ લાભ જતો કર્યો. સુધારા-વધારાવાળો લેખ અંગ્રેજીમાં Subaltern Studies Vol. VII (દિલ્હી, ઓક્સફર્ડ યુનિ. પ્રેસ) જે હવે પ્રકાશિત થવાનું છે તેમાં આવશે. એક વાત પર વાચકનું ધ્યાન દોરીશું કે પ્રસ્તુત લેખમાં જે 'કણબી' જાતિ શબ્દ છે તે 'કોંકણા' જાતિ માટે વપરાયેલો છે.

ગુજરાતીમાં આ લેખ પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવા માટે અમે પ્રોફેસર ડેવીડ હાર્ડીમનનો આભાર માનીએ છીએ. આ લેખનું ખૂબ જ ઝડપથી અને કાળજીપૂર્વક ભાષાંતર કરવા માટે પ્રા. શાંતિલાલ મેરાઈનો પણ અમે આભાર માનીએ છીએ.

ઘનશ્યામ શાહ

# જંગલ વિસ્તારમાં સત્તાના સંબંધો : ૧૮૨૦ થી ૧૯૪૦ નું ડાંગ

ડેવિડ હાર્ડીમન[1]

રણજિત ગુહાએ તેમના સબાલ્ટર્ન (નિમ્ન વર્ગના શોષિત લોકસમૂહો) અભ્યાસોમાંના લખાણમાં તેમ જ અન્યત્ર બ્રિટિશ શાસનકાળમાં ભારતમાં પ્રવર્તતા સત્તાના માળખા અને તેના પ્રતિકાર વિશે આ પહેલાં જાણીતી ન હોય તેવી બાબતો લખી છે.[2] તેમને અનુસરીને મેં મારા કામમાં સમયે સમયે આ માળખાંઓમાં આવેલાં પરિવર્તનોને દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.[3] મેં એ બતાવ્યું છે કે ચાલુ રહેલી વર્ગીય લડતોએ આ માળખાને આકાર આપવામાં કેવો ભાગ ભજવ્યો છે. સત્તા અને સત્તા હેઠળ આવનારાઓ વચ્ચેના સંબંધોની વાત તાજેતરમાં લખેલ એક નિબંધમાં મેં કરી છે. આ સંબંધો બ્રિટિશ શાસનકાળના ભારતના ગ્રામીણ સમાજમાં કેન્દ્રસ્થાને હતા. આ સંબંધો સામાજિક પરિવર્તનની પ્રક્રિયામાં કેવી રીતે વિકસી આવ્યા તે મેં બતાવ્યું છે.[4] સબાલ્ટર્ન અભ્યાસો અંગેના પ્રસ્તુત લેખમાં આ સંબંધો પૈકીના એક સંબંધ ઉપર હું ધ્યાન કેન્દ્રિત કરવા ઇચ્છું છું. આ સંબંધ તે જંગલમાં વસનારાઓ અને બ્રિટિશ

---

1 ૧૯૮૦ ની શરૂઆતમાં હું જ્યારે દક્ષિણ ગુજરાતમાં અને પાડોશના મહારાષ્ટ્રના વિસ્તારોમાં 'દેવી આંદોલન' માટે સંશોધન કરતો હતો ત્યારે મેં જે સામગ્રી ભેગી કરી હતી તેમાંથી આ લેખ તૈયાર થયો છે. ૧૯૮૦ના અંત ભાગમાં વડોદરા, મુંબઈ અને નવી દિલ્હીના સરકારી દફતરોમાંથી એમાં પૂર્તિ કરી. ટિપ્પણીઓ માટે જુલાઈ ૧૯૮૯ માં [illegible] મળેલી અમેરિકન સોશ્યલ સાયન્સ રીસર્ચ કોન્ફરન્સમાં ભાગ લેનારાઓનો, જૂન ૧૯૮૯ માં કેમ્બ્રિજમાં થયેલ 'ઈકોલોજી, સોસાયટી એન્ડ ધી સ્ટેટ' વિષેના વર્કશોપમાં ભાગ લેનારાઓનો, ઓગસ્ટ ૧૯૯૧ માં [illegible] 'કોમન પ્રોપર્ટી, કલેક્ટિવ એક્શન એન્ડ ઈકોલોજી' વિષે યોજાયેલ કોન્ફરન્સમાં ભાગ લેનારાઓનો તથા ડેવિડ આર્નોલ્ડ, અમિતા બાવિસ્કર અને જ્ઞાનેન્દ્ર પાંડેનો આભાર માનવાનું હું ઉચિત સમજું છું. આભારના ખાસ શબ્દો હું અજય સ્કારિયા માટે પણ કહું છું જેઓ ડાંગમાં મૌખિક પ્રણાલિકાઓને આધારે આગળનું ઐતિહાસિક સંશોધનકાર્ય કરી રહ્યા છે અને જેમણે આ લેખનું આરંભિક લખાણ મને વાંચવા માટે આપ્યું હતું.

૨ નોંધપાત્ર રીતે. Elementary Aspecnts of peasant insurgency in Colonial India (New Delhi 1983) અને Subaltern studies(New Delhi 1987) i. ii. v. vii માં તેમના લેખો.

૩ દાખલા તરીકે જુઓ મારો લેખ, 'The Bhils and shahukars of Eastern Gujarat' આર. ગુહા સંપાદિત Subaltern studies V (New Delhi 1987) માં ખાસ કરીને પા. ૪૬-૫૦

૪ મેં દલીલ કરી છે કે બ્રિટિશ શાસન હેઠળના ભારતમાં ખેડૂતો અને નીચલા સ્તરના લોકો વચ્ચે કેન્દ્રસ્થ સંબંધો આ પ્રકારે હતા. ૧ ખેડૂતો અને યુરોપીયન પ્લાન્ટર્સ વચ્ચેના. ૨ ખેડૂતો અને [illegible] જમીન માલિકો વચ્ચેના. ૩ ખેડૂતો અને ધંધાદારી નાણાં ધીરનારાઓ વચ્ચેના. ૪ ખેડૂતો અને જમીનવેરો ઉઘરાવનાર સરકારી અધિકારીઓ વચ્ચેના અને ૫ ખેડૂતો અને જંગલના અધિકારીઓ વચ્ચેના, જુઓ મારા દ્વારા સંપાદિત લેખ સંગ્રહની પ્રસ્તાવના, Peasant Resistance in India 1858–1914 (New Delhi 1942) પા. ૧૧-૧૨

ઓફિસરો વચ્ચેનો સંબંધ. આ વાત હું પશ્ચિમ ભારતના એક ચોક્કસ જંગલ વિસ્તાર ડાંગના સંદર્ભે કરવા માંગું છું.

અત્યાર સુધી જંગલમાં વસનારાઓ અને બ્રિટિશ શાસનકર્તાઓ વચ્ચેના સંબંધોના અભ્યાસ બાબત ઉપેક્ષા સેવવામાં આવી છે. આ અંગેની ભૂલ સુધારવા માટેની શરૂઆત છેલ્લાં થોડાં વર્ષોમાં જ થઈ છે.[૫]

આરંભના કેટલાક અભ્યાસોની એક સમસ્યા એ જણાઈ છે કે એમાં બ્રિટિશ શાસનકાળ પહેલાંના વનવાસી સમાજનું આદર્શ ચિત્ર રજૂ કરવાનું વલણ જણાયું છે. દાખલા તરીકે મહારાષ્ટ્રના થાણા જિલ્લાના વારલી વનવાસીઓ વિશેના એક પુસ્તકમાં વિનીત પેરિઈરા અને જેરેમી સીબ્રુક જણાવે છે કે 'હજારો વર્ષોથી વારલીઓ તેમના પર્યાવરણ સાથે બીજાઓ ઉપર આક્રમણ કર્યા વિના સુસંવાદિતાથી જીવતા આવ્યા છે.'[૬] એવા લોકોનું એક ચિત્ર આપવામાં આવે છે કે જેઓ બ્રિટિશ શાસનકાળમાં એકાએક બહારના લોકો આવ્યા અને તેમની ભૂમિ પર કબજો જમાવી તેઓને એક શોષિત અને અકિંચન વર્ગમાં ફેરવી નાખ્યા ત્યાં સુધી ખેતીની પદ્ધતિમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કર્યા વગર સુસંવાદિતાથી જીવતા હતા. રાષ્ટ્રવાદી ચળવળ અંગેનાં ઘણાં લખાણોમાં એવી દલીલ કરવામાં આવે છે કે આ આદિવાસીઓનાં મૂળ એ પ્રાચીન ડહાપણમાં રહેલાં છે જે પશ્ચિમ કરતાં ખૂબ ચઢિયાતું છે. આ ડહાપણ કેવળ સ્થાનિક પ્રકારનું નથી પરંતુ વિશાળ ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો સાથે સંકળાયેલું છે. પેરિઈરા અને સીબ્રુક એવો મત ધરાવે છે કે 'અગ્નિ પુરાણ' જેવા ભારતીય ધર્મગ્રંથોમાં પણ વનોનું રક્ષણ કરવાની આજ્ઞા કરાઈ છે.[૭] આવી જ દલીલ વધારે મુખર રીતે વંદના શિવાએ તેમના પુસ્તક 'Staying Alive'માં કરી છે. તેમના મત મુજબ ભારતની પ્રાચીન પ્રણાલિકાઓમાં વનો વિશેનું ઊંડું વૈજ્ઞાનિક જ્ઞાન સમાયેલું હતું. રવીન્દ્રનાથ ટાગોરને અનુસરીને તેઓ દલીલ કરે છે કે વનમાં વસતા ઋષિઓ આવા ડહાપણનો ભંડાર હતા જેનું અનુસરણ આદિવાસીઓમાં અને ખેડૂતસમાજમાં થતું.[૮] બ્રિટિશ શાસનનો આરંભ થતાં આ બધાંનો ચૂરો થઈ ગયો. પશ્ચિમની માન્યતાઓની વિરુદ્ધ ભારતની માન્યતાઓની શ્રેષ્ઠતા સિદ્ધ કરવાના પ્રયત્નોમાં એવી દલીલો કરવામાં આવે છે જેને પાર્થ ચેટરજી[૯] ઊલટું એશિયાપણું (Reversed orientalism)ને નામે ઓળખાવે છે, જે ભારતના ઘણા રાષ્ટ્રવાદીઓના વિચારની લાક્ષણિક અભિવ્યક્તિ છે. આ કિસ્સામાં એવી દલીલ આગળ કરવામાં આવે છે કે ભારતની સંસ્કૃતિ વનોનું રક્ષણ કરનારી છે, જ્યારે પશ્ચિમની સંસ્કૃતિ વનોનો વિનાશ કરનારી છે. આવી જરૂરિયાતવાદી સમજ એવું સમજાવી શકતી નથી કે ભારતનાં ઘણાં વનોનો નાશ બ્રિટિશરોના આવ્યા પહેલાં કઈ રીતે થયો હતો અથવા વનોના વિનાશમાં માનનારી કહેવાતી એવી સંસ્કૃતિમાંથી આજની પર્યાવરણવાદી ચળવળની શરૂઆત કેવી રીતે થઈ.

આવા અભ્યાસોની બીજી પણ એક સમસ્યા છે કે આ અભ્યાસો આજની પર્યાવરણવાદી સભાનતાની માહિતી ધરાવતા હોય છે—જે આજના સમયમાં ગમે તેટલી સ્વીકાર્ય અને યોગ્ય હોય તોપણ ઐતિહાસિક સમજણ બાબતે વિઘ્ન ઊભું કરે છે. બ્રિટિશરો આવ્યા તે પહેલાંના ભારતના વનવાસીઓ વનોના રક્ષણ અંગેનું માનસ ધરાવતા હતા એવી વાત કાળવ્યુત્ક્રમનો દોષ પ્રગટ કરનારી છે, કારણ કે આ 'સંરક્ષણવાદી' વિચાર એવો વિચાર છે કે જે ઔદ્યોગિક ક્રાંતિએ વેરેલા વિનાશના પ્રત્યાઘાત રૂપે યુરોપીયનોમાં પ્રગટ્યો

૫ આવા અભ્યાસો પૈકીના ઉત્તમ અભ્યાસો માધવ ગાડગીલ અને રામચંદ્ર ગુહાના છે. જુઓ તેમનો સંયુક્ત લેખ, 'State forestry And social cofnlict in British India' Past And present No, 123, May 1989; અને આર. ગુહા, The unquiet woods : Ecological change And Peasant Resistance in the Himalaya (New Deibi, 1989).



હતો.[૧૦] એકવાર આવી ભૂલ કરી દીધા પછી એ દલીલ કરવાનું લગભગ જરૂરી બની જાય છે કે વનોમાં વસનારાઓની સંસ્કૃતિ સંરક્ષણવાદી હતી; ઉપરાંત તેમના સામાજિક વ્યવહારોનું પૃથક્કરણ પણ પર્યાવરણનું રક્ષણ કરવાની તેમની ભૂમિકાના સંદર્ભમાં જ કરવામાં આવે. આવું પૃથક્કરણ સાંકડી રીતે પર્યાવરણ કાર્યાત્મકવાદી (Ecological – Functionalist) બની જાય છે. એમાં પદ્ધતિ સુસંવાદીપણે કામ કરે છે એ મુદ્દા પર ભાર હોય છે અને એમાં જે કંઈ વિરોધાભાસો હોય છે તેની અવગણના હોય છે. આમાં માનવીના વલણને પ્રાણીઓની જેમ પર્યાવરણ સાથે સંતુલન સાધતું બતાવવામાં આવે છે; એમાં એ વાતની ઉપેક્ષા હોય છે કે માનવીની સંસ્કૃતિને એનું પોતાનું તર્કશાસ્ત્ર હોય છે અને તેને આવું સાંકડું ન કરી શકાય. સત્તાના સંબંધોને સમજવામાં એ નિષ્ફળ જાય છે. એવું એટલા માટે બને છે કે તે ઘણીવાર એવું માનીને ચાલે છે કે વનવાસીઓમાં વર્ગભેદો હોતા નથી.[૧૧] વાસ્તવમાં માનવસંસ્કૃતિ અસમાન સંબંધોની રંગછાંટ ધરાવતી હોય છે જે વય, જાતિ, સગપણ અને વર્ગને આધારે મર્યાદિત સાધનોમાંથી કોને કેટલું વધારે મળે તે અંગેનો નિર્ણય કરે છે. આવી વધારાની પ્રાપ્તિનો અભાવ અપોષણ, પ્રોટીનની અછત અને નબળા આરોગ્ય માટે કારણભૂત બને છે. દુકાળની સમસ્યા વનવાસીઓને ક્યારેય નડી નથી[૧૨] એવી જે દલીલ વંદના શિવા કરે છે તે વાસ્તવમાં સાચી હોય શકે ખરી? આવી દલીલો વનવાસી સમાજ પણ જેનો એક હિસ્સો હતો એવા વિશાળ સામાજિક, રાજકીય સંદર્ભની અવગણના કરે છે. દાખલા તરીકે જે વન્ય પેદાશોને વનવાસીઓ ભેગી કરતા અને બહારના વેપારીઓ તે ખરીદી પછી તેનું વેચાણ કરતા. આ પ્રક્રિયામાં વનવાસીઓનું જે શોષણ થતું હતું જેને કારણે તેમની ગરીબીમાં વધારો થતો હતો એ વાત ન સ્વીકારવી એ યોગ્ય કહેવાય ખરું ?[૧૩]

આ લેખમાં હું ડાંગના જંગલ વિસ્તારમાં સત્તાના સંબંધો કેવી રીતે પ્રવર્તતા હતા તેની તપાસ કરીશ અને બ્રિટિશ શાસન શરૂ થયું તે પહેલાંના સમયથી માંડીને એ શાસનનાં અંતિમ વર્ષો સુધી એમાં કેવા ફેરફારો થતા ગયા તે બતાવવાનો પ્રયત્ન કરીશ.

ડાંગનો વિસ્તાર દક્ષિણ ગુજરાતનાં સપાટ કાંપવાળાં મેદાનો અને સહ્યાદ્રિની ઊંચી પર્વતમાળા વચ્ચે આવેલી અસંખ્ય ટેકરીઓનો બનેલો છે — આ હદ દરિયા કિનારાના પ્રદેશને દક્ષિણ મહારાષ્ટ્રનાં ખરબચડાં મેદાનોથી જુદો પાડે છે. ગાઢ જંગલો અને નદીની ઊંડી ખીણોવાળો આ પ્રદેશ મધ્ય કાળમાં બહારનાં રાજ્યોના સૈન્યો માટે લગભગ અભેદ્ય મનાતો હતો. આ પ્રદેશ બ્રિટિશ હકુમત પહેલાં ભીલ સરદારોના કબજા હેઠળ હતા. ૧૮૩૦માં જેમ્સ આઉટ્રામના વડપણ હેઠળની ટુકડીઓ દ્વારા આ પ્રદેશ પર વિજય મેળવવામાં આવ્યો અને આ પ્રદેશને બ્રિટિશરોની સર્વોપરિ હકૂમત હેઠળ લાવવામાં આવ્યો. અલબત્ત સરદારોને (ટ્રાઈબના નાયકો કે જેને આજે ડાંગમાં રાજા–સરકાર કહેવામાં આવે છે. આપણે તેઓને અહીં સરદાર કે મુખી કહીશું અલબત્ત આ શબ્દો આજે ડાંગમાં પ્રચલિત નથી–સં.) કેટલુંક સ્વાતંત્ર્ય આપવામાં આવ્યું પણ તેમાં એ શરત હતી કે એ લોકોએ આજુબાજુનાં મેદાની પ્રદેશો પર હુમલા કરવા નહિ. ૧૮૪૦ પછી જંગલોમાંથી લાકડાં લઈ જવાનો ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો જ ઇજારાશાહી હક્ક રહે તે માટે તેઓને બળપૂર્વક ફરજ પાડવામાં આવી. ૧૯મી સદીના અંત ભાગમાં જંગલ ખાતા હેઠળ 'ફોરેસ્ટ રીઝર્વ્સ' ઊભા કરવામાં આવ્યાં. જંગલમાંની ફરતી ખેતી જ્યારે આ રીઝર્વ્સ માટે નુકસાનકારક જણાઈ ત્યારે જંગલ ખાતાના અધિકારીઓએ આ પ્રકારની ખેતી પર પ્રતિબંધ ફરમાવ્યો અને સ્થિર ખેતીને પ્રોત્સાહન આપ્યું. આ પ્રદેશના મધ્ય ભાગમાં અધિકારીઓએ પોતાનાં વડા મથકો ઊભાં કરી તેમાં રહેવા માંડ્યું અને હાસ્યાસ્પદ રીતે આ પ્રદેશમાં વસતા લોકોની જીવનપદ્ધતિ બદલવાનો પ્રયત્ન શરૂ કર્યો. આને લીધે ૧૯૧૪ સુધી એકધારો પ્રતિકારનો અવાજ ઊઠતો રહ્યો પણ એ પછી લાકડાં લઈ જવાનું કામ સરળ બન્યું અને તેમના શાસનના

અંત સુધી બ્રિટિશરોને માટે આ સૌ નક્કી કરવાની કોઈ મુશ્કેલી રહી નહિ.

ડાંગના વન્ય સમાજ અને સત્તાના સંબંધો વિશેની મારી તપાસની શરૂઆત બ્રિટિશરાજ શરૂ થયું તેના થોડાંક વર્ષો પહેલાંના સમયથી હું કરીશ. હું બ્રિટિશોએ મેળવેલ જીતની તથા ભીલ એજન્ટ તરીકે ઓળખાતા બ્રિટિશ રાજના અધિકારીઓના વહીવટની પ્રક્રિયાની તપાસ કરીશ. તેઓએ પૂર્ણ નિયંત્રણને બદલે તેઓને વશમાં રાખવાની નીતિનું અનુસરણ કર્યું હતું. આ પછી લોકોની જીવનપદ્ધતિ બદલવાના તથા વધારે લાકડું લઈ જવાના એવા બેવડા હેતુ સાથે જંગલ ખાતાએ આ પ્રદેશમાં કઈ રીતે પોતાની સત્તા સ્થાપી તેની તપાસ કરીશ. આ બધી પ્રક્રિયાઓમાં સત્તાની ફેરબદલીની વાત સમાયેલી છે. એમ એમાં બતાવાયું છે કે એક વખતના સત્તાધારી રાજા–ભીલો–રખત જતાં બેહાલ ગરીબ પ્રજા કઈ રીતે બની ગયા.

## ૨

ડાંગને 'આદિવાસી' વિસ્તાર મનાતો હોવા છતાં બ્રિટિશ શાસનકાળ પહેલાં ત્યાં પણ નોંધપાત્ર સામાજિક સ્તરીકરણ હતું. રાજ કરનારા ભીલ સરદારો હતા, તેમના સગાસંબંધીઓ હતા જેઓ ભાઉબંધ તરીકે ઓળખાતા; સામાન્ય ભીલ ખેડૂતો હતા જેઓ પાસે થોડી જમીન હતી. જેઓ 'ગાવિત' કે ગામડિયા તરીકે ઓળખાતા. ૧૮૭૨માં (ડાંગની પહેલી વસ્તી ગણતરી) ૭,૪૨૬ ભીલો અને ૬,૩૧૦ ગાવિતોની ગણતરી કરવામાં આવી હતી. ગાવિતો પણ જ્ઞાતિઓમાં વહેંચાયેલા હતા: ૬૫૧૭ કણબી કે કુંકણા હતા; ૨૪૯૧ વારલી હતા અને ૩૦૨ ગામીત હતા.[૧૪]

ભીલ મુખીઓ આ વિસ્તારમાં નહિ તોયે ચારસો વર્ષ પહેલાંથી સ્થપાયા હતા. કારણ કે બ્રિટિશ પ્રવાસી જોન હોકીન્સે ૧૬૦૮માં ડાંગના કુલી (Cruly)ના મુખીનો ઉલ્લેખ કર્યો છે – જે ઘણું કરી ડાંગના કિરલી (ડાંગનો એક પ્રદેશ)નો સરદાર હોવાનો સંભવ છે.[૧૫] એ શક્ય છે કે ભીલોએ ચઉદમી સદીમાં અથવા ચઉદમી સદી પછી તરત ડાંગ પર કબજો જમાવ્યો હોય. ત્યાં એક ભાંગેલા શિવ મંદિરના કેટલાક અવશેષો મળી આવ્યા છે. જે ભીલોએ બંધાવ્યું હોવાનું શક્ય નથી કારણ કે ભીલો બ્રાહ્મણ ધર્મના વિરોધી હતા. એ મંદિર ગાવલી રાજાઓએ બંધાવ્યું હોવાનું ડાંગીઓ જણાવે છે. આ વિસ્તારમાં 'ગાવલી રાજ' ને સામાન્ય રીતે દેવગીરી (બાદમાં દોલતાબાદ)ના યાદવ વંશના રાજ તરીકે ઓળખવામાં આવે છે જે વંશનું શાસન ઈ. સ. ૧૨૧૬ થી ૧૩૧૨ સુધી પ્રવર્તમાન હતું.[૧૬] માચલીમાં આવું જ ખંડિત-નંદિવાળું એક ખંડિયેર જેવું શિવમંદિર છે. સ્થાનિક લોકો પરંપરાગત રીતે એવું કહે છે કે ગઢવીના ભીલ સરદારે આ મંદિરને નુકસાન પહોંચાડ્યું હતું.[૧૭] આ બાબત એવું સૂચવે છે કે ભીલોએ આ વિસ્તાર પર કબજો જમાવ્યા બાદ 'ગાવલી રાજ' નાં નિશાનોનો ઇરાદાપૂર્વક નાશ કર્યો હતો.

કણબી અથવા કુંકણાઓ આશરે આ જ અરસામાં સ્થળાંતર કરીને આવેલા જણાય છે. તેઓની પ્રણાલિકા મુજબ તેઓ દક્ષિણ-પશ્ચિમના દરિયાકિનારાના પ્રદેશ–કોંકણમાંથી આવ્યા હતા. આ બાબત 'કુંકણા' એવા નામ પરથી જ નહિ પણ તેમની ભાષા પરથી પણ સમજાય છે. આ ભાષા મરાઠીની એક બોલી છે જેમાં ઉત્તરની કોંકણીના કેટલાક અંશો જોવા મળે છે.[૧૮] એક મૌખિક પરંપરા મુજબ આ જાતિએ ૧૩૯૬થી ૧૪૦૮ના સમયગાળા દરમ્યાન કોંકણને પાયમાલ કરનારા ભયંકર દુકાળ સમયે ઉત્તર તરફ સ્થળાંતર કર્યું હતું.[૧૯] તારીખો એવું સૂચવે છે કે શરૂઆતથી જ આ લોકો ભીલ રાજાઓની પ્રજા હતા.

જેને 'રબ' ખેતી કહેવામાં આવે છે એવી ખેતી આ કણબીઓ તળેટીમાંની ખીણના ખુલ્લા વિસ્તારમાં કરતા. જંગલના કચરાનો ઢગ જમીનના એક ટુકડા પર કરવામાં આવતો અને તેને સળગાવવામાં આવતો. સામાન્ય રીતે નાગલી અથવા ચોખાનું બિયારણ નાખવામાં આવતું. એક વાર ચોમાસાનો વરસાદ પડે



કે તરત આ ટુકડાની આસપાસના વિસ્તારને ખેડવામાં આવતો કે ખપરડીથી ગોડવામાં આવતો. બળદોથી ચાલતાં હળો વાપરવાનું કણબીઓમાં સામાન્ય હતું.[૨૦] અંકુરિત થયેલા બિયારણની તે પછી તૈયાર થયેલી આ જમીનમાં રોપણી કરવામાં આવતી. સમયે સમયે નિંદામણ કાઢવામાં આવતું અને ચોમાસું પૂરું થયા બાદ તરત પાકની કાપણી કરવામાં આવતી. જંગલના બળેલા કચરાની રાખ ખાસ કરીને બિયારણનો વિકાસ કરવા માટેનું સારું સાધન હતી અને તેનાથી પાક સારો ઊતરતો.[૨૧] આવો કચરો ડાંગમાં પુષ્કળ પ્રમાણમાં મળી રહેતો તેથી આવી ખેતી આ પ્રદેશમાં અનુકૂળ થતી. સામાન્ય શિરસ્તો એવો હતો કે આવા વિસ્તારમાં બે કે ત્રણ વર્ષ સુધી ખેતી કરવામાં આવતી તે પછી ખેતી માટે નવો વિસ્તાર શોધવામાં આવતો.[૨૨]

ભીલો અને વારલીઓ પણ 'કુમરી' અથવા 'ડાહ્લી' પ્રકારની ખેતી કરતા. આ પ્રકારની ખેતીમાં ખેડની કે ગોડની જરૂર રહેતી નહિ. જંગલનો એક હિસ્સો પસંદ કરવામાં આવતો–મોટે ભાગે મેદાનનો ઉપરી હિસ્સો અથવા ખીણની ઉપરની બાજુ. પછી જંગલનાં ઝાડ-ઝાંખરાં સાફ કરવામાં આવતાં. એક વાર એ સુકાઈ જાય તે પછી બાળી નાખવામાં આવતાં. એની રાખમાં પછી મોટે ભાગે નાગલી વાવવામાં આવતી. એક વાર વરસાદ પડી જાય એટલે નાગલીના દાણા ઊગી નીકળતા. કાપણી ચોમાસું પૂરું થયા બાદ શક્ય બનતી. પાક ખૂબ ઓછો ઊતરતો કારણ કે આ મેદાનની અને ઢોળાવની જમીનની ગુણવત્તા નબળી હતી. દરેક વર્ષે જંગલનો નવો હિસ્સો પસંદ કરવાનું વલણ સામાન્ય હતું.[૨૩]

ભીલો અને કણબીઓ તેમની ખેતી માટે જુદી જુદી પદ્ધતિઓ અને જમીનના જુદા જુદા હિસ્સાઓનો ઉપયોગ કરતા હતા તેથી આ બંને પદ્ધતિઓ એકબીજાની પૂરક હતી. બંને પદ્ધતિઓમાં પરિભ્રમણ કરવા માટે જંગલના ઘણા મોટા હિસ્સાની અને જગ્યાની જરૂર પડતી. ગામડાંઓ નાનાં હતાં, થોડાં હતાં અને તેમની વચ્ચે અંતર પણ ઘણું હતું. એક અધિકારીએ ૧૮૭૭માં લખ્યું હતું તે મુજબ, 'ડાંગને જંગલ અને ઝાડોનો દરિયો કહી શકાય, જેમાં ખેતી માટેના નાના અને અલગ હિસ્સાઓ છૂટાછવાયા જોવા મળે.'[૨૪] ગામડું બે કે ત્રણ કુટુંબોનું જ બનેલું હતું. આ કુટુંબો બે ત્રણ વર્ષ માટે જ આ સ્થળે રહેતાં. ખાપડબારા નામના ગામનો ૧૮૩૦થી ૧૮૭૭ સુધીનો એક રેકર્ડ મળે છે જે ગામડું કેવી રીતે વસતું અને કેવી રીતે ખાલી થતું તેનો કંઈક ખ્યાલ આપે છે. ૧૮૩૦માં જના પટેલ નામનો કણબી એ ગામમાં ખેતી કરતો હતો. ૧૮૩૦માં બ્રિટિશોએ ડાંગ જીતી લીધું ત્યારે તે એ ગામ છોડી ગયો. ઘણાં વર્ષો સુધી આ ગામ વસવાટ વગરનું રહ્યું. સંજોગવશાત જનો તેના દીકરા એરૂ સાથે પાછો આવ્યો. એરૂની ઉંમર આ સમયે ૩૫ વર્ષની હતી. આ લોકોને એમના ગામની મુલાકાતે આવતા અધિકારીઓ અને ડાંગની બહારના માણસો માટે વેઠ કરવાની ફરજ પાડવામાં આવતાં તેઓએ તરત એ ગામ છોડી દીધું અને બીજે ચાલ્યા ગયા. ૧૮૬૭માં જનો, એરૂ અને બીજા ત્રણ કણબીઓ એ ગામમાં વસવાટ કરવા માટે પાછા આવ્યા. ૧૮૬૮માં કોલેરા ફાટી નીકળ્યો અને જનો તથા અન્ય કેટલાક તેમાં ગુજરી ગયા. એરૂ સહિતના બાકીના ગામ છોડી ગયા. ૧૮૭૭માં પણ આ ગામ વસવાટ વગરનું હતું.[૨૫]

કણબીઓ શિકાર કરવાની અને વન્ય પેદાશો ભેગી કરવાની મુખ્ય પ્રવૃત્તિઓ પર આધાર રાખ્યા વગર દર વર્ષે પોતાનું ગુજરાન ચલાવી શકતા. આશ્ચર્ય એ વાતનું હતું કે સરદારોને તેમનો વેરો ભર્યા બાદ તેમ જ ભીલોની પણ કેટલીક માગણીઓ સંતોષ્યા બાદ તેઓ આ રીતે પોતાનું ગુજરાન ચલાવી શકતા. બીજી બાજુ ભીલો અને વારલીઓની 'કુમરી' ખેતપદ્ધતિ દ્વારા પાકતું અનાજ કાપણી પછીના માંડ બે કે ત્રણ મહિના ચાલતું. વર્ષના બાકીના દિવસોમાં ગુજરાન માટે તેઓએ અન્ય સ્રોતો પર ઘણો બધો આધાર રાખવો પડતો. તેઓ વનમાં થતાં ફળો, મહુડાનાં ફૂલો, જંગલી ઘાસમાંથી નીકળતા દાણા તથા જુદા

જુદા કંદમૂળોનો ખાવામાં ઉપયોગ કરતા. ભીલો પાકા શિકારીઓ હતા. તીર-કામઠું તેમનું મુખ્ય શસ્ત્ર હતું; જોકે કેટલાક બંદૂક પણ વાપરતા. તેઓની રીત એવી હતી કે મોટા ઊગેલા ઘાસને તેઓ સળગાવતા જેથી પ્રાણીઓ બહાર આવી જાય અને તેઓ તેમનો શિકાર કરી શકે. સસલાંઓને તેમના દરોમાં ધુમાડો કરી બહાર કાઢવામાં આવતાં અથવા જાળમાં સપડાવાતાં. તેઓ માછલીઓ અને કેટલાંક પક્ષીઓ પણ પકડતા અને ખાતા.[26]

ડાંગ આર્થિક જીવન બાબતે બહારની દુનિયા સાથે સંકળાયેલું હતું. બહારના વેપારીઓને વન્ય પેદાશોની માગ રહેતી અને આ વિસ્તારના લોકો આવી પેદાશો આ વેપારીઓને પૂરી પાડીને રોકડમાં કે વસ્તુ રૂપે વળતર મેળવતા. તેઓ લાકડું કાપીને વેચતા નહિ કારણ કે તેઓ ઝાડનાં મોટાં થડોને ઉપરના ખાનદેશના ઘાટવાળા પ્રદેશમાં કે નીચે દક્ષિણ ગુજરાતના સમૃદ્ધ બજારોમાં વહન કરી લઈ જઈ શકે તેમ નહોતા અને તેવું કરવાની તેમની તૈયારી પણ નહોતી. લાકડું જંગલોમાંથી લઈ જવા બળદોની જોડીઓની અને મજબૂત બળદગાડાંઓની જરૂર પડતી. કેટલીક વાર આ કામ માટે ગાડાને ચાર બળદ જોડવા પડતા. બ્રિટિશોના આવ્યા પહેલાં ડાંગની આજુબાજુનાં નાનાં નગરોમાં રહેતા વેપારીઓ દ્વારા આ વેપારનું સંચાલન થતું.[27] આ વેપારીની સામાન્ય પદ્ધતિ એવી હતી કે જે વિસ્તારમાંથી એ લાકડું મેળવવા ઇચ્છતા ત્યાંના સરદારનો તે સંપર્ક કરતો. એક વાર પરવાનગી મળી ગયા બાદ મેદાનોમાંના ખેડૂતોને બળદોની જોડી અને બળદગાડા સાથે ભાડે કામ કરવા માટે નક્કી કરવામાં આવતા. આ ખેડૂતોને ફેબ્રુઆરીથી મે સુધી ખેતીનું કામ રહેતું નહિ અને આ જ સમયગાળા દરમ્યાન તેઓ ડાંગમાં જતા. તેઓ લાકડું કાપતા અને સ્થાનિક સરદારને લાકડું બહાર લઈ જવા માટે દરેક ભરાયેલ ગાડા દીઠ રકમ ચૂકવવામાં આવતી. ૧૮૨૬ માં ગઢવીનો તથા સિલપટનો સરદાર પોતાના વિસ્તારમાંથી લાકડું બહાર લઈ જવાના પ્રત્યેક ગાડા દીઠ બે રૂપિયા ચાર આના લેતો. બીજા બે સરદાર બે રૂપિયા બે આના લેતા.[28] ચુકવણી રોકડમાં તેમ જ વસ્તુઓ રૂપે કરવામાં આવતી. (વસ્તુઓમાં દાણા, કાપડ તથા ડાંગમાં ન મળતી બીજી વસ્તુઓનો સમાવેશ થતો.) લાકડા ઉપરનો આ વેરો આ સરદારોને માટે આવકનો મુખ્ય સ્રોત હતો. ગૌણ સ્વરૂપે થતી ખેતી (subordinate Peasantry) ઉપરના વેરા કરતાં કે પછી આજુબાજુના મેદાની પ્રદેશોમાં રહેતા લોકો પાસે ઉઘરાવાતા રક્ષણ માટેનાં નાણાં કરતાં વેરાની આ રકમ મોટી રહેતી. આ વિશે આપણે આગળ જોઈશું. દાખલા તરીકે ૧૮૨૫ માં સિલપતના સરદારની અંદાજિત વાર્ષિક આવક રૂ. ૫૦૦૦ હતી.[30] આ પૈકી રક્ષણ માટેનાં નાણાં તરીકે રૂ. ૧૦૦૦ મળ્યાં હતાં.[31] જ્યારે જમીન પરના વેરા તરીકે[32] એનાથી પણ ઓછી રકમ મળી હતી.

ડાંગીઓ તેમની અન્ય જંગલ-પેદાશો ડાંગની સરહદ પર રહેતા વેપારીઓને અથવા તો વણઝારાઓને વેચતા. આ વણઝારાઓ તેમનું પશુધન ચરાવવા ઉનાળાના દિવસોમાં જંગલોમાં આવતા. ૧૮૪૩માં મહુડાંનાં ફૂલોમાંથી થયેલી આવક ડાંગના જંગલમાંના સાગના વેચાણમાંથી થયેલી આવક પછીના ક્રમે આવતી હતી.[33] ૧૮૫૬ ની ૧૦ એપ્રિલના રોજ ડાંગમાં ફરતા. એક અધિકારીએ નોંધ્યું છે કે મહુડાંનાં ફૂલો બરાબર ખીલ્યાં હતાં અને આખી વસ્તી વેચવા માટે એ ફૂલો ભેગાં કરવાના કામમાં રોકાયેલી હતી.[34] આમાંનાં કેટલાંક ફૂલો વણઝારાઓ મેદાનોમાં લઈ જતા અને બાકીનાં ડાંગની સરહદ પર આવેલા દારૂનો ધંધો કરનારાઓને પહોંચાડાતાં. આ દારૂવાળાઓ આ ફૂલોનો ઉપયોગ દેશી દારૂ બનાવવામાં કરતા જે મેદાનોના ગામડાંઓમાં અને કસબાઓમાં વેચાતો. ઘણા બધા ડાંગીઓ માટે મહુડાનાં ફૂલોનો વેપાર જીવન ગુજરાનું મુખ્ય સાધન હતું. તેમાંથી જે રકમ મળતી તેનો ઉપયોગ આ લોકો કપડાં તેમ જ અન્ય જરૂરિયાતો ખરીદવામાં કરતા.[35] વાંસમાંથી બનાવેલી કેટલીક વસ્તુઓ જેવી કે ટોપલા-ટોપલી,



સાદડી વગેરેનો પણ વેપાર ચાલતો. આવી વસ્તુઓ ડાંગીઓ બનાવતા અને પછી ડાંગની સરહદે વેચવા માટે લઈ જતા. વેપારીઓ આ વસ્તુઓની ખરીદી કરતા અને પછી તેનું વેચાણ મેદાનોનાં ગામોમાં કરતા. આ ઉપરાંત વનની જે અન્ય પેદાશોનું વેચાણ થતું તેમાં મુખ્યત્વે લાખ અને મધનો સમાવેશ થતો હતો.

ડાંગીઓ ઢોર-ઢાંખર પણ રાખતા. બળદોનો ઉપયોગ કણબીઓ મુખ્યત્વે હળ માટે કરતા અને ગાયોને વાછરડા માટે પાળવામાં આવતી. આ ઢોર નાના કદનાં હતાં. ગાયો એટલું દૂધ આપતી નહોતી કે જેનો ઉપયોગ આ લોકો રોજિંદા ખોરાકમાં કરી શકે. ભેંસો અને બકરાં બહુ ઓછા પ્રમાણમાં પળાતાં. આ ઢોરને જંગલમાં ચરવા માટે છોડી દેવાતાં.[37] વધારામાં વણઝારાઓ તેમનું પશુધન લઈ ઉનાળામાં ડાંગમાં આવતા. આ પશુધનમાં લગભગ ૫૦૦ પશુઓનો સમાવેશ થતો. તેઓ ડાંગના સરદારોને આ પશુઓને ચરાવવા માટે ઠરાવેલી રકમ આપતા. આ રકમ ૧૦૦ પશુઓ દીઠ ઠરાવવામાં આવતી. આ વણઝારાઓ તેમની સાથે ઘણી વાર લંગોટીનું કાપડ, સસ્તાં ઘરેણાં, મણકાની માળાઓ, માટીના ઘડા અને મીઠું વગેરે લઈ આવતા. આનું વેચાણ તેઓ ડાંગીઓને રોકડેથી અથવા વસ્તુના બદલામાં કરતા.[38]

બહારની દુનિયા અને ડાંગીઓનો સંબંધ સુમેળવાળો ન હતો. કારણ કે આજુબાજુના પ્રદેશોમાં ભીલોને લૂંટારા તરીકે ઓળખવામાં આવતા અને લોકો તેમનાથી ડરતા. મહારાષ્ટ્રમાં આવેલો ઘાટની ઉપરનો વિસ્તાર ૧૮મી સદીમાં પૂનાના પેશ્વાઓના નિયંત્રણ હેઠળ હતો જ્યારે દક્ષિણ ગુજરાતમાં આવેલો મેદાની વિસ્તાર ગાયકવાડના નિયંત્રણ હેઠળ હતો. શરૂઆતમાં ડાંગની ઉત્તરે આવેલા સોનગઢમાંથી આ વિસ્તારનું નિયંત્રણ થતું, પછી વડોદરાથી. મરાઠાઓ આ વિસ્તારને 'બંડી મુલક' અથવા 'બળવાખોર ભૂમિ' તરીકે ઓળખતા. ૧૭૫૧માં દામાજી ગાયકવાડે તેમનાં ગામડાંઓ ઉપરના ડાંગીઓના હુમલા અટકાવવા તેઓને જમીનની બક્ષિસ આપવાનો પ્રયત્ન કર્યો હતો એવું નોંધાયું છે.[39] ૧૯મી સદીના શરૂઆતના દસકાઓમાં આવા હુમલાઓમાં ભીલ સરદાર ભાડૂતી માણસોને રોકતા હોવાનું પણ જોવા મળે છે. આ રોકવામાં આવતા માણસોને નાણાંની ચુકવણી લૂંટમાંથી જે કંઈ મળતું તેમાંથી અથવા રક્ષણ માટે મળતાં નાણાંમાંથી કરવામાં આવતી. આ લોકો ટૂંકા ગાળા માટે તેમની સેવા આપતા. તેમની સંખ્યામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળતો. સરદાર દ્વારા કેટલીક વાર ૫૦ માણસોને રોકવામાં આવતા તો કેટલીક વાર આ સંખ્યા ૬૦૦ની પણ થઈ જતી. ૧૮૨૫ માં ગઢવીના સીલપત પાસે તેની સેવામાં આવા ૧૬૫ માણસો હતા એવું નોંધાયું છે.[40] સીલપત જે એ વખતનો સૌથી આગેવાન ભીલ સરદાર જણાય છે તે આવા નિયમિત હુમલાઓ કરાવતો અને મેદાનનાં ગામોમાં રહેતા લોકો પાસે નિયમિત રકમ મેળવતો. ભીલો તેમ જ ભાડૂતી માણસો આ હુમલાઓમાં સામેલ થતા. એવું નોંધાયું છે કે ૧૮૨૮માં જ્યારે જરૂર ઊભી થતી ત્યારે સીલપત ૧૦૦૦થી ૧૫૦૦ ભીલોને ભેગા કરી શકતા.[41] કેટલાકને જામગરીવાળી બંદૂક જેવાં હથિયારો અપાતાં પણ મોટા ભાગનાઓ પાસે તીર-કામઠાં જ રહેતા.

રક્ષણ માટે ભીલોને જે રકમ ચુકવાતી તે 'હક' તરીકે ઓળખાતી. આવી રકમ જ્યાં સુધી નિયમિત ચુકવાતી ત્યાં સુધી જે તે પ્રદેશ પર ભીલો હુમલા કરતા નહિ. દાખલા તરીકે ૧૮૨૦માં તેઓએ ડાંગની ઉત્તરે આવેલા ગાયકવાડી પ્રદેશનાં ગામડાંઓ ઉપર હુમલા કરવા માંડ્યા. તેઓએ એવી રજૂઆત કરી કે ગાયકવાડના અધિકારીઓ તેઓને રિવાજ મુજબ ચૂકવવાની થતી રકમ ચૂકવવાનો ઇન્કાર કરતા હતા. સીલપતનો દાવો હતો કે ભીલ સરદારોને 'હક'ની રૂ. ૧૫૨૦ જેટલી રકમ ચુકવાવી જોઈએ જ્યારે ગાયકવાવાડ માત્ર રૂ. ૬૪૦ માન્ય રાખવા તૈયાર હતા.[42] આ વિવાદને કારણે

ગાયકવાડે ૧૮૨૫માં ભીલોને ભોંય ભેગા કરવા દસ હજાર સૈનિકોને ડાંગમાં મોકલ્યા. સીલપતે તેના ભીલો અને ભાડૂતી માણસો સાથે આ સૈનિકોનો સામનો કર્યો અને તેઓને નામોશીભરી હાર આપી અને તેમને ડાંગની બહાર હાંકી કાઢ્યા; ઘણાના જાન પણ ગયા.[૪૩]

ડાંગીઓએ જે મરાઠા સત્તા સાથે કામ પાડવું પડયું તેમાં ગાયકવાડ એકલા નહોતા. પૂર્વ તરફનો વિસ્તાર પેશ્વાઓના શાસન હેઠળ આવતો હતો. આ પેશ્વાનું પ્રતિનિધિત્વ સ્થાનિક અધિકારી કરતો જે બાગલાણના દેશમુખ તરીકે ઓળખાતો. ડાંગના સરદારોને ગાયકવાડ કરતાં આ અધિકારી સાથે ઘણા સારા સંબંધો હતા.[૪૪] તે આ સરદારોની જુદી જુદી સેવાઓ બજાવતો. બદલામાં આ સરદારોએ તેને ડાંગનાં પાંચ ગામોમાંથી વેરો ઉઘરાવવાનો વંશાનુગત અધિકાર આપ્યો હતો.[૪૫]

બીજા જે બહારના લોકો સાથે ડાંગીઓને સારા સંબંધો હતા તેમાં શાહુકારનો સમાવેશ થતો હતો. આ લોકો ડાંગની સરહદની નજીકના સોનગઢ, વાંસદા, નવાપુર, પીંપળનેર અને ખુલ્હેર જેવાં ગામોમાં રહેતા હતા. તેઓ ડાંગપ્રદેશમાં કદી રહેતા નહિ. વધારેમાં વધારે ઉધારી ડાંગના સરદારોની થતી. આ સરદારોને પ્રાપ્ત થતી 'હક'ની રકમ આ શાહુકારો માટે આકર્ષક સલામતી પૂરી પાડતી. સોનગઢના વાણિયાઓ સીલપત જે કંઈ વસ્તુઓ મંગાવતો તે તેને પહોંચાડતા કારણ તેઓ જાણતા હતા કે ગાયકવાડ સરકાર તરફથી ચુકવાતી 'હક'ની રકમમાંથી તેઓ આ વસ્તુઓનાં નાણાંની વસૂલાત કરી લેશે. બ્રિટિશોના શાસનકાળમાં આ 'હક'ની રકમ આપવાનું બંધ થયું ત્યારે સોનગઢના વાણિયાઓએ સીલપતના માગણી મુજબની વસ્તુઓ પૂરી પાડવાનો ઈન્કાર કર્યો. સરદાર અથવા તેના માણસો જ્યારે સંબંધિત ગામમાં આવતા ત્યારે શાહુકારો પૂરા બળથી તેમને ઘેરી વળતા અને તેઓ બીજી કોઈ રીતે પૈસા ખર્ચે તે પહેલાં પોતાનાં નાણાં વસૂલ કરી લેતા. જે ડાંગીઓને 'હક'ની રકમ મળતી નહોતી તેવા ડાંગીઓની ઉધારી નહિવત્ હતી કારણ કે શાહુકારોને માટે આ લોકોને પૈસા ધીરવામાં કોઈ સલામતી નહોતી. ૧૮૭૨ માં નવા પુરના શાહુકારોનો એક કિસ્સો મળે છે. આ શાહુકારો ફીરલીના ભીલ સરદારના એક ગામમાં આવ્યા હતા અને બે કણબીઓ પાસે પોતાનાં નાણાંની વસૂલાત પેટે બે બળદ અને એક બળદગાડું લઈ ગયા હતા. આ કિસ્સાની નોંધ સરકારી દફતરે એટલા માટે થઈ કે આ બેમાંનો એક કણબી પોતાનું આજીવિકાનું સાધન આ રીતે ઝુંટવાઈ જતા એટલો બધો હલી ઊઠ્યો હતો કે તેણે આત્મહત્યા કરી હતી.[૪૭]

હવે આપણે ડાંગમાં પ્રવર્તતા સત્તાના કોટિક્રમની વાત કરીએ. ભીલ સરદારો પૈકી અમુક એક સમયે તેઓમાંના એકે ચલાવેલી સત્તાના આધારે તેઓને ક્રમ અપાયા છે. લગભગ બધા જ ભીલો એક અથવા બીજી રીતે કોઈ એક સરદાર સાથે સંબંધ ધરાવતા હતા.[૪૮] જેઓના સરદારો સાથેના સંબંધ વધારે ગાઢ હતા તેઓ ભાઉબંધ તરીકે ઓળખાતા હતા. આમ છતાં બધા ભીલ પુરુષો પોતાને એક અથવા બીજા પ્રકારના રાજા માનતા હતા. અમેરિકન મીશનરી જે. એમ. પીટનગરે ૧૯૦૯માં લખ્યું હતું તે મુજબ, 'સામાન્યથી માંડીને મોટો દરેક ભીલ પોતાને 'રાજા' કહેવામાં આવે તેવી અપેક્ષા રાખે છે. અને તેમાંનો દરેક પોતે ભીલ અથવા રાજા છે એ હકીકતથી ગૌરવ અનુભવે છે. આપણે એ યાદ રાખીએ કે ડાંગના બધા લોકોમાં ભીલ અને રાજા એ બે શબ્દો એક બીજાના પર્યાય છે.'[૪૯]

ભીલોમાં કોટિક્રમ બળ અને મોભા પર આધારિત હતો, ભૌતિક સમૃદ્ધિ પર નહિ. બધી જ રીતે સરદારો તેમની પ્રજા કરતાં વિશેષ સારી હાલતમાં નહતા. જ્યારે એક ભીલ સરદારને અગ્નિદાહ દેવામાં આવતો ત્યારે ઝૂંપડામાંના રાચરચીલા સહિતની તેની બધી સંપત્તિને ચિતા પર ગોઠવી બાળી દેવામાં આવતી. બીજા ભીલો જેઓને મોટે ભાગે દાટવામાં આવતા તેઓની પણ બધી વસ્તુઓ તેમની સાથે દાટવામાં આવતી.[૫૦] સરદારની સુખ્યાં મિલકત ખૂબ જ ઓછી હતી. જોકે તેઓનાં રહેઠાણો અન્ય ડાંગીઓ કરતાં અલગ તરી આવતાં. એમનાં ઝૂંપડાં કંઈક આ રીતનાં બનતાં. લાકડાની બારસાખ, વાંસની દીવાલ, ઉપર છાણનું લીંપણ, પાંદડાંથી છાજેલું છાપરું. એવું કહેવાતું કે પાકાં મકાનોમાં રહેવાનો તેમને ડર લાગતો.[૫૧] આવું કદાચ એટલા માટે બનતું કે તેઓ માનતા કે જો સમૃદ્ધિનો દેખાવ કરવામાં આવે તો ડાકણની આંખ તેના પર પડે. વાસ્તવમાં જ્યારે પણ કુટુંબમાં કંઈક અનિષ્ટ બનતું – મૃત્યુ અથવા રોગચાળો – ત્યારે એવું મનાતું કે ઝૂંપડાને કોઈની નજર લાગી ગઈ છે અને હવે એમાં રહેવું ન જોઈએ. અને કુટુંબ એ ઝૂંપડું ખાલી કરી નાખતું અને બીજા સ્થળે નવું ઝૂંપડું બાંધતું.[૫૨] તેમની ખેતી 'ફરતા પ્રકાર'ની ખેતી હતી તથા આ પ્રકારની પ્રથા તેમની ખેતીની પદ્ધતિને અનુકૂળ હતી. આમ છતાં આમાંથી એવું ફલિત થાય છે કે ઘર જેવી માલ-મિલકત ધરાવવાની બાબતને તેઓ ઝાઝું મહત્ત્વ આપતા નહોતા.

ભીલ સરદારોને તેમના દેખાવ ઉપરથી અન્ય ભીલો કે ગામીતોથી અલગ તારવવાનું મુશ્કેલ હતું. ભીલો અને ગામીતોને સમાન રીતે પાતળા, એક અંશ પણ માંસ ન ધરાવતા અને કદમાં બટકા એ રીતે વર્ણવાતા. તેમનું આરોગ્ય 'નબળું આરોગ્ય' કહેવાતું. જે લોકોએ મેલેરિયાનો સામનો કરવો પડે છે તેવા ઘણા લોકોની જેમ આ લોકો પણ નિઃશંકપણે લોહીની વિકૃતિથી પીડાતા હતા. એવું નોંધાયું છે કે સામાન્ય રીતે તેમની બરોળ વિકૃતપણે ઘણી મોટી થઈ જતી.[૫૩] આ જ રીતે તેમના પોશાક પરથી પણ તેમને અલગ તારવવાનું મુશ્કેલ હતું. ૧૮૪૩માં એક બ્રિટિશ અધિકારીએ નોંધ્યું છે તે મુજબ, 'રાજા અને પ્રજા વચ્ચે એકાદ પ્રકારનો પણ તફાવત મેં જોયો નહિ. તેઓ બધા જ કંગાલ હતા અને તેમનાં શરીર પર પૂરતાં વસ્ત્રો નહોતાં.'[૫૪] એક ઉજવણી પ્રસંગે પીંપરીના ભીલ રાજાનો જે ફોટો પાડવામાં આવ્યો છે તેમાં તેનો જે પોશાક છે તે રાજા સહિત બધા ભીલોનો સમાન પોશાક કહી શકાય. આ પોશાકમાં લંગોટી, બંડી અને ફેંટાનો સમાવેશ થતો હતો. કોઈએ પગમાં બૂટ કે ચંપલ પહેરેલાં નહોતાં. રાજા સહિત કેટલાક ભીલોએ તેમના શરીર ફરતે કાપડનો એક ટુકડો વીંટાળેલો હતો. કેટલાકે ઘરેણાં પહેરેલાં હતાં. રાજાના શરીર પર જે એક માત્ર ઘરેણું જોવા મળતું હતું તે હાથ પરનું કડું હતું. કેટલાક ભીલોએ તો માત્ર લંગોટી અને ફેંટો જ પહેરેલાં હતા. જે તેમના રોજના પોશાકનું સામાન્ય સ્વરૂપ હતું.[૫૫]

ભૌતિક દષ્ટિએ બીજા ડાંગીઓ કરતાં સરદારો પાસે કંઈ જ ચઢિયાતું નહોતું તેમ છતાં તેઓ ઇચ્છતા કે તેમની સાથે આદરપૂર્વકનો વહેવાર કરવામાં આવે. તેઓ તેમની જોડે હંમેશ એક મદદનીશ રાખતા જેને કારભારી કહેવામાં આવતો. જે અજાણ્યાઓ સરદાર સાથે વાત કરવા ઇચ્છતા તેઓએ કારભારી મારફત વાત કરવી પડતી. જેઓ સરદારને મળવા ઇચ્છતા તેઓએ તેને માન આપવું પડતું તથા કંઈક ભેટ પણ આપવી પડતી; દા. ત. મરઘીનું બચ્ચું. બદલામાં સરદાર કપડાના એક ટુકડાની ભેટ આપતો. તે જ્યારે બહાર નીકળતો ત્યારે દસેક ભીલોનું એક જૂથ તેની સાથે રહેતું. સરદાર ગામમાં રોકાયો છે તેની જાણ કરવા આ લોકો ઢોલ વગાડતા, ગામવાસીઓ તેનું સ્વાગત કરવા આગળ આવે અને તેને દારૂની બાટલી જેવી ભેટ ધરે તેવી અપેક્ષા રાખવામાં આવતી.[૫૬]

૧૮૨૮માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં સેવા બજાવતા એક હવાલદારે ગઢવીના સીલપત સાથે વાટાઘાટ કરવા ડાંગની મુલાકાત લીધી હતી. આ મુલાકાતનું પછીથી ખાનદેશના કલેક્ટરે વર્ણન કર્યું છે. આ વર્ણનમાંથી ડાંગી સરદારના ગૌરવ, અભિમાન અને સત્તાનો ખ્યાલ આવે છે.

'રાજાએ જંગલમાં તેનું સ્વાગત કર્યું'. રાજા સાથે ૧૫૦ જેટલા માણસો હતા અને તેઓ તેનાથી અંતર

જાજમ ગોળાકારે બેઠા. મુલાકાત પૂરી થયા બાદ રાજાએ ખેદ વ્યક્ત કર્યો કે તેનાથી કોઈ યોગ્ય ભેટ સરકારને આપી શકાઈ નહિ કારણ કે આગ લાગવાથી તેનાં કપડાં, ડેરા વગેરે સળગી ગયાં હતાં. પરંતુ તીરથી ભરેલા પીઠ ઉપરના ભાથામાંથી એક તીર કાઢીને આપતાં રાજાએ કહ્યું. 'આ લઈ જાવ અને મારા કહેલ ગામના લોકોને એ આપી નવ રૂપિયા માગજો.' હવાલદારના સાથીને બીજું એક તીર આપીને તેનાં ગામો પૈકીના બીજા એક ગામમાંથી પાંચ રૂપિયા ઉઘરાવવા તેણે કહ્યું. તેઓએ પછીથી રાજાના કહેવા મુજબ તીર જે તે ગામમાં આપ્યા. જેનાં નાણાં તરત મળ્યાં. ગામવાસીઓએ કહ્યું કે (પૈસા આપવાની) ના પાડવાનું પણ તેઓ જાણતા હતા. પણ આ તીર જમાબંધીના સૂચક હતા. વળી આ રીતે અપાયેલી રકમ તેમની શાખમાં વધારો કરતી હતી.'[૫૭]

ગાવીતો તેમના ભીલ રાજાઓને જમીન પરનો જે વેરો આપતા હતા તે ખેતીના પ્રકાર પર આધારિત હતો. જેમ કે હળ કે હાથથી થતી ખેતી. કોઈ પણ ભીલે આવો વેરો આપવાનો નહોતો. ૧૯મી સદીના લગભગ આખા સમયગાળા દરમ્યાન વેરાનો દર હાથથી થતી ખેતી માટે અઢી રૂપિયા અને હળથી થતી ખેતી માટે પાંચ રૂપિયા હતો.[૫૮] મોટે ભાગે આ વેરો અનાજના રૂપે ચૂકવાતો. અમુક ગામોમાંથી આ વેરો ઉઘરાવવાનો અધિકાર જુદા જુદા 'ભાઉબંધો'ને અપાતો. આ એક એવી પ્રથા હતી જેમાં સામાન્ય ભીલો દ્વારા ગાવીતોનું ખાસ્સું શોષણ થતું હતું.'[૫૯]

ભીલો અને ગાવીતો વચ્ચેનો સંબંધ ભારતના ઘણાખરા મેદાની પ્રદેશોમાંના રાજાપ્રજાના સંબંધ કરતાં જુદા પ્રકારનો હતો. બીજા પ્રકારના રાજાપ્રજાના સંબંધમાં રાજાઓ પોતાની પ્રજાનું જબરદસ્તીની ધમકીથી કેવળ શોષણ જ નહોતા કરતા પણ એવી મૂલ્યપ્રથાથી શોષણ કરતા કે જેમાં સત્તા ધરાવનાર વર્ગનો તેઓ જેમના પર સત્તા ધરાવતા હતા. તેમના જીવનનાં બધાં અંગો પર પ્રભાવ પડતો રહે.[૬૦] રાજ ચલાવનાર વર્ગના સભ્યો દેખીતી રીતે વર્તન, પોશાક, શારીરિક વ્યક્તિત્વ અને તેમનાં રહેઠાણોની દષ્ટિથી પણ ચઢિયાતા હતા. પહેલી નજરે ભીલોને તેમની પ્રજા કરતા જુદા તારવી શકાય તેમ નહોતું. ભૌતિક સમૃદ્ધિની દષ્ટિથી ભીલો ગાવીતો કરતાં ચઢિયાતી સ્થિતિમાં નહોતા. વાસ્તવમાં ભીલો કરતાં ગાવીતો પાસે અનાજનો વધારે જથ્થો રહેતો. જરૂરિયાત વખતે પોતાનું અસ્તિત્વ ટકાવવા ભીલોએ આ અનાજ પર આધાર રાખવો પડતો. કેટલીક વાર આ અનાજના બદલામાં તેઓએ ગાવીતોના ખેતરમાં કામ પણ કરવું પડતું.[૬૧] મેદાન પ્રદેશમાંના રાજાઓને માટે જેને પોતાની પ્રજા કહેવાતી હોય તેને માટે આ રીતે કામ કરવું એ કલ્પના બહારનું કહેવાય.

ગાવીતો, ખાસ કરીને કણબીઓ ભીલની સંસ્કૃતિને તેમના કરતાં ચઢિયાતી માનતા નહોતા. કણબીઓએ જ્યારે ડાંગમાં સ્થળાંતર કર્યું ત્યારે તેઓ પોતાની સાથે બ્રાહ્મણવાદી નાત-જાત આધારિત ધર્મ લઈ આવ્યા હતા. ભીલો સાથે રહેવાનું હતું તેથી તેઓ સ્થાનિક દેવો જેવા કે ગાવદેવ અથવા સીમરીલા દેવ અને વાઘદેવની પૂજા કરતા પણ સાથે સાથે બ્રાહ્મણવાદી દેવો જેવા કે શિવ, કૃષ્ણ (ખંડોબાના સ્વરૂપમાં) અને ભૈરવી તથા ભવાની જેવી દેવીઓની પણ પૂજા કરતા. આમ છતાં બ્રાહ્મણ ધર્મગુરુ સાથે તેઓએ બધા પ્રકારના સંપર્ક ગુમાવ્યા હતા. ભીલો કરતાં જુદી રીતે, તેઓ ગાયને ઘણું માન આપતા અને ગાયના નામે સોગંદ લેતા. જો કોઈ કારણથી અકસ્માતે કણબી દ્વારા ગાયનું મોત થતું તો તેણે શુદ્ધિકરણની વિધિ કરવી પડતી.[૬૨] ધાર્મિક પવિત્રતાની દષ્ટિએ કણબીઓ અને વારલીઓ ભીલોને તેમના કરતાં ઊતરતા પ્રકારના ગણતા. તેઓ ભીલોને તેમના ઘરમાં પ્રવેશવા દેતા નહિ અથવા તેમના પાણીના માટલાને અડકવા દેતા નહિ. તેઓ ભીલો સાથે–પછી ભલે તે સરદાર હોય–ખાતા નહિ કે દારૂ પીતા નહિ. જોકે પોતાના તરફથી માન બતાવવા તેઓ ભીલ સરદારના પગનો સ્પર્શ કરતા ખરા. જો કોઈ કણબી



કે વારલીને ભીલ સાથે જાતીય સંબંધ બંધાતો તો તેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવતો. જ્યારે ભીલો આવા માણસને કોઈ પણ પ્રકારની શુદ્ધિકરણની વિધિ વગર પોતાના સમાજમાં અપનાવી લેતા. કોઈ પણ જાતના દંડ વગર કણબીઓ અને વારલીઓ અંદર અંદર લગ્ન કરતા. ભીલો બકરાનું તથા વાંદરાનું માંસ ખાતા તેમ જ ઉંદરનું અને અન્ય એવાં ઘૃણાસ્પદ પ્રાણીઓનું પણ માંસ ખાતા તેથી કણબીઓ કોઈ પણ સ્થળે તેમની નજીકમાં રહેવાનો ઇન્કાર કરતા. આને પરિણામે એક જ ગામના ભીલો અને કણબીઓ તદ્દન જુદી જ વસ્તીમાં રહેતા જેને 'પડો' કહેવામાં આવતા.[૬૩]

મેદાન વિસ્તારના રાજાઓની જેમ ભીલો સંપ્રદાયોને આશ્રય આપી શૂદ્રથી ક્ષત્રિય અને બ્રાહ્મણથી ભગવાન એવા પ્રકારનો કોટીક્રમ ચલાવતા નહોતા. ડી. પી. ખાનપુરકર જણાવે છે તે મુજબ, 'તેઓ (ભીલો) ધર્મ કે દેવો વિશે કયારેય ઉત્સાહી જણાયા નથી. તહેવારના પ્રસંગોએ બીજા ગામવાસીઓ જોડે તેઓ ગામડાના દેવોની પૂજા કરે છે. પણ તેઓનાં પોતાનાં ઘરોમાં તેઓ કોઈ દેવ રાખતા નથી.'[૬૪] આ પ્રકારની દેવની સત્તા અહીં કંઈક જુદી રીતે પ્રવર્તતી. ડાંગમાં એવું મનાતું કે ભીલો પાસે ભૂત-પ્રેતનું નિયંત્રણ કરવાની શક્તિ છે અને તેઓ એવી વિદ્યામાં નિષ્ણાત છે. આને કારણે ગાવીતો તેમનાથી ડરતા પણ અને માન પણ આપતા.

બ્રિટિશોની ડાંગ પર સત્તા સ્થપાઈ ત્યારે ડાંગમાં સત્તાના સંબંધો સંકુલ હતા. ભીલોમાં સરદારો, ભાઉબંધો અને સામાન્ય ભીલો એ પ્રકારના ક્રમો હતા. સમગ્રપણે ભીલો ગાવીતો પર શેઠાઈ કરતા. તેમની પાસેથી તેમનું વધારાનું ઝૂંટવી લેતા. જોકે બહારની દુનિયા પાસે રક્ષણ માટેનાં નાણાં ઉઘરાવવાનું ભીલોએ ઠરાવ્યું હતું પણ આમાંના મોટા ભાગનાં નાણાં તો નજીકનાં નગરોમાંના શાહુકારો દ્વારા જ લૂંટાતા. વેપારીઓ ડાંગીઓ પાસે વન્ય પેદાશો પણ ખરીદતા પરંતુ તેઓ એ માટે જે ભાવ આપતા તેમાં આ પેદાશો ભેગી કરવામાં જે મહેનત પડતી તેનું પ્રતિબિંબ પડતું ન હિ. આ વિસ્તારમાં વસતા મોટા ભાગના લોકો અત્યંત ગરીબ અને અપોષણનો ભોગ બનેલા હતા.

એવી દલીલ કરવાનું પણ બરાબર નથી કે ડાંગીઓ તેમના પર્યાવરણનું 'સ્વાભાવિક રક્ષણ કરનારા' હતા. પ્રાસ્તાવિક ભાગમાં મેં કહ્યું છે તેમ ડાંગીઓમાં આવા વલણનું આરોપણ કરવું એ કાલવ્યુત્ક્રમ કરવા જેવું છે. ડાંગના લોકો માટે જંગલો કાયમી હતાં–તેમને એવું ભાન નહોતું કે માણસ આવાં ભવ્ય વનોનો વિનાશ પણ કરી શકે. તેમની જીવનપદ્ધતિને ટકાવવા તેઓ જંગલનો ઉપયોગ કરતા અને ભીલ સરદારો તો બહારના માણસોને જંગલમાં આવવા દઈ, આ વનોનો ઉપયોગ કરવા દઈ લાભ પણ મેળવતા. આમ છતાં એ સ્પષ્ટ છે કે તેઓને આ વૃક્ષો અને ટેકરીઓની ભારે આસક્તિ હતી. અહીં તેમનું ઘર હતું–આશરાનું સ્થળ હતું. વળી વનોને જે કંઈ થોડું નુકસાન તેઓ કરતા હતા તે એટલા ઓછા પ્રમાણમાં હતું કે એનાથી સમગ્રપણે પર્યાવરણને ખાસ કંઈ અસર પહોંચતી નહિ. બ્રિટિશોના આવવા સાથે ઘણો મોટો ફેર પડયો; હવે વનો અને એમાં વસનારાઓ ઉત્પાદનની એક વિશાળ પદ્ધતિના માત્ર સાધન બની ગયા. આ જે કંઈ બન્યું તે વિશે હવે પછી આપણે જોઈશું.

(૩)

બ્રિટિશરોએ પેશ્વાઓ ઉપર જીત મેળવી અને ડાંગની પૂર્વના ભાગ ઉપર ૧૮૧૮માં કબજો જમાવ્યો. ખાનદેશને જિલ્લો બનાવાયો અને ત્યાંના કલેક્ટરને ડાંગની જવાબદારી સોંપવામાં આવી. ડાંગમાં પહેલી ક્રિયાશીલ દખલગીરી ૧૮૨૨માં થઈ જ્યારે બ્રિટિશ શાસન હેઠળનાં ગામડાંઓ ઉપર ભીલ સરદારોએ હુમલો કર્યો. કેટલાક સૈનિકોની એક ટુકડી મોકલવામાં આવી. કોઈ લડાઈ ન થઈ પરંતુ સરદારોએ બચાવની સ્થિતિમાં મુકાવું પડયું. તેમણે

ઉઠાવ્યા હતા તે પાછા મેળવવામાં આવ્યા. ડાંગની સરહદના વ્યૂહાત્મક બિંદુએ આ ટુકડીઓને રોકવામાં આવી.[65]

ડાંગની ઉત્તરના પ્રદેશ ઉપર વડોદરાના ગાયકવાડનું શાસન ચાલુ થયું હતું-ગાયકવાડની મહત્વાકાંક્ષા ડાંગને પોતાના તાબામાં લઇ લેવાની હતી અને આથી એ વિસ્તાર જીતવાનો એમણે ૧૮૨૫માં પ્રયત્ન કર્યો હતો. તેમની ટુકડીઓને સીલપતના ભીલો અને તેના બાહુતી માણસોએ હાંકી કાઢી તે પછી ગાયકવાડની મહત્વાકાંક્ષાને ધૂળમાં મેળવવા બ્રિટિશોએ સીલપત સાથે વાટાઘાટો કરવાનું શરૂ કર્યું. અગાઉ ગાયકવાડ દ્વારા જે હક સીલપતને ભરપાઇ થતો તે ભરપાઇ કરવાનું બ્રિટિશોએ સ્વીકાર્યું. આવી પ્રથમ ચૂકવણી ૧૮૨૯માં કરવામાં આવી.[66] આમ છતાં એ વર્ષમાં કેટલાક ડાંગી ભીલોએ ખાનદેશનાં ગામડાંઓમાં લૂંટફાટની પ્રવૃત્તિ કરી. આને માટે બ્રિટિશોએ સીલપતને જવાબદાર માન્યો. અને ૧૮૩૦માં જેમ્સ આઉટ્રામની આગેવાની હેઠળ સૈનિકોની એક ટુકડી ડાંગ મોકલી. આઉટ્રામે ગઢવી—સીલપતનું રહેઠાણ—આગળ પડાવ નાખ્યો. અહીંથી આસપાસનાં જંગલો ખૂંદી વળવા અને ભીલોને ખોળી કાઢવા સૈનિકો મોકલાતા. ડાંગીઓને તરત સમજણ પડી ગઇ કે ખૂબ જ શિસ્તબદ્ધ સૈન્ય સામે ટકવાનું તેમનું ગજું નથી અને ધીમે ધીમે એક પછી એક સરદારોએ શરણાગતિ સ્વીકારી લીધી. પોતાનું જીવન સલામત રહેવું જોઇએ એ શરતે સીલપત પણ મે મહિનાના આખરી દિવસોમાં શરણે આવ્યો. આ લડાઇમાં ભાગ્યે જ એકાદ ગોળીબાર કરવાની જરૂરી પડી અને બ્રિટિશ સૈન્યમાં પણ કેવળ એક સૈનિકની જ જાનહાનિ થઇ. આમ છતાં ખાનદેશનાં તેમનાં રહેઠાણોમાં પાછા ફર્યા બાદ આ સૈનિકો મેલેરિયાને લીધે બીમાર પડી ગયા અને લગભગ અડધા જેટલા ઓફિસર મૃત્યુ પામ્યા.[67]

આ બનાવ પછી બ્રિટિશ શાસન હેઠળના સ્વતંત્ર રાજ્ય તરીકે ભીલોને ઓળખાવવા અને તેમનો હક તેમને નિયમિત મળતો રહે તેવું ગોઠવાયું. સીધી રીતે ડાંગ ઉપર રાજ ચલાવવાનો કોઇ પ્રયત્ન કરવામાં આવ્યો નહિ. સામાન્ય રીતે આરોગ્યપ્રદ સૂકી હવાવાળા માર્ચથી મે ના જે મહિનાઓ કહેવાય તેવા સમયે ૧૮૩૦માં મેલેરિયાને કારણે ત્યાં જે મરણો થયાં તેને કારણે આ વિસ્તાર કેટલો જોખમી છે તેનો બ્રિટિશરોને ખ્યાલ આવ્યો એટલે સીધા શાસનને બદલે અનૌપચારિક નિયંત્રણ (informal control) ની પદ્ધતિ ઉપર તેઓએ આધાર રાખ્યો અને 'ભીલ એજન્ટ' તરીકે ઓળખાતા અધિકારીનો એ માટે ઉપયોગ કર્યો. આ પ્રકારની એક શાસન પદ્ધતિની શરૂઆત પશ્ચિમ ભારતમાં જેમ્સ આઉટ્રામે કરી હતી, કે જેણે ૧૮૨૫માં ભીલોના એક દળની રચના કરી હતી અને તેના પ્રથમ સેનાપતિ તરીકે ૧૮૩૫ સુધી સેવા બજાવી હતી. આઉટ્રામે આ ભીલોની વફાદારી પ્રાપ્ત કરી હતી. અલબત્ત; આ ભીલો ડાંગના નહિ પણ ખાનદેશના હતા. આઉટ્રામ પોતે ભીલોનાં ગામડાંઓમાં ગયો, તેઓને ખાનપાનની સગવડ પૂરી પાડી. તેઓના શિકારોમાં હિસ્સો લીધો. ઠીક ઠીક એવું વ્યક્તિગત જોખમ ખેડીને આ બધું પગપાળા ફરીને જ તેણે કર્યું.[68] આ પ્રકારના શાસનના કેન્દ્રમાં દારૂનો ઉપયોગ હતો. ભીલો મહુડાનાં ફૂલોમાંથી બનાવાતા દેશી દારૂના ભારે ચાહક હતા. દારૂને તેઓ 'દેવોના આહાર' તરીકે ઓળખતા જે તેમની ધાર્મિક અને સામાજિક પ્રસંગોની ઉજવણીઓનો એક જરૂરી હિસ્સો હતો. સાથે પીવું એ પારસ્પરિક એકતાના પ્રતીક સમાન હતું.[69] ભીલ એજન્ટ સાથે પીવામાં સહભાગી થવાના કામને ભીલો દ્વારા મિત્રતાનું કામ મનાતું.[70] ખાનદેશના એ પછીના ભીલ એજન્ટ ડગ્લાસ ગ્રેહામ, ઓલિવર ગ્રોબીન અને ડિગ્બી ડેવિસે આ જ પદ્ધતિ ચાલુ રાખી હતી. ભીલી બોલી ઝડપથી બોલતાં શીખી શકાય તે માટે તેઓ કેટલીક વાર એક દસકા કરતાં પણ વધારે સમય આ વિસ્તારમાં વિતાવતા. ઘોડા પર બેસીને કે પગે ચાલીને બધે ફરતા અને અનઅધિકૃત ન્યાયાધીશ (unofficial Judiciary) તરીકેની ફરજ પણ બજાવતા. ભીલ એજન્ટનું



મુખ્ય કામ ભીલોને શાંત રાખવાનું; તેઓ તોફાન ન કરે તે જોવાનું હતું. આમાં મોટે ભાગે ભીલો કાયદાના શાસનનું ઉલ્લંઘન ન કરે તે ખાસ જોવાનું હતું. કોઇ પણ પ્રકારના ગુનાહિત કૃત્યને ચલાવી લેવા ન ઇચ્છતા હોવા છતાં ભીલ એજન્ટો ભીલો અંગેના ચુકાદાઓમાં દયાળુ વલણ અપનાવતા કારણ કે તેઓને તેમના તાબા હેઠળના માણસોમાં ઉતાવળિયાપણું અને બાળક જેવું આચરણ જોવા મળતું. ખાનદેશના એક અધિકારીએ લખ્યું છે તેમ, 'આ પ્રકારના બાળક જેવા માણસો પર કડક થવાનું અઘરું છે. એક વિશિષ્ટ અધિકારીએ એક પ્રસંગે મારી આગળ કબૂલ કર્યું કે એક જુવાન ભીલને લૂંટફાટ અંગેના કામ બાબત તેણે દંડ તો કર્યો પણ તેની લાગણીથી તે એટલો બધો દ્રવી ગયો કે તેણે રેકર્ડ ફાડી નાખ્યો. પોલીસને વિખેરી દીધી અને તેને જવા દીધો.'[72] માન્યતા એવી હતી કે જો કાયદાનો અમલ કડકાઇથી કરવામાં આવે તો ભીલોને અન્યાયી રીતે સજા થાય. તેઓને ગુસ્સો ચડે અને શાંતિમાં દખલ પહોંચે.

આ પ્રકારની શાસનપદ્ધતિને કારણે બ્રિટિશ રાજના કડક કાયદાપાલનમાં અને મહેસૂલી નીતિ સામે ભીલોને લાભ થયો. આમ છતાં લાંબા ગાળાની અસર વિનાશક હતી. એનું કારણ એ હતું કે 'પછાત' તેમ જ 'બાળક જેવા' ભીલ પ્રકારના સમૂહો માટે એવો જે મત ઘડાયો તેણે 'ભારતની આદિમ જાતિઓ'નો અભ્યાસ કરવા માટેની એક સંસ્થા સ્થાપવાનો આધાર પૂરો પાડ્યો. આનું પ્રતિબિંબ સરકારી ગેઝેટિયર્સ, એન્સાઇક્લોપીડિયા ઓફ ટ્રાઇબ્સ એન્ડ કાસ્ટ, બ્રિટિશ અધિકારીઓનાં જીવનચરિત્રો તથા બ્રિટિશ સાહિત્યમાં જોવા મળે છે.[73] બ્રિટિશ અધિકારીઓ કે જેઓ કહેવાતી 'ટ્રાઇબ' પર હકૂમત કરતા હતા તેમની પર આ 'જ્ઞાનના ભંડારો'એ મોટી અસર પાડી. તર્ક એવો હતો કે જેની આ આદિમ જાતિઓ પર ગાઢ અને મોટેભાગે હાનિકારક અસર પડવાની હોય તેવાં વહીવટી પગલાં લેવા જેવી બાબતમાં પણ આ 'પછાત જાતિઓ' સાથે કોઇ પણ પ્રકારની સલાહમસલત કરવાની જરૂર નથી.

૧૮૩૦ના આઉટ્રામના આક્રમણ બાદ ડાંગી ભીલો એક દસકા સુધી ઠીક ઠીક શાંત રહ્યા. આમ છતાં ૧૮૩૦ના આખર ભાગમાં બ્રિટિશરો દ્વારા નીમાયેલા કેટલાક સ્થાનિક અધિકારીઓએ ભીલોની આ શાંતિનો લાભ હક માટે ચૂકવવાનાં નાણાં પોતાના ખીસામાં ઘાલીને લીધો. આનો બદલો લેવા ગઢવીના નવા સરદાર ઉદેયસિંહે ૧૮૩૮ અને ૧૮૩૯માં બ્રિટિશ ગામડાંઓ ઉપર હુમલા કર્યા. ભીલ એજન્ટ ડગ્લાસ ગ્રેહામને આવું કેમ બન્યું તેનો ખ્યાલ આવ્યો. તેને એમ લાગ્યું કે ભીલોના ઘા રૂઝાયા નહોતા. આથી તેણે સૂચવ્યું કે બ્રિટિશ અધિકારીઓ અને ડાંગના સરદારો વચ્ચે કોઇ સ્થળે સમયાંતરે મુલાકાતો ગોઠવાવી જોઇએ.[74] આ પ્રકારની પ્રથમ મુલાકાત ૧૮૪૩માં ગોઠવાઇ. જ્યારે ગ્રેહામનો અનુગામી મોરીસ સરદારોને પીંપલનેરમાં મળ્યો. સરદારોએ ગાયકવાડના કેટલાક અધિકારીઓ દ્વારા પોતાના પર થયેલા જુલમોની વાત કરી.[75] આ પછી આવી મુલાકાત વાર્ષિક બની ગઇ જેમાં ભીલ એજન્ટ અને કેટલીક વાર ખાનદેશનો કલેક્ટર પણ ભીલ સરદારો અને તેમના માણસોને મળતો. અહીં તેમની ફરિયાદોનાં કારણોની ચર્ચા થતી. ભીલોએ જો કંઇ તકલીફ ઊભી કરી હોય તો તે અંગે તેમને ઠપકો આપતો અને રિવાજ મુજબ તેમને ચૂકવવાની થતી રકમની ચૂકવણી કરવામાં આવતી. શરૂઆતનાં વર્ષોમાં આનું માત્ર 'મુલાકાત' કે 'પરિષદ' તરીકે જ વર્ણન થતું. પરંતુ ૧૮૭૦ અને તે પછી એને 'વાર્ષિક દરબાર' તરીકે વર્ણવવાનું શરૂ થયું. ૧૯મી સદીના અંત સુધી મોટે ભાગે આ દરબારનું આયોજન પીંપલનેર અથવા ખાનદેશ બાજુની સરહદના કોઇ ગામમાં દર વર્ષે મે મહિનામાં કરવામાં આવતું.

એરિક હોબ્સબાઉને જે અર્થમાં વાત કરી છે તે અર્થમાં આ દરબારો થોડા વખતમાં પ્રણાલિકા બની ગયા.[76] સરદારો તેમના બાહુબંધ તથા મોટી સંખ્યા-

માં તેમના અનુયાયીઓ સાથે આ દરબારમાં આવતા. કેટલાક દિવસો સુધી તેઓ એક સ્થળે રોકાતા અને સરકારી ખર્ચે તેઓને મોજ કરાવવામાં આવતી. દરબારના દિવસે સરદારો કલેક્ટર અથવા બીજા એજન્ટ દ્વારા ફરિયાદનું કોઈ કારણ બન્યું હોય તો તે અંગે જાણ કરતા. દરબારમાં માત્ર ફરિયાદો જ ન થતી—કેટલીક વાર ડાંગમાંથી ગામવાસીઓ, દરબારો અને તેમના માણસો દ્વારા કરવામાં આવતા જુલમો સામે વિરોધ નોંધાવવા માટે પણ આવતા.[૭૭] આ પછી સરદારો પાસે બ્રિટિશ સરકાર શી અપેક્ષા રાખે છે તે અંગે ભાષણ અપાતું જેમાં તેઓને સલાહ અપાતી કે તેમણે વ્યવસ્થા જાળવવી, તેમના માણસો ઉપર કાબૂ રાખવો, ગાવિત ખેડૂતો સાથે સારી રીતે વર્તન કરવું, વધારે પડતો દારૂ પીવાની ટેવ છોડી દેવી, શિક્ષણ પ્રાપ્ત કરવું વગેરે. આ પછી તેઓને પાઘડી અને કપડાંની ભેટ અપાતી અને રિવાજ મુજબ તેઓને ચૂકવવાની થતી રકમનો અડધો ભાગ અપાતો. (બાકીનો અડધો ભાગ ગુજરાતની સરહદ પાસેના વઘઈમાં થોડા મહિનાઓ પહેલાં ચૂકવી દેવામાં આવતો.) એક વાર આ ચૂકવણી થઈ જાય પછી લોકો વિખેરાઈ જતા. સરદારો આ રકમમાંથી ભાઉબંધોને આપવાની થતી રકમ આપતા અને આ પછી સરદારો અને ભાઉબંધો તેઓએ શાહુકારો પાસેથી ઉછીનાં લીધેલાં નાણાંની ચૂકવણી કરતા. આ શાહુકારો પોતાનાં નાણાં ચોક્કસપણે પરત મળી જાય તે માટે આ દરબારમાં અચૂક હાજર રહેતા. આ પછી ભીલો દારૂની મોજ માણતા. સરદારો દરબારમાંથી એક પણ પૈસા વગર પાછા વળતા હોય એવી સ્થિતિ અસામાન્ય નહોતી.

ડાંગ દરબારનું ઉત્તમ વર્ણન ૧૯૦૯ માં એક મિશનરી દ્વારા મળે છે—અલબત્ત એનો સૂર મુરબ્બી-પણાવાળો હતો.

'પાંચમી એપ્રિલ દરબારનો દિવસ હતો. આ જોવાને અમે આતુર હતા. પાંચમીને વહેલી સવારે હું અને બ્રધર રોઝ ગામ અને તેની આસપાસના ખુલ્લા વિસ્તારમાં પગપાળા ફર્યા. ચારે બાજુ દરેક ઘટાદાર વૃક્ષની નીચે લોકોની એક નાની ટોળી આરામ કરતી, ઊંઘતી, બીડીઓ પીતી કે ખાતી જોવા મળતી હતી. બીજા કેટલાક પાસે નાના ફાટેલા તંબુ હતા. પૂર્વ અને પશ્ચિમમાં કેટલાક વેપારીઓએ વૃક્ષોની નીચે બજાર ભર્યું હતું. તેઓએ જમીનનો એક નાનકડો ભાગ સાફ કર્યો અને પછી તેમની પાસેની શેતરંજી તેના પર પાથરી ચીજવસ્તુઓ ગોઠવી—આ વેપારીઓ અને આ વસ્તુઓ એક જોવા જેવું દૃશ્ય પૂરું પાડતા હતા.

સાંજે લગભગ પાંચ વાગ્યે કેટલાક રાજાઓ—સાવ ક્ષુદ્ર દેખાતા આ બિચારા માણસો—તેમના દરબારીઓ, સગાંસંબંધીઓ, વાદ્ય વગાડનારાઓ વગેરે સાથે એક પછી એક આ પ્રસંગ માટે જ ખાસ બનાવવામાં આવેલા હોલમાં દાખલ થવા લાગ્યા. આ કામચલાઉ હોલ ૪૦ × ૫૦ ફીટનો હતો. રાજાઓને બેસવા માટે ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. તેઓ જેમ દાખલ થતા હતા તેમ તેમને તેમના ક્રમ પ્રમાણે બેસાડવામાં આવતા હતા. તેમના હજૂરિયાઓ તેમની નજીક અથવા થોડે દૂર ઊભા રહેતા હતા. બીજી બાજુ કેટલાક મહાનુભાવો માટે થોડી ખુરશીઓ ગોઠવેલી હતી. સ. ૫-૩૦ કલાકે હોલ ચિક્કાર ભરાઈ ગયો ત્યારે સેંકડો માણસો હોલમાં પ્રવેશ્યા વિના પણ રહી ગયા.

'બધી તૈયારીઓ પૂરી થઈ ગઈ તે પછી મિસ્ટર હોડ્સન ઊભા થયા. અને એક નાનકડું સંબોધન મરાઠી ભાષામાં કર્યું. આ ક્ષુદ્ર રાજાઓને તેમણે બીજી બધી વસ્તુઓ સાથે એમ પણ કહ્યું કે જો તેઓ સરકારના પ્રીતિપાત્ર રહેવા માગતા હોય તો તેઓએ દારૂ પીવાનું બંધ કરી દેવું જોઈએ. આ સંબોધન પૂરું થયું કે તરત જ હોડ્સને દરેક રાજા અને સરદારને સરકાર તરફથી તેઓને આપવાની થતી ભેટની વહેંચણી કરવા માંડી. એ પછી તેમણે પટેલોને તેમ જ ડાંગના બીજા મહાનુભાવોને ઘણી બધી પાઘડીઓની ભેટ આપી. દરેકને ભેટ આપ્યા બાદ તેઓ "રામ રામ"



બોલતા; આ એક પ્રકારનો માનવાચક રિવાજ હતો. દરેક માણસને તેના વારા પ્રમાણે ભેટ લેવા માટે આવતો જોવાનું ઘણું રસપ્રદ હતું. રાજાઓએ કંઈક વટ પડે તેવો ભપકાદાર પોશાક પહેર્યો હતો. બીજા ઘણાઓ તો માંડ તેમની નગ્નતાને ઢાંકી શક્યા હતા. મોટા ભાગનાઓએ સુંદર ફેંટા પહેરેલા હતા. અમને એવું લાગતું હતું કે આ લોકોને બીજું કંઈ મળે કે ન મળે પણ તેમનું આખું શરીર ઢંકાય તેવો પોશાક તો મળવો જ જોઈએ. ક્રમ પ્રમાણે ભેટ મેળવવા માટે આગળ આવનાર અને ભેટ મેળવનાર દરેકને બીજા દ્વારા ધ્યાનથી જોવામાં આવતો. એકબીજા ઉપર ગુલાબજળનો છંટકાવ કરવામાં આવતો. ભેટવિધિ જ્યારે પૂરો થઈ જતો ત્યારે એક રાજા શ્રી અને શ્રીમતી હોડ્સનને અને શ્રી મિલેટને હાર પહેરાવતો. બીજા ઘણાને ફૂલ આપવામાં આવતા. આમ દરબાર પૂરો થતો. એક એવો પ્રસંગ, જેનું વર્ણન કરવાનું મુશ્કેલ છે.'[૭૮]

આ સમારંભનો હેતુ બ્રિટિશ સત્તાવાળાની સત્તાનો પ્રભાવ ભીલ સરદારો પર પાડવાનો હતો. આ માટે ડાંગીઓની રૂઢિ અને માહોલનો ઉપયોગ કરવામાં આવ્યો. ઉપરના વર્ણનમાંથી સ્પષ્ટ થાય છે તેમ દરબારમાં દર્શાવાતી વિચારસરણી અને ડાંગીઓના યથાર્થ પ્રતિભાવ વચ્ચે ખાસ્સું અંતર હતું. બર્નાર્ડ કોહને દર્શાવ્યું છે તેમ ૧૮૫૭ના બળવા પછી બ્રિટિશરોએ આ રિવાજનો (દરબાર ભરવાનો) સ્વીકાર કર્યો. આની પાછળનો ખ્યાલ એવો હતો કે જેમાં રાજ કરનારાઓ તેમના ઉમરાવો પાસેથી માન મેળવતા હોય એવા પ્રકારના રિવાજનો ઉપયોગ કરી શાસનને વધુ મજબૂત કરવું. ઉમરાવોને તેમના ચુસ્ત કોટીક્રમમાં ગોઠવવામાં આવ્યા હતાં. આ ક્રમમાં તેમની સત્તા અને પ્રભાવનું પ્રતિબિંબ પડતું હતું. તાબેદારીના પ્રતીક તરીકે તેઓ રાજકર્તાઓને ભેટ આપતા. બદલામાં તેઓ ફેંટા, શાલ અથવા હથિયારની ભેટ મેળવતાં, જેને પછી પોતાની સત્તાની નિશાની તરીકે ઉમરાવ ગૌરવપૂર્વક જાળવતો. આ પ્રકારના વિધિનો હેતુ આબેહૂબ એવું દર્શાવવાનો હતો કે ભારત એ વંશાનુગત સામંતશાહી ધરાવતો સમાજ છે જેમાં સ્વાભાવિક રીતે બ્રિટિશરો ટોચ પર હતા. ભારતના ખેડૂતોનાં મન પર આ વિધિનો ઝાઝો પ્રભાવ પડતો હતો કે કેમ તે એક પ્રશ્ન છે. આમ છતાં આવો પ્રભાવ પડતો એવું બ્રિટિશરો માનતા.[૭૯]

ડાંગના દરબારનું વર્ણન દર્શાવે છે કે સરદારો આ વિધિમાં કઢંગી રીતે જોતરાયા હતા. તેઓને આમાં હાજર રહેવાની ફરજ પાડવામાં આવતી કારણ કે તેમનું ગેરહાજર રહેવું બ્રિટિશ રાજ પ્રત્યે બિન-વફાદારી પ્રગટ કરવા બરોબર ગણાતું. તેઓને એવો પોશાક પહેરવાની ફરજ પડાતી કે જે પહેરવાથી તેઓ અકળામણ અનુભવતા. અમુક પ્રકારનાં વસ્ત્રો પહેરી પોતાની સત્તા પ્રગટ કરવાનો તેમનો રિવાજ નહોતો. તેઓને ચઢતા-ઊતરતા ક્રમ અપાતો. ચાર મોટા સરદારોને 'રાજા' કહેવામાં આવતા. બીજા પંદરને 'નાઈક' કહેવાતા. આ પ્રકારનો કોઈ ચુસ્ત ક્રમ ભૂતકાળમાં હતો નહિ. દરબારના સમય દરમ્યાન તેઓ ભારે નશાની હાલતમાં રહેતા તેથી બ્રિટિશરો આ સમારંભનો જે પ્રભાવ ઊભો કરવા માગતા તે થઈ શકતો નહિ. આ માટે તેઓની ટીકા કરવામાં બ્રિટિશરો પોતાનો દંભ પ્રગટ કરતા હતા. એક તરફ આ સરદારોને આકર્ષવા તેઓ ભરપૂર ખાણીપીણીની વ્યવસ્થા કરતા અને બીજી તરફ આ જ કારણથી તેઓ નશામાં જણાય તો તેની ટીકા કરતા. જોકે કેટલીક વાર સરદારો બ્રિટિશ સત્તાના ભપકાની શેહમાં તણાયા વગર ૧૮૪૦ માં જ્યારે આ પ્રથાની શરૂઆત થઈ ત્યારે જે પ્રમાણે કરતા, તેવું કંઈક અંશે કરતા. એટલે કે આ પ્રસંગનો ઉપયોગ સત્તાવાળાઓ સામેની પોતાની ફરિયાદો રજૂ કરવા માટે તેઓ કરતા. દાખલા તરીકે ૧૮૯૪માં ખાનદેશના કલેક્ટર તરફથી તેમને ચૂકવાતાં નાણાંની જે આંશિક ચૂકવણી થવાની હતી તેનો સ્વીકાર કરવાનો તેઓએ ઇન્કાર કર્યો હતો. જંગલો ઉપરના તેમના અધિકારો ઉપર બ્રિટિશરોએ વધુ તરાપ મારી હતી તેના વિરોધમાં તેઓએ આમ

કર્યું હતું.[૮૦] બ્રિટિશરો દરબાર દરમ્યાનના ડાંગીઓના આવા બેહૂદા વર્તન અને વિરોધને તેમના મૂળભૂત અસંસ્કારીપણાનો પુરાવો માનતા હતા. બંને વચ્ચે સમજણની ખાઈ ઘણી ઊંડી હતી. વાસ્તવમાં તો ડાંગી ભીલોનાં મન બ્રિટિશરો કેટલા ઓછા પ્રમાણમાં જીતી શક્યા હતા તે વાત દરબારમાં ખુલ્લી થતી હતી.

(૪)

ભીલ એજન્ટો અને ખાનદેશના સત્તાવાળાઓને તેમના હાલ પર છોડવામાં આવ્યા હોત તો ડાંગી ભીલો સાથેના મોકળાશવાળા સંબંધો ચાલુ રાખીને તેઓ રાજી થયા હોત. મુખ્ય વાત એટલી જ હતી કે ડાંગીઓ આજુબાજુનાં મેદાનો પર હુમલા ન કરે અને મુસીબતો ઊભી ન કરે. આ વિસ્તારના વધુ સક્રિય નિયંત્રણનું કામ આ સત્તાવાળાઓએ નહિ પણ બ્રિટિશ નૌકાદળે કર્યું. નૌકાદળને લડાઈ માટેનાં જહાજો બનાવવા માટે ઊંચી ગુણવત્તાવાળા સાગના લાકડાની જરૂર હતી. ૧૯મી સદીની શરૂઆતનાં વર્ષોમાં નૌકાદળને આવું લાકડું મલબાર કિનારાના વિસ્તારોમાંથી મળતું હતું પણ વધારે પડતી કટાઈ થવાને કારણે ૧૮૩૦માં પુરવઠો ઓછો થઈ ગયો. આથી તેઓની નજરે દક્ષિણ ગુજરાતનાં જંગલો પર પડી. શરૂઆતમાં આ લોકો સ્થાનિક લાકડાના વેપારીઓ પાસેથી લાકડું ખરીદતા. આ વેપારીઓએ સરદારો સાથે લાકડાની કટાઈ અંગે કરાર કરેલા હતા. નૌકાદળના અધિકારીઓને લાગતું હતું કે આ વેપારીઓ વધારે ભાવ લેતા હતા. આથી ૧૮૪૦માં તેઓને બાજુ પર મૂકી સરદારો સાથે સીધી જ વાટાઘાટ કરવાનો નિર્ણય લેવાયો. ઓલિવર બોયસ નામના નૌકાદળના એક અધિકારી (Purser)ને ૧૮૪૧માં ડાંગ મોકલવામાં આવ્યો.

૧૮૪૨ના મે માં બોયસ ગઢવી, વાસુરાણા અને પીંપરી એ ત્રણ ગામના સરદારોને સમજાવવામાં સફળ થઈ શક્યો. લાકડું કાપવા માટેના લીઝ પર તેણે તેઓની સહી કરાવી જે શંકાસ્પદ પ્રકારના હતા. આવી સહીઓ તેણે તેઓને ધમકી આપીને તેમ જ સાથે સાથે દારૂ પણ પિવડાવીને કરાવી લીધી. ઘણાં વર્ષો બાદ લખાયેલા એક અહેવાલમાં જણાવાયું છે કે 'ઘણી વિનંતિઓ અને મિસ્ટર બોયસની ઉદાર પરોણાગતની મદદ વડે રાજાઓ પાસેથી લીઝ મેળવાયાં.'[૮૧] પછીથી ૧૮૫૫માં ગઢવીના રાજા ફીરાલસીંગે આ બાબત અંગે આવી ટીકા કરી હતી. 'રાજાઓ જ્યારે ત્યારે નશાની હાલતમાં હોય ત્યારે ગેરકાયદેસર રીતે તેમના સિક્કા સનંદ પર મારવાનો લાભ ઘણી વાર લેવાયો.'[૮૨]

વાસુરાણાના રાજા અને બોયસ વચ્ચે ૨૫ મે ૧૮૪૨ના રોજ જે કરાર થયો તેના શબ્દો આ પ્રમાણે હતા: 'પૂરો વિચાર કરીને અને અમારી ઇચ્છાથી અમારો રાજ્યનો આખો પ્રદેશ આ સાથે બ્રિટિશ સરકારને લીઝ પર આપીએ છીએ; આ લીઝનો અમલ આવતા વર્ષથી એટલે કે ૧૮૪૩થી થશે; આ માટે બ્રિટિશ સરકાર એક વખતના ચૂકવણામાં અમને વાર્ષિક રૂ. ૮૫૦ આપશે. રાજ્યના જંગલના બધા લાકડાના અને તેના પર લેવાની સામાન્ય ફીના હક અમે બ્રિટિશ સરકરને આપીએ છીએ અને અમારા પ્રદેશમાં આ કારણે ખેડૂતો અથવા બીજા લોકો જેમને બ્રિટિશ સરકાર યોગ્ય માનતી હોય તેઓ રહેવાસી તરીકે દાખલ થાય તેઓને અમે હેરાન કરીશું નહિ અને બ્રિટિશ હિતને આગળ વધારવા જ્યારે અમારી જરૂર હશે ત્યારે બધી મદદ કરીશું. અમારા પ્રદેશના લીઝનો આરંભ ૧૮૪૩ થી થશે અને બ્રિટિશ સરકારને યોગ્ય લાગે ત્યાં સુધી ચાલુ રહેશે. આ સમયગાળા દરમ્યાન બ્રિટિશ સરકારના હિતમાં રાજ્યમાં જે પગલાં લેવાશે તેનો અમે વિરોધ કરશું નહિ.'[૮૩]

આવા જ શબ્દોવાળા લીઝમાં ગઢવીના રાજાને વાર્ષિક રૂ. ૨૩૦૦ અને પીંપરીના નાયકને રૂ. ૧૯૦૦ તેમના વધારે વિશાળ વિસ્તાર માટે આપવાનું નક્કી થયું હતું.

ખૂબ જ ઓછું આપીને ઘણું બધું લઈ લેવાનું કામ આ લીઝે કર્યું. છેક ૧૮૨૫માં જંગલના વેરા દ્વારા સીલપતની વાર્ષિક આવક રૂ. ૩૫૦૦ હતી. બીજા પ્રદેશોમાંથી જથ્થા અને ગુણવત્તાની દૃષ્ટિએ સાગનો પુરવઠો ઓછો થઈ જવાથી આ સમય પછી જંગલની કિંમત ઘણી વધી હતી. લાકડાં કાપવા માટે ખેડૂતોને મોકલવાનો હક તો બ્રિટિશરોને કરારમાં મળતો જ હતો પરંતુ તેમાં જે શબ્દો વપરાયા હતા તેનું અર્થઘટન એવું થઈ શકે કે ડાંગમાં વસાહતો સ્થાપવાનો હક પણ બ્રિટિશરોને મળતો હતો. બ્રિટિશરોને યોગ્ય લાગે ત્યાં સુધી લીઝ ચાલુ રહેતું હતું. સરદારોને એ રદ કરવાનો અધિકાર નહોતો. 'બ્રિટિશ સરકારના હિતમાં' એવું જે લખવામાં આવ્યું હતું તેનો અર્થ પણ એવો થઈ શકે કે ડાંગમાં બ્રિટિશરો જેમ ઇચ્છે તેમ કરવાનો તેમને અધિકાર હતો.

આ લીઝમાં એક વાત ધ્યાન પર લેવાની રહી ગઈ કે ખાનગી લાકડાના વેપારીઓ સાથેના કેટલાક સરદારોના કરાર હજી ચાલુ હતા અને તેની મુદત પૂરી થઈ નહોતી. સુરત શહેરના નાથુભાઈ રહીમભાઈ અને ઉદયચંદ તારાચંદે આ રીતના કરાર ગઢવીના રાજા સાથે ૧૮૩૬ માં કર્યા હતા અને પછી ૧૮૪૧ માં એ તાજા કરવામાં આવ્યા હતા. આ કરાર મુજબ બહાર લઈ જવાતાં લાકડાં ભરેલા પ્રત્યેક ગાડા દીઠ અમુક રકમની ચૂકવણી રાજાને કરવામાં આવતી હતી. આવું વર્ષો સુધી ચાલુ રહ્યું હતું. ડાંગીઓને અને ખેડૂતોને ગાડા માટે તેમ જ જંગલ કાપવા માટે અગાઉથી રકમ આપીને ઘણી મોટી મૂડીનું રોકાણ આ બે વેપારીઓએ કરેલું હતું. બોયસે કરેલા લીઝમાં આ બે વેપારીઓને કોઈ વળતરની વ્યવસ્થા નહોતી.[૮૪]

સરદારોએ લીઝ સ્વીકારવાનો ઇન્કાર કર્યો અને બોયસે જે પ્રથમ ચૂકવણી કરી હતી, તેમણે પાછી વાળી. લાકડું કાપવા માટે બોયસે જ્યારે માણસોને જંગલમાં મોકલ્યા ત્યારે સરદારોએ તેઓને લાકડાં કાપવાનું બંધ કરવા માટે દબાણ કર્યું. ભીલ એજન્ટ મોરિસ સાથે આ બાબતમાં હજી સુધી મસલત કરવામાં આવી નહોતી. તેને ખ્યાલ આવ્યો કે મુસીબત વધતી હતી. તેણે લીઝના સંદર્ભમાં પુનઃ વાટાઘાટની માગણી કરી. મે ૧૮૪૩માં મોરિસ, બોયસ અને સરદારોની એક બેઠક યોજવામાં આવી. સરદારોને ત્યારે શંકા હતી કે તેમની આજીવિકાનું એક મુખ્ય સાધન–અને સાથે જ તેમની આખી જીવન પદ્ધતિ–જોખમમાં તો નહિ મુકાઈ જાય ને! વાસુરાણાના સરદાર આનંદરાવના શબ્દોમાં, "(જંગલ ઉપરના અમારા નિયંત્રણમાં) મોગલ અને પેશવાઓના રાજમાં તથા અત્યાર સુધી બ્રિટિશોના રાજમાં અમે કોઈ દખલગીરી અનુભવી નહોતી.'[૮૫] મોરિસે તેઓને સમજાવ્યું કે લાકડાની વધેલી માગે અને વેપારીઓ દ્વારા આડેધડ કપાતા લાકડાંને કારણે જંગલો ઉપર જોખમ વધતું હતું. તેણે કાયમી ધોરણે બ્રિટિશ સરકારને જંગલો લીઝ પર આપવાની મુખીઓને વિનંતિ કરી. જો તેઓ કામચલાઉ લીઝ ઉપર જંગલો આપશે તો જેટલું બને તેટલું વધારે લાકડું જંગલમાંથી કાપવાનું દબાણ આવશે અને તેનાથી જંગલોનો વિનાશ થશે. જો લીઝ કાયમી હોય તો સરકાર નિયંત્રિત રીતે લાકડું કાપે અને આ રીતે તેઓને આવકનું કાયમી સાધન મળી રહે. ડાંગની ફરતેનાં જંગલો લગભગ કપાઈ ચૂક્યાં હતાં અને લાકડામાંથી કોઈ આવક થતી નહોતી. આવું ડાંગમાં પણ બની શકે. સરદારોએ આવી શક્યતાની કદી કલ્પના પણ નહોતી કરી અને વળી તેમનાં જંગલો પણ સાફ થઈ જશે તેવા વિચારે તેઓ પર વધારે અસર પાડી. વધારે વાટાઘાટ પછી તેઓ આખરે તેમનાં જંગલ ૧૬ વર્ષના સમયગાળા માટે આપવા તૈયાર થયા.

ગઢવીના ઉદયસિંહે લીઝનો સ્વીકાર કર્યો તે મુજબ પહેલે વર્ષે તેને રૂ. ૨૭૦૦ મળવાના હતા અને તે પછી દરેક વર્ષે રૂપિયા ૫૦નો વધારો મળવાનો હતો. બોયસ સાથેના મૂળ રૂ. ૨૩૦૦ના લીઝ કરતાં આમાં ખાસ્સો વધારો હતો. વાસુરાણાના રાજાને રૂ. ૧૬૦૦ મળવાના હતા. બોયસના લીઝમાં એ રકમ રૂ. ૮૫૦ હતી. પીંપરીના નાયકને રૂ. ૧૯૦૦ મળવાના હતા; બોયસના લીઝમાં એ રૂ. ૧૮૦૦ હતા. એ જ રીતે

દક્ષિણવતીના રાજાને રૂ. ૨૩૦૦; અમલાના રાજાને રૂ. ૨૨૫૦, અવચારના નાયકને રૂ. ૨૪ અને ચીંચલીના નાયકને રૂ. ૩૬ નક્કી થયા. બ્રિટિશરોને લાકડાં કાપવાની, બળવવાની અને નવાં વૃક્ષો ઉગાડવાની પૂરે-પૂરી સત્તા આપવામાં આવી. સરકાર જકાત નાકા ઊભાં કરી શકે તેમ જ એ વિસ્તારમાંથી લાકડું તથા અન્ય સામગ્રી જે બહાર લઈ જવામાં આવે તેના પર વેરો પણ લઈ શકે. સરકારને જમીન સાફ કરવાની અને તે ખેતી માટે આપવાની પણ છૂટ આપવામાં આવી; ખેતી પરના વેરાની રકમ સરદારોને મળવાની હતી. લાકડું બહાર લઈ જવાની સુગમતા થાય તે માટે રસ્તા સુધારવાની પણ સરકારને પરવાનગી આપ-વામાં આવી. લીઝમાં કંઈ ફેરફાર કરવો હોય તો સરકાર છ મહિનાની નોટિસ આપી કરી શકે પણ સરદારો તેમ કરી શકે નહિ. ૧૬ વર્ષ બાદ સરકારને તેને જેમ યોગ્ય લાગે તે રીતે નવાં લીઝ બનાવવાની છૂટ આપવામાં આવી. સરકારના લાકડાના એજન્ટોને સરદારોએ પૂરી મદદ કરવાની હતી. જો સ્થાનિક લોકો પાસે લાકડાં કપાવવામાં આવે તો તે વખતે જે મજૂરીનો દર ચાલતો હોય તે લાકડાના એજન્ટોએ ચૂકવવાનો હતો.[૮૬]

નવા લીઝ જૂનાનો સુધારો જ હતા; જોકે તે ખૂબ જ એકતરફી હતા. સરદારોને વધુ નાણાં આપવાનું સ્વીકારાયું પણ એ રકમ લાકડાની જે કિંમત હતી તેના પ્રમાણમાં ઘણી ઓછી હતી. પાછળથી આવેલા એક અધિકારીએ એ વિશે આવી નોંધ કરી હતી, 'આવા લીઝ ખૂબ જ ઓછી કિંમતમાં અબુધ અને અસંસ્કૃત માલિકો પાસેથી વિનવણીઓ કરીને મેળવવાનાં હતાં.'[૮૭] આ નવાં લીઝમાં સરદારોને તેમના પોતાના વપરાશ માટે લાકડું જંગલમાંથી લઈ જવાની છૂટ અપાઈ હતી. પણ ડાંગના મૂળ નિવાસીઓના જીવન-નિર્વાહ માટે સમગ્રપણે જંગલનો ઉપભોગ તેમને કરવા દેવા બાબત એમાં કશું કહેવાયું નહોતું. સરદારોને જમીન પરનો વેરો ઉઘરાવવાની છૂટ અપાઈ હતી, પણ એવું એટલા માટે કરવામાં આવ્યું હતું કે એમાંથી મળનારી રકમ ખૂબ જ ઓછી હતી અને વળી એ ઉઘરાવવામાં બ્રિટિશરોને ઘણી મુશ્કેલી પડે તેમ હતું. લીઝ માટે ૧૬ વર્ષની સમયમર્યાદા હતી. પણ તેનો કંઈ અર્થ નહોતો કારણ કે પોતાની મન-ગમતી શરતે લીઝ રીન્યુ કરવાનો બ્રિટિશરોને પૂરો હક હતો. ભવિષ્યની કોઈ પણ તારીખે લીઝમાં કંઈ પણ ફેરફાર કરવાના ભીલોને સત્તા નહોતી—આ હક પૂરેપૂરો સરકારને હતો.

આ સમગ્ર બાબત પરની સરદારોની લાગણી વાસુરાણાના રાજા આનંદરાવે બોયસ સમક્ષ વિરોધ દર્શાવતાં કરેલા આ નિવેદનમાં પ્રગટ થાય છે :

'તમે જણાવો છો કે મારે ૮૫૦ રૂપિયા લેવા અને રસીદ આપવી પણ હું લીઝ સાથે જ સંમત થતો નથી તેથી પૈસા કઈ રીતે લઉં? તમે કહ્યું કે તમે રૂ. ૮૫૦ આપશો. મેં તમને કહ્યું કે એ પૂરતા નથી છતાં તમે મને વાર્ષિક રૂ. ૮૫૦ જ આપવાનું જણાવો છો તેથી મને આશ્ચર્ય થાય છે. પટાવાળાઓ તથા બીજાઓ લીઝ ઉપરની સહી વખતે ત્યાં હાજર હતા. તેમની પાસે સોગંદપૂર્વક બોલાવવામાં આવે તો તેઓ શું બન્યું હતું તે જણાવે અને ખબર પડે કે હું દબાણ હેઠળ વર્તી રહ્યો હતો. ૮૫૦ રૂપિયા મને પૂરતા થાય તેમ નથી અને હું તમને લીઝ આપવા ઇચ્છતો નથી. પણ મારી પાસે એ દબાણપૂર્વક લેવાની તમારી પાસે સત્તા છે. ચાલુ વર્ષ દરમ્યાન મને ઘણી ખોટ ગઈ છે તે તમારે જાણવું જ જોઈએ, અને શાહુકારોનું મારા પર ઘણું દબાણ છે. આમ છતાં હું તેમની સાથે તો ગોઠવણ કરી શકીશ. બીજા રાજાઓએ ભલે સ્વેચ્છાથી તેમના અધિકારો જતા કર્યા હોય, હું તેમ કરવા ઇચ્છતો નથી. જે જુલમ થઈ રહ્યો છે તે માટે હું સરકારનું ભૂંડું બોલીશ નહિ, પણ મને બીજી કોઈ જગ્યા આપવામાં આવે તો હું અને મારા સંબંધીઓ ત્યાં ચાલ્યા જઈશું અને ત્યારે તમે અમારા રસ્તાઓ અને પ્રદેશોનો કબજો બળપૂર્વક મારા વિરોધ વગર લઈ



શકશો. હું હાથ જોડી સરકાર સમક્ષ ઊભો છું. મારાં જંગલોમાં વધારે લાકડું નથી. તે બહુ ઓછું છે અને તેમાંથી હું અને મારા સંબંધીઓ જીવનગુજારો કરીએ છીએ. તેથી સરકારે અમારી પાસેથી એ છીનવી લેવું ન જોઈએ. પણ શું કરવું તે સરકારની મરજીની વાત છે.'[૮૮]

આ નિવેદનમાંથી સ્પષ્ટ થાય છે કે ભીલ સરદાર તેના જંગલના લાકડાનો અધિકાર આપવાના લીઝ પર સહી કરવાની ભારે અનિચ્છા ધરાવતો હતો. હક જતો કરવાની વાતને તેણે કંઈક આડકતરી રીતે જણાવી હોવા છતાં તે પોતાની પાસે દબાણપૂર્વક સહી કરાવવા માટે સરકારને દોષ દે છે. એ જાણે પણ છે કે પોતે સહી કરશે એટલે સરકાર જંગલનો કબજો તેના વિરોધ વગર લઈ શકશે. તેના ઉપરી-ઓની આંખમાં તેની લાચારી સ્પષ્ટ હતી. તેણે દલીલ પણ કરી કે તેને અને તેના બાહુબંધોને ભૌતિક રીતે નુકસાન થશે અને તેના શાહુકારો સમક્ષ તેઓની શાખ ખતમ થશે. આમાં એવી ધારણા પણ ગર્ભિત હતી કે શાહુકારોનું તેમને માટેનું માન ખલાસ થઈ જશે. તેણે વિનંતિ કરી—કંઈક ઢીલી—કે કોઈ વૈકલ્પિક પ્રદેશ તેને માટે અને તેના સંબંધીઓ માટે આપવામાં આવે. આવી માગણી તેણે ગંભીરતાપૂર્વક કરી હોવાનું કોઈને ન પણ લાગે. તેણે વાતની પૂર્ણાહુતિ પોતાને સરકારની દયા પર છોડીને કરી.

આમ સરદારોએ લીઝની અસમાન શરતોનો સ્વીકાર અજ્ઞાનતાને કારણે કે તેમનાં ભૌતિક હિતો અંગેની સમજણના અભાવે કર્યો નહોતો. તેમ તેઓને છેતરવામાં પણ આવ્યા નહોતા. તેઓ બરાબર જાણતા હતા કે તેઓ તેમનાં જંગલો લખી આપે છે. તેઓ એ પણ જાણતા હતા કે બ્રિટિશરો જંગલો લઈ લેવા માટે મક્કમ હતા અને જરૂર પડયે બળનો પણ ઉપયોગ કરશે અને તેઓની એ બળનો સામનો કરવાની તાકાત નહોતી. તેમણે વધુ સારી શરતો માટે થોડી રકઝક કરી અને તે થોડેક અંશે સંતોષવામાં આવી ત્યારે તે શરતોનો તેમણે તે સંજોગોમાં સરકાર-ની કૃપા તરીકે સ્વીકાર કરી લીધો.

## (૫)

આ સમય બાદ ડાંગમાં જંગલ ખાતાના અધિકા-રીઓની સત્તા ધીમે ધીમે કરતાં ભીલ એજન્ટોની સત્તાને અસતી ગઈ. ભીલ એજન્ટોની તુલનામાં જંગલ ખાતાના અધિકારીઓ સખત પરિશ્રમ અને કાળજીપૂર્વકની ખેતી જેવા ઉપયોગિતાવાદી ગુણો ઉપર વધુ ભાર મૂકતા હતા. તેઓ જંગલને દ્વિપરિમાણી સ્રોત તરીકે જોતા હતા : (૧) જંગલને તેઓ મિલકત માનતા હતા અને જેનો કબજો સરદારોના વિશ્વાસ-થી તેમની પાસે હતો અને જેમાંથી આવક મેળવવા-નો તેમને હક હતો. જંગલ ખાતાના અધિકારીઓના અહેવાલોમાં અમુક અમુક સમયગાળામાં તૈયાર કરેલા હિસાબો પણ અપાતા જેમાં જંગલનો વહીવટ કરવામાં થતો ખર્ચ જણાવવામાં આવતો. (આમાં લીઝ માટે સરદારોને ચૂકવવામાં આવતી રકમનો પણ સમાવેશ થતો હતો.) આની સામે લાકડું વેચવાની અને લાકડું કાપવાની પરવાનગી આપવાથી થતી આવક પણ દર્શાવવામાં આવતી હતી; આ સરવૈયામાં જ્યારે ખોટ જણાતી (એવું ભાગ્યે જ બનતું) ત્યારે એવા અવાજો ઊઠતા કે 'ડાંગનાં જંગલો રાખવા જેવાં નથી.'[૮૯] આમ છતાં સમગ્રપણે બ્રિટિશરો દ્વારા થયેલું આ મૂડીરોકાણ સારું ડિવિડન્ડ આપતું હતું.[૯૦] આ ભૂમિના અસલી નિવાસીઓના હુમલાઓમાંથી આ સ્રોતને 'સલામત' રાખવાની અધિકારીઓની ફરજ હતી. એક અધિકારીના મત મુજબ ડાંગનાં જંગલો એક પ્રકારની રાષ્ટ્રીય સમૃદ્ધિ હતાં અને ભવિષ્યમાં દીર્ઘદૃષ્ટિ વગરના લોકોના સમૂહ દ્વારા વૃક્ષો-ને નુકસાન પહોંચાડવાથી ભવિષ્યનો પુરવઠો ખૂટે નહિ તેવાં પગલાં લેવાની રાજ્યની ફરજ હતી.[૯૧] બીજા એક અધિકારી જંગલને એક પ્રકારની મૂડી થાપણ માનતા હતા જેમાંથી સમાજ વ્યાજ પ્રાપ્ત

કરતો હતો, પણ ત્યાંના મૂળ વતનીઓ આ થાપણને નુકસાન પહોંચાડે તેવો ભય હતો.

જંગલ ખાતાનો અધિકારી જે પોતાને શિક્ષિત ગણતો તે માનતો હતો કે '(જંગલની) મૂડી ઉપર થતા વિનાશકારી હુમલા મૂડીનો નાશ કરે છે અને એમાંથી મળતા રહેતા વ્યાજને અશક્ય બનાવે છે. આ વાત સ્થાનિક લોકો સમજતા નથી. તેથી થાપણને સાચવવાની જવાબદારી પોતાની (અધિકારીની) છે.'[૯૨] આ પ્રકારનું દૃષ્ટિબિંદુ ડાંગના લોકો માટે સાવ અજાણ્યું હતું. આ લોકોને માટે જંગલો જીવનની એક પદ્ધતિ અને 'પવિત્ર ઘર' સમાં હતાં, મૂડીવાદી મૂલ્ય ધરાવનારે માત્ર લાકડું નહોતાં.[૯૩]

(૨) જંગલો 'કુદરતી સ્રોત છે' અને એ જંગલોનું રક્ષણ કરવું એ સરકારની ફરજ છે એવું અધિકારીઓનું દૃષ્ટિબિંદુ હતું. કુદરતવાદીઓને લાંબા સમયથી ખ્યાલ આવી ગયો હતો કે કુદરતના ચક્રમાં જંગલો ચાવીરૂપ સ્થાન ધરાવતાં હતાં અને પ્રાચીન સમયથી લેખકોએ નિરીક્ષણ કર્યું હતું કે જ્યારે જંગલોનું આવરણ ઓછું થઈ જતું ત્યારે એવું પર્યાવરણ રચાતું કે જેમાં દુકાળના સમયે નદીઓ સુકાઈ જતી અને જ્યારે ભારે વરસાદ પડતો ત્યારે તેમાં ભારે રેલ આવતી જે સારા પ્રકારની જમીનના ઉપરી હિસ્સાને ખેંચી જતી.[૯૪] આ જ્ઞાનને ૧૮મી સદીના પાછલા ભાગમાં અને ૧૯મી સદીના આરંભના ભાગમાં વૈજ્ઞાનિક આધાર પૂરો પડાયો. જંગલો વધારે વરસાદ માટે કારણભૂત બનતાં, વરસાદના પાણીને વહી જતું અટકાવતાં, રેલને આવતી અટકાવતાં અને પાણીને જમીનમાં સંઘરવામાં મદદરૂપ થતાં. અને જ્યારે પાણી માટે જમીન ખોદવામાં આવતી ત્યારે હંમેશ પાણી પ્રાપ્ય બનાવતાં. દુકાળના વખતમાં એ મદદરૂપ બનતાં. એ વખતે લોકો જંગલી કંદમૂળો અને ફળો મેળવવા જંગલમાં આવતા, ગાય-ભેંસ-બકરાં-ઘેટાંને સૂકાં ઘાસપાંદડાં ખાવા માટે ત્યાં લઈ જઈ શકાતાં. રાજ્યની લાકડાની જરૂરિયાત માટેનો, વધુ અનાજ ઉગાડવા માટે ખેતીલાયક જમીન મેળવવા માટેનો (જે જમીન ઉપરનો વધુ વેરો પ્રાપ્ય બનાવે) અવાજ વધુ પ્રબળ બનતો ત્યારે જંગલની જાળવણી માટેનો અવાજ નબળો બની જતો અને તેનો વિરોધ પણ કરવામાં આવતો. આમ છતાં જાળવણી માટેની દલીલ વજૂદવાળી અને અગત્યની હતી તેથી સરકારે તેના ઉપર ધ્યાન આપ્યું અને ઓગણીસમી સદીના પાછલા અડધા ભાગમાં અનામત જંગલો ઊભાં કરાવાં.

આમ છતાં બ્રિટિશ શાસનકાળના અધિકારીઓના જાળવણીવાદને ગંભીર હાનિ પહોંચી. તેઓ દૃઢપણે એવું માનતા કે જંગલખાતાના અધિકારીઓ દ્વારા એકહથ્થુ સત્તાકીય રીતે સંચાલન કરવામાં આવે તો જ જંગલોને બચાવી શકાય. આ માન્યતામાં કુદરત વિશેનું નિરાશાવાદી દૃષ્ટિબિંદુ રહેલું હતું, એવો ખ્યાલ રહેલો હતો કે જો કુદરતને તેના હાલ ઉપર છોડી દેવામાં આવે તો તે નાશ પામે. ડોનાલ્ડ વર્સ્ટરના મત મુજબ 'આ પ્રકારની લાગણી વિક્ટોરિયનો માટે મર્યાદા બાંધતો વિચાર બની ગયો. જેનું મહદ અંશે તેમના સુધારાવાદી પ્રોટેસ્ટન્ટ પૂર્વજો વિશે બન્યું હતું. બગીચાઓ અને શહેરનાં ઉદ્યાનો કે જેની ઉપર તેમનું નિયંત્રણ હતું એને તેઓ એક બાજુ ચાહતા ગયા તો બીજી બાજુ તેઓ પૃથ્વી ઉપર કામ કરતાં જન્મજાત કુદરતી બળો અંગેના કોઈપણ મતને મૂર્ખામીભર્યો માની ઉડાડી દેવા કૃતનિશ્ચયી હતા.'[૯૫] આથી તેમના મતે બ્રિટિશશાસનના અધિકારીઓની કુદરતની દુનિયાને સાચવવાની અને તેનું નિયંત્રણ કરવાની ફરજ હતી.

જે માણસો કુદરતની નજીક રહેતા હતા તેઓને પણ ભયરૂપ માનવામાં આવ્યા. માન્યતા એવી હતી કે સભ્યતાનો વિકાસ સતત ઉદ્યમ, પુરુષાર્થ અને પરિશ્રમથી જ થઈ શકે, અન્યથા માણસો જંગલીપણાના કીચડમાં જ ખૂંપી રહે અને સ્રોતોનો દુરુપયોગ કરતા રહે તેમ જ તેમના પર્યાવરણને વધુ ને વધુ કલુષિત કરતા રહે. બ્રિટિશરો માટે આવું જંગલીપણું એક



અપરાધ હતો અને આવો અપરાધ જ્યાં પણ નજરે પડે ત્યાં તેને કોઈ પણ ભોગે કચડી નાખવાનો હતો.[૯૬] જંગલ ખાતાના અધિકારીઓ એવું માનતા હતા કે જે આદિવાસીઓ ત્યાં વસતા હતા તેમનાથી જંગલોને બચાવવા તેઓએ જંગલ ઉપર ધ્યાન રાખવાનું હતું. આથી જંગલના નિવાસીઓ સાથેના તેમના સંબંધો સહકારના નહિ પણ ધિક્કારના હતા. તેઓનું આવું વલણ જંગલોનું રક્ષણ કરવા માટે આ જંગલવાસીઓ સાથે કેવી રીતે કામ કરવું તે શીખતા તેમને રોકતું હતું. જો તેઓએ આમ કર્યું હોત તો તેઓનું જંગલ જાળવણીનું કામ ખૂબ જ ઓછા ઘર્ષણ અને સફળતાની વધારે તક સાથે થઈ શક્યું હોત.

જંગલ જાળવવાનો એક વ્યવસાય બનતાં જંગલની જાળવણી માટેની બીજી એક સમસ્યા ૧૯ મી સદીમાં યુરોપમાં ઊભી થઈ અને તે એ હતી કે વ્યાવસાયિક ફોરેસ્ટરો શિકાર સાથે ગાઢપણે સંકળાયેલા હતા. જેક વેસ્ટોબીના મત મુજબ 'સ્થાવર મિલકત, જંગલની મિલકત, ફોરેસ્ટરો અને શિકાર આ બધા એકબીજા સાથે સંકળાયેલાં છે....એક સમયે આ જ કારણથી ઘણા યુવાનો જંગલ સાથે સંકળાયેલા વ્યવસાયને પસંદ કરતા.'[૯૭] કેવળ લાકડાના રક્ષણ માટે જ નહિ પણ ધન-દોલતની પ્રાપ્તિ માટે પણ શિકારીની ભૂમિકા ટકાવી રાખવાની જરૂર ફોરેસ્ટરોએ જોઈ. ભારતમાંના મોટા ભાગના ફોરેસ્ટરો જબરા શિકારીઓ પણ હતા. આને કારણે પણ તેઓ સ્થાનિક લોકો સાથે સંઘર્ષમાં આવ્યા. દાખલા તરીકે ડાંગમાં તેઓ વાઘનો શિકાર કરતા. તેથી ઘણી મુશ્કેલી ઊભી થઈ કારણ કે ત્યાં આ પ્રાણીને વાઘદેવ તરીકે માન અપાતું હતું. ડાંગીઓ વાઘની આ પ્રકારે થતી હત્યામાં સામેલ થવાનું બને ત્યાં સુધી ટાળતા.[૯૮] સ્થાનિક જંગલવાસીઓને શિકારીઓની બંદૂક તરફ પ્રાણીઓને દોરી જવા માટે ઢોલ વગાડવાનું જોખમકારક કામ કરવાનું પણ ગમતું નહિ.[૯૯]

વલણો અંગેના આવા વિરોધાભાસોને કારણે ડાંગમાં ૧૯ મી સદીના અંત ભાગમાં જ ટકરામણો ઊભી થઈ. જંગલ ખાતાના અધિકારીઓએ સ્થાનિક લોકો પાસેથી જંગલને બચાવવા ઝડપી પગલાં લીધાં. જંગલ અંગેના લીઝનાં પ્રથમ પચાસ વર્ષો સુધી ડાંગીઓના રોજબરોજના જીવન ઉપરનું નિયંત્રણ હળવું હતું કારણ કે કોઈ અધિકારી ડાંગમાં કાયમ રહેતો નહોતો. આનું કારણ આ વિસ્તારમાં સરળતાથી હરફર થઈ શકે તેવા કોઈ રસ્તા નહોતા. આથી આ સમયગાળા દરમિયાન ભીલો દ્વારા ખાસ કોઈ ખલેલ થઈ નહિ. ૧૮૫૭ના બળવા સમયે બીજે સ્થળે ભીલોએ બ્રિટિશરો સામે બંડ પુકાર્યું ત્યારે પણ નહિ. આમ છતાં જંગલનું શોષણ સાતત્યપૂર્ણ રીતે અને વધતા પ્રમાણમાં ચાલુ થઈ ગયું હતું.

આ સમયગાળા દરમિયાન વહાણો બાંધવા માટે સાગની માગ ઓછી થઈ અને રેલવેના સ્લીપર્સ બનાવવા માટે તેની માગ ઘણી વધી ગઈ. શરૂઆતમાં આ નવી માગને ધારણ અને સુરત જિલ્લાના ધરમપુર અને વાંસદા જેવા રાજાઓના રાજ્યોના ખાસ ગાઢ નહિ તેવાં અને સરળતાથી પહોંચી શકાય તેવાં જંગલો દ્વારા સંતોષવામાં આવી. ૧૮૫૦ના પાછલા ભાગમાં આ જંગલો ખલાસ થવાનાં લક્ષણો બતાવવા લાગ્યાં અને લાકડાના વેપારીઓ તેમને વધારાનો જથ્થો ડાંગમાંથી અપાવો જોઈએ તેવી માગણી કરવા લાગ્યા. લીઝ ઉપર સહીસિક્કા થઈ ગયા બાદ મેદાની વિસ્તારોના ખેડૂતોને મજૂરીએ રાખીને બ્રિટિશરોએ આ વિસ્તારનાં જંગલોનું લાકડું કાપવાનું, એ લાકડું વહન કરવાનું અને વેચાણનું તંત્ર પોતાના હાથમાં લઈ લીધું.[૧૦૦] ૧૮૬૦ના ગાળામાં તેઓએ એક ખાનગી વેપારીને 'ગ્રેટ ઇન્ડિયન પેનિન્સુલા રેલવે' ને ડાંગના લાકડામાંથી બનાવેલા સ્લીપર્સ પહોંચાડવાનો કોન્ટ્રાક્ટ આપવાની પદ્ધતિનો અખતરો કર્યો. આ વેપારીએ આ વિસ્તારમાંથી લાકડું લાવવા માટે પોતાની મૂડી રોકીને રસ્તા બાંધ્યા.[૧૦૧]

૧૮૬૯માં બ્રિટિશરોએ પૂર્ણપણે એવી પદ્ધતિ

અપનાવી જેમાં જંગલમાંથી લાકડું કાપવાનો અને તેને વહી જવાનો કોન્ટ્રાક્ટ લાકડના કોન્ટ્રાક્ટરોને હરાજીથી અમુક સમયગાળા માટે આપવામાં આવ્યો. જે જે ઝાડ કાપવાનાં હતાં તે તે ઝાડના ભાવનો ઉલ્લેખ કોન્ટ્રાક્ટમાં કરવામાં આવ્યો.[102] આની પાછળનો ખ્યાલ એ હતો કે આમ કરવાથી જંગલ ખાતાના અધિકારીઓ કાપવામાં ઝાડોને અલગ પાડી શકે અને તેના ઉપર નિશાની કરી શકે. આ પછી કોન્ટ્રાક્ટર જંગલમાં જઈ ઝાડ કાપનારા મજૂરોને મજૂરીએ લઈ આવતો. કાપેલું લાકડું તે પછી સરહદ પરની ચેક પોસ્ટ ઉપર અથવા ડાંગની બહાર આવેલા ડેપો પર લઈ જવામાં આવતું. ત્યાં તેનું માપ લેવામાં આવતું, તેનો ભાવ નક્કી થતો, તેના પર સિક્કો મરાતો અને તે પછી લાકડું ત્યાંથી ખસેડાતું. આ રીતે કાપેલા લાકડાના પ્રકાર મુજબ કોન્ટ્રાક્ટરે સરકારને નક્કી કરેલી કિંમત ચૂકવવાની રહેતી.[103] કોન્ટ્રાક્ટરોને મદદરૂપ થવા માટે બ્રિટિશરોએ ડાંગના મધ્ય ભાગમાં નવા રસ્તાઓ બાંધ્યા જેનાથી વણકપાયેલા લાકડાવાળા નવા વિસ્તારમાં જવાનું સરળ બન્યું. આના પરિણામે ૧૮૭૦ માં કપાઈને બહાર ગયેલા લાકડાનું પ્રમાણ ઘણું વધી ગયું.

આ પછી જંગલ ખાતાના અધિકારીઓ ત્યાંના સ્થાનિક લોકોથી લાકડાનું વધુ સારું 'રક્ષણ' કરવા માટેની તેમની માગણીને વધુ ને વધુ કડક કરતા ગયા. ખાસ તર્કનો ઉપયોગ કર્યા વિના જંગલના વિનાશના દોષનો ટોપલો ડાંગીઓને માથે ચઢાવવામાં આવતો જ્યારે સરકાર દ્વારા લાકડું કાપવા માટેની અમલમાં મુકાયેલી પદ્ધતિની અવગણના કરવામાં આવતી. ઊંચું ઊગી ગયેલું ઘાસ જે પ્રાણીઓને છુપાવામાં મદદરૂપ થતું અને જેને કારણે શિકાર માટેનો તથા જંગલમાં હરવા ફરવા માટેનો માર્ગ અવરોધાતો હતો તે ઘાસ દૂર કરવા જંગલની સપાટીને દર વર્ષે સળગાવી દેવાની અપનાવાતી પદ્ધતિ નુકસાનકારક હતી. આનાથી ખૂબ મોટી સંખ્યામાં કુમળાં ઝાડ નાશ પામતાં એવું મનાતું. આને કારણે જંગલ ખાતું ઉગાડવાનું મુશ્કેલ બનતું. વળી ઊગમાં ઝાડોને પણ એથી નુકસાન થતું. એ ઝાડો બેડોળ બની જતાં અને 'લાકડા' તરીકે કિંમત વગરના થઈ જતાં.[104] અહીં ફરતી (Slash and burn) ખેતી થતી કે જેમાં કોઈ એક સ્થાને દર વર્ષે ખેતી થતી નહિ. આ વર્ષે અમુક જગ્યાએ તો બીજે વર્ષે બીજે. વળી જ્યાં ખેતી થતી ત્યાં ઝાડની ડાળીઓ અને પાનનો ઢગલો કરીને બાળવામાં આવતાં. આ રીતે બળેલાની રાખને બી સાથે છાંટવામાં આવતી. આ પદ્ધતિને રાબ અને કુમરી પદ્ધતિ કહેવાતી. આ પદ્ધતિ ટીકા પાત્ર બની અને એવું મનાતું કે આનાથી વૃક્ષોને નુકસાન થાય છે.[105] પસંદગીનાં જંગલોનું લાકડું કાપવા માટે ભીલોને દોષપાત્ર માનવામાં આવતા જે તેઓ તે વખતે સળગાવી દેતા હતા. જંગલ ખાતાના અધિકારીઓના મત મુજબ જે નજીવો પાક તેઓ આ રીતે મેળવતા તેની કિંમત કાપવામાં આવતા નાનામાં નાના ઝાડ જેટલી યે થતી નહોતી.

ડાંગમાં ખેતીના ઉપયોગ માટે ઝાડની ડાળીઓ કાપવા ઉપર પ્રતિબંધ મૂકવાનો પ્રયત્ન જંગલ ખાતાના અધિકારીઓએ છેક ૧૮૫૦ માં કર્યો હતો. આને કારણે ઘણો વિરોધ થયો હતો તેમ જ હુકમનો અનાદર થયો પણ હતો.[106] આ પ્રતિબંધનો અમલ કરવાનું મુશ્કેલ હતું તે કારણે તેમ જ ખાનદેશના ભીલ એજન્ટ અને તેના ઉપરી કલેક્ટર જેવા રાજકીય સત્તા ધરાવનારાઓ આવા હસ્તક્ષેપને ટેકો આપતા નહોતા તેથી આ પ્રતિબંધને ૧૮૬૦ માં ભૂલી જવામાં આવ્યો. ૧૮૬૨ માં ખાનદેશના કલેક્ટર આઈ. આર. ચેશબર્ને લખ્યું કે 'ભીલોને જીવવા દેવા જોઈએ અને તેઓ જંગલોને સળગાવ્યા વિના જીવી નહિ શકે. તેમની તાકાત અને પ્રવૃત્તિ એટલાં ભારે નથી કે જેથી તેઓ તેમના મર્યાદિત ખેતીના કામ માટે જોઈતું હોય તેના કરતાં વધારે લાકડાનો નાશ કરી શકે.'[107] મુંબઈ પ્રેસિડન્સીના ઉત્તર વિભાગના વનસંરક્ષણ અધિકારીએ વળતો હુમલો કરતાં દલીલ કરી હતી કે રાબ અને કુમરી પદ્ધતિથી જંગલોનો નાશ થતો જ હતો.[108] ફરીથી ખાનદેશના સત્તાવાળાઓ ડાંગીઓના બચાવમાં આવ્યા. ચાર્લ્સ પ્રીટ્યાર્જે દલીલ



કરી કે ડાંગ એ 'પરદેશી પ્રદેશ' હતો અને એ લોકોની ખેતીની પદ્ધતિમાં દાખલ કરવાનો સરકારને હક્ક ન હતો. એમ કરવું એ કેવળ અન્યાયી જ ન હોતું. પરંતુ અવિનયી પણ હતું કારણ કે ડાંગી લોકો આને તેમના હક્ક પરની તરાપ માનશે અને શાંતિપૂર્વક એને વશ થશે નહિ. પ્રીટ્યાર્જે પોતાનું નિરીક્ષણ પ્રગટ કરતા કહ્યું કે આવી ખેતી નવી નહોતી. સુંદર વૃક્ષોથી જ્યારે જંગલો સમૃદ્ધ હતાં ત્યારે ત્રીસ વર્ષ પહેલાં પણ એ અસ્તિત્વ ધરાવતી હતી. તેમના અભિપ્રાય મુજબ જંગલના વિનાશનું ખરું કારણ જંગલ ખાતું જે અવિચારી અને અવૈજ્ઞાનિક રીતે કામ કરતું હતું તે હતું. કપાતા લાકડાનું યોગ્ય નિરીક્ષણ થતું નહોતું અને જાળવણી માટે ગંભીર પ્રયત્નો પણ થતા નહોતા. કોન્ટ્રાક્ટરોને વર્ષો વર્ષ ઓછા દરે કોન્ટ્રાક્ટ અપાતા હતા. વળી જંગલની બહાર જે લાકડું લઈ જવાતું તેના પર જ કોન્ટ્રાક્ટરોએ વેરો ભરવાનો હતો તેથી જે લાકડું કાપવામાં આવતું તેમાનું ઘણું જંગલની જમીન પર એમ જ પડ્યું રહેતું. રેલવેના સ્લીપર્સ માટે ઉપયોગમાં આવે તેવું લાકડું જ લઈ જવામાં આવતું.[109] મુંબઈ સરકારે આ દલીલનો સ્વીકાર કર્યો. એક જાહેર નિવેદનમાં કહેવાયું કે સરકાર વનસંરક્ષણ અધિકારીની એ દલીલ સાથે સંમત થતી નથી કે ડાંગમાં જંગલોનો વિનાશ મુખ્યત્વે 'ફરતી ખેતી'ને લીધે થતો હતો.[110]

આમ છતાં રાબ અને કુમરી ઢબની ખેતી ઉપર નિયંત્રણ મૂકવા માટેનું દબાણ વધતું ગયું. ૧૮૬૫ના જંગલના કાયદાએ ભારતમાં અનામત જંગલ વિસ્તારની પ્રથા દાખલ કરી. આ વિસ્તારમાં સરકાર બધા પ્રકારની ખેતી ઉપર પ્રતિબંધ લાદી શકતી હતી. આ અનામત વિસ્તાર ઉપર સરકાર બધા માલિકીહક્ક ભોગવી શકતી હતી.[111] ૧૮૭૮ના કાયદા દ્વારા નિયમનો વધુ કડક બનાવાયાં. એ મુજબ જે ખેડૂતો અનામત વિસ્તારોમાં રહેતા હતા તેઓને જંગલના ઉપયોગ માટે કોઈ અધિકાર નહોતો. તેઓ જંગલનો જે ઉપયોગ કરતા તે રાજ્યની કૃપાથી કરતા, હક્ક તરીકે નહિ.[112] આ સમયગાળા દરમ્યાન બોમ્બે પ્રેસિડન્સીનાં જંગલોની મોજણી કરવામાં આવી. તે વખતે જે લોકો ત્યાં વસતા હતા તેમની યાદી બનાવવામાં આવી—આ યાદી એવી રીતે બનાવાઈ કે તેઓ તેમના પરંપરાગત બધા અધિકારો ગુમાવતા હતા. જંગલના કાયદા મુજબ જે વિસ્તાર અનામત ગણાતો હતો તેની સીમારેખા આંકવામાં આવી અને સરહદસ્થાનો (Bournadry Posts) ઊભાં કરવામાં આવ્યાં. જે જંગલોની હજી મોજણી થઈ શકી નહોતી પણ ભવિષ્યમાં જે 'અનામત' થઈ શકે તેમ હતાં તેમને 'સુરક્ષિત' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યાં. ડાંગનો હવાલો સંભાળતા જંગલખાતાના અધિકારીઓએ માગણી કરી કે આ વિસ્તારની પણ આ જ પ્રકારની મોજણી કરવામાં આવે અને 'અનામત' તથા 'સુરક્ષિત' વિસ્તારો અલગ તારવવામાં આવે. મુશ્કેલી એ હતી કે કાયદેસર રીતે ડાંગ ભીલ સરદારોના કબજા હેઠળ હતું અને મુંબઈ સરકારના કાયદા ત્યાં કામ આવે તેમ નહોતા. આથી જંગલના એ કાયદાઓ હેઠળ આપોઆપ તેમને લાવી શકાય તેમ નહોતા.

૧૮૭૮માં મુંબઈ સરકારે આ પ્રશ્નને તપાસી જવાનો નિર્ણય કર્યો અને રાજકીય તેમ જ જંગલ ખાતાના અધિકારીઓના બનેલા એક પંચની સરકારે નિમણૂંક કરી. આમાંના એક સભ્ય વનસંરક્ષણ અધિકારી એ. ટી. શટલવર્થ હતા જેઓ વર્ષોથી ડાંગમાં ફરતી ખેતી પર નિયંત્રણ મૂકવાની દલીલ કરતા હતા. અગાઉ શંકા ધરાવતા ખાનદેશના સત્તાધીશોને અનામતથી જરૂર વિશે સમજાવવામાં તેઓ સફળ થયા હોવાનું જણાય છે. અંતિમ અહેવાલ જંગલ ખાતાના અધિકારીઓના તર્કથી ભરેલો છે.

ઘણાં વર્ષોથી ડાંગના રહેવાસીઓ દ્વારા ચાલી આવતી નુકસાનકારક ખેતીની પદ્ધતિએ અને તેમના ઢોરોમાં રોગચાળો ફેલાવાથી, દુકાળના ભયથી, તેમના કુટુંબના કોઈ સભ્યના મૃત્યુને કારણે તેમ જ અન્ય કોઈ અલૌકિક કારણને લીધે એક સ્થળેથી

બીજા સ્થળે સતત કરવામાં આવતાં સ્થળાંતરોએ નિઃશંક રીતે જંગલોનો નાશ કરવામાં ભાગ ભજવ્યો છે. આથી અમારો અભિપ્રાય છે કે ભવિષ્યમાં કિંમતી લાકડાનો પુરવઠો મળતો રહે તે માટેની નિશ્ચિંતતા માટે કોઈ પણ ભોગે આવો વિનાશ રોકવાના હવે પ્રયત્ન થવા જોઈએ. આવું જંગલના વિસ્તારને રેખાંકિત કરવાથી જ થઈ શકે. વળી આ વિસ્તારને શક્ય હોય ત્યાં સુધી લોકોને ખેતી માટે ખરેખર જોઈતા વિસ્તારથી અલગ પાડીને જ થઈ શકે. એવી ભલામણ કરવામાં આવી કે ખેતીનું કેન્દ્રીકરણ ટકાઉ ખેતીપદ્ધતિને અનુકૂળ જમીન પર કરવામાં આવે કે જ્યાં નજીકમાં પાણીનો પુરવઠો સતત મળતો હોય. આ જમીન ઉપર સ્થાયી રહેઠાણો ઊભાં કરવા જોઈએ. એ પછીના બાકીના ડાંગને 'અનામત જંગલ' તરીકે ઓળખાવું જોઈએ જ્યાં ઢોર ચરાવવાની છૂટ અપાય પણ ખેતી કરવાની નહિ.[113] મુંબઈ પ્રેસિડન્સીના કાનૂની સલાહકાર જે. આર. નેલરે અહેવાલ ઉપર વધારાની નોંધ મૂકી જે કેટલીક મુશ્કેલીઓ તરફ અંગુલિનિર્દેશ કરતી હતી. તેમની દલીલ હતી કે બ્રિટિશરોએ ડાંગના સરદારો સાથે કોઈ ઔપચારિક સંધિ અથવા રાજકીય ગોઠવણો કરી નહોતી, માત્ર જંગલ અંગેના લીઝ હતા. આ લીઝ બ્રિટિશરોને ખેતીમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર આપતા નહોતા. આમ છતાં વર્ષોના વીતવા સાથે મુખીઓએ તેમના વિસ્તારમાં બ્રિટિશરોને ન્યાય કરવાની છૂટ આપી હતી અને તેથી સરકારની સત્તાને વધુ વિસ્તારી શકાય તેમાં શંકા નહોતી. નેલરે અંતમાં લખ્યું, 'આવી વ્યવસ્થા જેનો સર્વ બાજુથી વિચાર કરવાનો થાય તે અધિકાર કરતાં તાકાત ઉપર વધારે અવલંબે છે અને સમિતિએ જે પ્રશ્નોનો સામનો કરવાનો છે તે જંગલોની જાળવણીમાં સરકાર કાયદેસર રીતે શું કરી શકે તે નથી પણ રાજાઓની થોડીઘણી વધુ સ્વીકૃતિ સહિત સરકારે ક્યાં ડહાપણયુક્ત અને દૂરદેશીભર્યાં પગલાંનો અમલ કરવો તે છે; કારણ કે આ લોકોવર્ષોથી અમુક પ્રકારની રૂઢિ અને આદતો સાથે રહેલા આવ્યા છે.[114]

બીજા શબ્દોમાં સમિતિની દરખાસ્તો બ્રિટિશ શાસનના કાયદાનો ભંગ કરવા અંગેની હતી. પણ જો મુંબઈ સરકારને એમ લાગતું હોય કે જે રીતે તેણે તેના પોતાના પ્રદેશોમાં જંગલ અંગેના અધિકારો જે જબરદસ્તી અને નિર્લજ્જતાથી છીનવી લીધા હતા તેમ ડાંગીઓના અધિકારો પણ તે જબરદસ્તીથી છીનવી શકે છે; તો તે માટેનો પ્રયત્ન કરવા જેવો છે તેવું સૂચન સમિતિનું હતું.

ખાનદેશના ભૂતપૂર્વ કલેક્ટર એશબર્ને સમિતિનાં તારણો સામે વિરોધની એક નોંધ જાન્યુઆરી ૧૮૭૯માં મૂકી. તેમણે દલીલ કરી કે ડાંગને જુદા જુદા જમીનના ટુકડાઓમાં વહેંચી નાખવું અશક્ય બનશે. આ પ્રકારના ખ્યાલની લોકોને કોઈ સમજણ નથી. 'જ્યારે એક ગામના ભાગ પાડવામાં આવે છે; અલબત્ત, કોઈક વાર, ત્યારે સરદાર માત્ર જમીનના જ ભાગ પાડતો નથી પણ રૈયતનાય ભાગ પાડે છે. જમીનની કોઈ કિંમત નથી પણ રૈયતની છે, અને જમીનના ટુકડાઓ પાડી સીમા આંકીને ડાંગના ભાગ પાડવાનો પ્રયત્ન શક્ય નહિ બને; કારણ કે લોકો પોતે જ સીમા વિશે જાણતા નથી; અને જો એ માટે આગ્રહ રાખવામાં આવશે તો તેને કારણે જેનો ક્યારેય ઉકેલ નહિ આવે એવા સીમા અંગેના ઝઘડા ઊભા થશે જે સદ્ભાગ્યે આજે નથી.[115]

એશબર્ને પોતાની દલીલ ચાલુ રાખતાં જણાવ્યું કે કુમરી ખેતીને અટકાવવા ફોરેસ્ટરોના એક નાના દળની જરૂર પડશે. ૧૮૬૨માં તાજા કરવામાં આવેલા લીઝની—જ્યારે સરદારોને ચૂકવવાની રકમ રૂ. ૧૧,૨૩૦ થી વધારીને રૂ. ૧૩,૦૩૯ કરવામાં આવી હતી—શરતમાં આ પ્રકારની ખેતીની ખાસ છૂટ આપવામાં આવી હતી. ડાંગમાં આશરે ૩,૦૦૦ જેટલાં કુટુંબો હતાં અને તેમની ખેતી જંગલોને ખૂબ જ ઓછું નુકસાન પહોંચાડતી હતી. તેમણે સૂચવ્યું કે ખાસ કિંમતી ઝાડો ઉપર નિશાની કરી દેવાનું વધારે સારું પડશે,



જેથી એ ઝાડોને કપાતાં અને ખેતી કરતી વખતે નુકસાન પહોંચાડતા અટકાવી શકાય; તથા લીઝ આ બાબતને ધ્યાનમાં રાખીને બનાવવા.

મુંબઈના ગવર્નર સર રીચાર્ડ ટેમ્પલ અંતે જંગલખાતાના અધિકારીઓના પક્ષમાં રહ્યા. તેમણે સ્વીકાર્યું કે સરકારના અસરકારક નિયંત્રણને અભાવે ડાંગનાં જંગલો વર્ષોવર્ષ નાશ પામતાં જતાં હતાં. તેમણે જંગલ ખાતાને કયા વિસ્તારને ખેતીમાંથી બાકાત રાખવો તે સૂચવવા આદેશ આપ્યો. આ વિસ્તારમાં ભારતીય જંગલ ધારા (Indian Forest Act.)ને ધ્યાનમાં લઈ જાળવણી કરવાની હતી. તેમની માન્યતા હતી કે આ રીતે અડધા ડાંગને અનામત જંગલમાં ફેરવી શકાય તેમ હતું. ભીલોને એક સ્થળે સ્થાયી થઈને ખેતી કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. તેઓને ઇચ્છાવિરુદ્ધ હટાવવા માટે દબાણ કરવું નહિ.[116]

આમ ડાંગના જંગલના અનામતપણા અંગેના સિદ્ધાંતનો સ્વીકાર થયો ખરો પણ તેના અમલમાં કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ હતી. આ અંગેની શરૂઆત કરવાની દૃષ્ટિએ ડાંગની હજી પૂરેપૂરી મોજણી થઈ નહોતી તેમ જ તેના નકશા બન્યા નહોતા. બે ટુકડીઓએ ૧૮૭૫માં આ કામ શરૂ કર્યું હતું પણ તેઓ આરોગ્યની દૃષ્ટિએ અનુકૂળ એવા વર્ષના માર્ચથી મે સુધીના સમયગાળામાં જ કામ કરી શકતા અને તેમાંયે માંદા પડવાનું તો બનતું.[117] તેઓએ તેમનું કામ જેમતેમ ૧૮૮૩માં પૂરું કર્યું પરંતુ તે દરમ્યાન મોજણીનો ઘણો ભાગ વાસી થઈ ગયો હતો. કારણ કે નકશામાં બતાવાયેલાં ઘણાં ગામો ત્યાંથી બદલાઈ ગયાં હતાં. ૧૮૮૯ સુધી કોઈ વધારાનું પગલું લેવાયું નહિ. એ વર્ષે ખાનદેશના કલેક્ટર ડબલ્યુ. ડબલ્યુ. લોકે ડાંગમાં પ્રવાસ કર્યો અને જંગલો અનામત રાખવા બાબત સરદારોને સમજાવ્યા. લોકે નોંધ્યું, 'રેખા નિર્ધારિત કરવા બાબત સરદારોને સમજાવવામાં ઘણી મુશ્કેલી અનુભવવી પડી. તેઓ આ ફેરફાર બાબત શંકાશીલ છે અને જમીન ઉપરના તેમના અધિકાર માટે ઘણા મક્કમ છે.'[118] લોકે વચન આપ્યું કે અડધા હિસ્સાને જ અનામત કરવામાં આવશે. તેમણે એ પણ કબૂલ્યું કે જો તેઓ રેખાઆંકણી બાબત સંમત થાય તો લીઝ માટે તેમને ચૂકવવાની રકમમાં વધારો કરી આપવામાં આવશે. તેમની આનાકાનીયુક્ત કબૂલાતો મેળવ્યા બાદ—વળી તેઓ એ પણ જાણતા હતા કે ડાંગીઓ બ્રિટિશરોનો ખુલ્લો વિરોધ કરી શકે તેમ નથી—લોકે પીંપળાઈ દેવીમાં એક દરબાર ભર્યો અને તેમાં નીચે મુજબના કરાર પર સહી સિક્કા થયા:

'હું સમજું છું કે મારા ડાંગના એક હિસ્સાને જંગલ માટે સરકાર અનામત કરવા ઇચ્છે છે. આ હિસ્સો અડધાથી વધશે નહિ અને જો આવું અનામત રાખેલા હિસ્સામાં થશે તો જંગલ ખાતાના અધિકારીની પરવાનગી વગર એમાં કોઈને દાખલ થવા દેવામાં આવશે નહિ. હું આ ગોઠવણ સાથે એવી સમજપૂર્વક સંમત થાઉં છું કે અનામત જંગલમાંથી ખેતી માટેની પૂરતી જમીનને બહાર રાખવામાં આવશે. મને અને મારા માણસોને અનામત સિવાયનાં ઝાડો ખેતીના તથા ઘરગથ્થુ હેતુઓ માટે વાપરવા દેવામાં આવશે, વેચવા માટે અને વિનિમય માટે નહિ'[119]

સીમારેખા આંકવાનું કામ જંગલ ખાતાના અધિકારીઓને બદલે આઈ. સી. એસ. થયેલા અધિકારીઓ દ્વારા હાથ પર લેવાયું. ૧૮૯૧ના પ્રાથમિક અહેવાલમાં આવા એક અધિકારી એ. લુકાસે દરખાસ્ત કરી કે કુલ ૬૩૫ ચોરસ માઈલ પૈકી ૨૧૯ ચોરસ માઈલનો વિસ્તાર જંગલ માટે અનામત રાખવામાં આવે જે સમગ્ર વિસ્તારનો ૩૪ ટકા થવા જાય છે. આ વિસ્તારમાં ખેતી પર પ્રતિબંધ મૂકી શકાશે પણ ડાંગીઓને શિકાર કરતા અટકાવી નહિ શકાય તેવું લુકાસને લાગ્યું. વળી ભીલોને અનામત વિસ્તારમાંથી મહુડાનાં ફૂલ વીણવાની અને કંદમૂળ ખોળી કાઢવાની પણ પરવાનગી આપવી. નહિતર ઉનાળાના દિવસોમાં તેઓ ભૂખે મરશે. એક છેડાથી બીજા છેડા સુધી દર વર્ષે અનામત વિસ્તારમાં આગ

લગાવાતી તે રોકવા કંઈ કરવામાં આવ્યું નહિ. આવું કરવાનું પરિણામ એ આવે કે ઘાસને બદલે લીલો ઝાડો સળગાવવા તરફ વળે.[૧૨૦] જંગલ ખાતાના અધિકારીઓને લુકાસની દરખાસ્ત ગમી નહિ. તેઓ અનામતના પૂરા વિસ્તારમાં શિકાર ઉપર પ્રતિબંધ ઈચ્છતા હતા જેથી ઘાસ સળગાવવાનું અટકાવી શકાય. તેઓની એવી પણ માગણી હતી કે અનામતમાં બીજા ૮૪ ચોરસ માઈલનો ઉમેરો કરવો અને એ રીતે ટકાવારી સમગ્ર વિસ્તારના ૪૮ ટકા કરવી.

અનામત જંગલના વિસ્તારને અલગ દર્શાવવા માટેની સીમારેખા નક્કી કરવા લુકાસ ૧૮૯૨ના ફેબ્રુઆરીમાં ડાંગમાં ફર્યા. ડાંગી સરદારો આનો વિરોધ કરશે એવી અપેક્ષાથી તેમણે તેઓને ચેતવણી આપતાં કહ્યું કે જો તમારામાંથી કોઈ સીમારેખાની નિશાની માટે મૂકવામાં આવેલ પથ્થરોને ઉખેડી નાખશે તો તે ફરી ગોઠવવા માટેના ખર્ચની રકમ તેઓને લીઝ માટે મળનાર રકમમાંથી કાપી લેવામાં આવશે. અમલા અને વાસુરાણાના રાજાઓએ અનામત જંગલોમાંથી તેઓને વાંસ કાપવા દેવામાં આવે તે માટે વિનંતિ કરી. લુકાસને લાગ્યું કે લોકોને આ માટેની પરવાનગી આપવી જોઈએ કારણ કે ડાંગમાં વાંસમાંથી બનાવાયેલ ટોપલા-સાદડીઓનો ધંધો સારો ચાલતો હતો. વળી અનામતની બહારના વિસ્તારમાંથી આ કામ માટે તેઓને પૂરતા પ્રમાણમાં વાંસ મળી રહેશે કે કેમ તે શંકાસ્પદ હતું.[૧૨૧] તે વર્ષના ઉનાળાના દરબારમાં ખાનદેશના કલેક્ટર જ્યારે સરદારોને મળ્યા ત્યારે ફરિયાદોનો વરસાદ વરસ્યો. તેઓએ જણાવ્યું કે અનામત જંગલોને કારણે અમારી ભાવિ પેઢીની શું દશા થશે તે અંગેની જાણકારી વગર જ અમારી પાસેથી સંમતિ મેળવવામાં આવી છે. તેઓએ જંગલમાં શિકારના અને ઢોર ચરાવવાના પ્રતિબંધ સામે પણ વાંધો ઉઠાવ્યો.[૧૨૨]

લુકાસે તેમનું સીમાઓ અંકિત કરવાનું કામ ૧૮૯૩માં પૂરું કર્યું. તેમણે ૧૧૯૬ પથ્થરો ગોઠવ્યા. કેટલાક કિસ્સાઓમાં ગામવાસીઓએ પથ્થરોને એક જગાએથી ઉખેડી બીજી જગાએ ગોઠવવા જેવી હરકતો કરી.[૧૨૩] મુંબઈ સરકારે લુકાસના કામનો ૧૮૯૩માં સ્વીકાર કર્યો જેમાં ડાંગનો ૩૪ ટકા વિસ્તાર અનામત જંગલોમાં ફેરવાયો. અનામત જંગલ વિસ્તારમાંથી ડાંગીઓને મફત વાંસ કાપવા માટેની પરવાનગી આપવામાં આવી; બિન ડાંગીઓને એવી પરવાનગી ન અપાઈ. તેઓને શિકાર કરવાની, માછલાં પકડવાની, મહુડાનાં ફૂલો ભેગાં કરવાની, કંદમૂળો ખોદવાની અને ધુમાડો કરી દરમાંથી ઉંદરો શોધી કાઢવાની પણ છૂટ આપવામાં આવી. લીઝ માટે સરદારોને ચૂકવવાની રકમ પણ વાર્ષિક રૂ. ૧૩૦૩૯માંથી વધારી રૂ. ૧૭૮૭૯ કરવામાં આવી.[૧૨૪]

આવી રાહતો આપવામાં આવી હોવા છતાં સરદારોનો વિરોધ ચાલુ રહ્યો હતો. આ બાબતમાં સરદારોની લાગણી કેવી હતી તે વિશેનો ચોક્કસ ખ્યાલ મેળવવાનું મુશ્કેલ છે. કારણ કે જે અધિકારીઓએ આ અહેવાલ લખ્યા અને જેના ઉપર આપણે આધાર રાખવો પડે છે તેઓનું વિરોધો પ્રત્યેનું વલણ ખૂબ જ તિરસ્કારયુક્ત હતું.

ઘણાએ કોઈ ફરિયાદો હતી એ વાત ઈન્કારવાનો અને જે વિરોધ થયો તે બહારના માણસોના વિરોધ તરીકે દોષપાત્ર ઠેરવવાનો પ્રયત્ન કર્યો હતો. એક કિસ્સામાં કાઢી મૂકવામાં આવેલા જંગલ ખાતાના કેટલાક કર્મચારીઓ તરફ આંગળી ચીંધાઈ હતી અને તેઓને સરદારોના મનમાં ઝેર ભરનારા તરીકે માનવામાં આવ્યા હતા.[૧૨૫] બીજા એક કિસ્સામાં જેમને દોષિત માનવામાં આવ્યા હતા તે નાસિક જિલ્લાના બાગલાણ તાલુકાના શિમ્પી જ્ઞાતિના માણસો હતા, જેઓ સરદારોને માટે કાગળો લખવાનું, તેઓને અનાજપાણી વગેરેની જરૂરિયાતો પૂરી પાડવા માટેનું કામ કરતા હતા.[૧૨૬] આ આક્ષેપો નિરાધાર જણાય છે. એવું લાગે છે કે સંગઠિત સ્વરૂપે વિરોધ રજૂ કરવાનું કામ કરનાર



પહેલો માણસ વનમાળી નામે ઓળખાતો ગઢવીના રાજાનો એક સગો હતો. તે ૧૮૯૨માં સરકાર વિરુદ્ધ કાનૂની અરજી દાખલ કરવાના હેતુથી પૈસા ભેગા કરવા બધે ફર્યો હતો. અમલાના રાજાનો તેને ખાસ ટેકો પ્રાપ્ત થયો હતો.[૧૨૭] એક વાર વિરોધને વાચા મળી તે પછી બાકીના સરદારો તરફથી પણ તેને ઘણો ટેકો મળ્યો. ૧૮૯૯માં ડાંગમાં ફર્યા બાદ એક અધિકારીએ લખ્યું છે તે મુજબ 'ગઢવી, પીંપરી, વાસુરાણા, અમલા અને દર્ભાવતી ડાંગના રાજાઓ જેઓ મુખ્ય માલિકો હતા તેમાંના દરેકે મને જણાવ્યું કે તેઓ અને તેમના માણસો કોઈ પણ પ્રકારના અંકુશ વગર ડાંગમાં ખેતી કરવાની અને વહીવટ કરવાની સ્વતંત્રતા માગે છે.[૧૨૮]

અધિકારીઓનો બીજો મત એ હતો કે વિરોધ માત્ર વધારે નાણાં મેળવવા માટેનો જ હતો. શરૂઆતમાં એવી દલીલ કરવામાં આવતી કે સરદારો એવું ઇચ્છતા હતા કે નવા લીઝ માટેની રકમ શક્ય તેટલી વધારે હોય, એક વખત રકમ વધારી દેવામાં આવશે એટલે વિરોધ શમી જશે.[૧૨૯] આ વાત થોડા જ વખતમાં ખોટી સાબિત થઈ કારણ કે ૧૮૯૪ના દરબારમાં ખાનદેશના કલેક્ટરે જ્યારે પહેલી વાર લીઝની વધારેલી રકમની ભેટ સરદારોને આપી ત્યારે તેઓએ તે પાછી લઈ લેવાનું જણાવ્યું કારણ કે તેઓ અનામત જંગલવાળી વાતને માન્યતા આપવા માગતા નહોતા. આમ બન્યું છતાં કલેક્ટરે તો આને બ્રિટિશ સરકાર પાસેથી વધારે રકમ કઢાવવા માટેનું એક ત્રાગું જ માન્યું. તેના જ શબ્દોમાં, 'હું કંઈક ગુસ્સે થઈ ગયો અને તેઓને તેમની રકમ સ્વીકારી લઈ ઘરે ચાલ્યાં જવાનું કહ્યું.[૧૩૦] બીજા માર્ચમાં વર્ષઈમાં વધારેલી રકમ સ્વીકારવાની તેઓએ ફરીથી ના કહી; ફરીથી તેઓને કેટલાક કલાકની ચર્ચા અને સજાની ધમકી આપી જંગલખાતાના અધિકારીએ સમજાવ્યા.[૧૩૧]

તેઓને વધારે રકમ જોઈતી હતી એ દલીલ સાથે જોડાયેલો મુદ્દો એ હતો કે એક વાર જંગલો અનામત થઈ ગયા પછી તેઓ જમીન ઉપરના વેરાની જે રકમ ગુમાવવાના હતા તેનાથી સરદારો વિચલિત થઈ ગયા હતા. ૧૯મી સદીની શરૂઆતમાં સરદારોની હળ ઉપરના વેરાની આવક ઘણી ઓછી હતી પણ છેલ્લાં ત્રીસ વર્ષોમાં બાજુના પ્રદેશમાંથી આ પ્રદેશમાં આવીને ખેતી કરનારાઓની સંખ્યામાં વધારો થયો હતો. વસ્તી પણ વધી હતી અને એના પ્રમાણમાં જમીન ઉપરનો વેરો પણ વધ્યો હતો. ડાંગના મોટા વિસ્તારમાં જો ખેતી પર પ્રતિબંધ મૂકવામાં આવે તો ખેડુતો ચાલ્યા જાય અને જમીન ઉપરના વેરામાંથી થતી આવકમાં ઘટાડો થઈ જાય.[૧૩૨] જો કે શરૂઆતની વસ્તી ગણતરીના આંકડા વિશ્વાસપાત્ર નથી છતાં ૧૯મી સદીના પાછલા ભાગમાં ડાંગની વસ્તીમાં વધારો તો થયો જ હતો. ૧૮૭૨માં વસ્તીની સંખ્યા ૨૧૧૮૪ બતાવાઈ છે જે ચોક્કસ ઓછી છે. ૧૮૮૧માં આ સંખ્યા ૩૧૨૮૦ અને ૧૮૯૨માં ૩૨,૯૨૦ નોંધાઈ છે. આ સમયગાળામાં બહારના માણસો ડાંગમાં આવ્યા હતા. ખાસ કરીને વડોદરા, વાંસદા અને ધરમપુરના પ્રદેશના તથા બ્રિટિશ ખાનદેશ અને નાસિક જિલ્લાના કણબી ખેડૂતો આવ્યા હતા. આ સ્થળાંતરનું મુખ્ય કારણ એ પ્રદેશોમાં વધતી જતી વસ્તીનું દબાણ જણાય છે; ઉપરાંત બ્રિટિશ અને ગાયકવાડી વિસ્તારમાં ફરતી ખેતી ઉપરનો પ્રતિબંધ પણ કારણભૂત જણાય છે. દારૂનો ધંધો કરનારા પારસીઓ જેઓ ડાંગમાં આવીને વસ્યા હતા તેઓએ અનાજ ઉગાડવા ડાંગમાં આવવાનું કણબીઓને પ્રોત્સાહન આપ્યું, કારણ કે આ પારસીઓ નફો કમાવા અનાજ બહાર મોકલવાનો ધંધો પણ કરતા હતા. તેઓ બિયારણ, ખાદ્યસામગ્રી અને દારૂ આ લોકોને અગાઉથી આપતા અને એની પુનઃ ચૂકવણી આકરા વ્યાજના દરે અનાજના દાણારૂપે પાછી માગતા.[૧૩૩]

સરદારો કોઈ પ્રકારનો રેકર્ડ રાખતા નહોતા તેથી વાસ્તવમાં જમીનના વેરાની આવકમાં ખરેખર કંઈ વધારો થતો હતો કે કેમ તે ગણવાનું શક્ય નથી. વેરાનો દર હળના ખેડાણ દીઠ રૂ. ૫ અને

હાથના ખેડાણ દીઠ રૂ. ૨.૫૦ હતો. એ જ રહ્યો હતો. વસ્તીમાં થયેલો વધારો એવું સૂચવે છે કે ૧૯મી સદીના પાછલા ભાગમાં સરદારો જે જમીન વેરો ઉઘરાવતા હતા તેની રકમમાં વધારો થયો હતો.

આમ છતાં ભીલોએ તેમની આવકમાં થયેલા ઘટાડાને ફરિયાદના સ્વરૂપમાં જોયો હોય તેવું લાગતું નથી. વેરો એ લોકો ઉપર નાખવામાં આવતો જેઓ તેમની ખેતીનું સ્થળ બદલતાં રહેતા. જ્યારે બ્રિટિશ શાસિત વિસ્તારમાં આ વેરો જમીનના વિસ્તાર પર લેવાતો હતો. જો સરદારનો પ્રજાજન અનામત જંગલમાં ખેતી ન કરે તો તેણે બીજે કોઈ સ્થળે ખેતી કરવી પડે અને એ રીતે પણ વેરો ભરવાનું ચાલુ રાખવું પડે.

ડાંગમાં દારૂ બનાવવાના અને વેચવાના વેરા બાબત સરદારોએ ફરિયાદ જરૂર કરી હતી. ૧૮૯૬માં ખાનદેશના કલેક્ટરને આપવામાં આવેલા માગણીપત્રમાં તેનો સમાવેશ થયો હતો.[૧૩૪] જંગલ માટેના લીઝ વખતે આવો વેરો નાખવાના અધિકાર અંગે કંઈ કહેવાયું નહોતું. એ વખતે કેટલાક દારૂ વેચનાર પારસીઓએ દારૂની ભઠ્ઠીઓ ચલાવવા માટેની અને દારૂ વેચવા માટેની પરવાનગી બદલ સરદારોને ચૂકવણી કરી હતી.[૧૩૫] ૧૮૫૬માં બ્રિટિશરોએ ડાંગમાં દારૂ બનાવવાનું અને રાખવાનું બંધ કરાવવા માટે સરદારોને સમજાવ્યા હતા. પણ આ પ્રકારના પ્રતિબંધની મોટે ભાગે અવગણના કરવામાં આવી તેથી બ્રિટિશરોએ ૧૮૭૧માં પારસીઓને દારૂની ભઠ્ઠી અને પીઠાં ખોલવાની પરવાનગી આપવાનો નિર્ણય કર્યો પણ આ વખતે એ માટે ચોક્કસ ફી લેવાનું પણ નક્કી કર્યું[૧]. આમ છતાં ૧૮૩૪ના લીઝમાં કે ૧૮૬૨માં સુધારવામાં આવેલા લીઝમાં દારૂ અંગેના અધિકાર માટેનો કોઈ ઉલ્લેખ નથી. બ્રિટિશરોએ એવો તર્ક લગાવ્યો હતો કે ભીલોને જંગલની પેદાશો વેચવાનો હક્ક હતો અને તેમાં મહુડાનાં ફૂલોનો પણ સમાવેશ થતો હતો, જે દેશી દારૂની બનાવટમાં વાપરવામાં આવતો મુખ્ય પદાર્થ હતો.

સરદારોએ શરૂઆતમાં આ વાત માની નહિ પણ બ્રિટિશોએ આમાંથી વાર્ષિક લગભગ રૂ. ૪૦૦૦ની આવક મેળવી. આખા ડાંગમાં દારૂનો ધંધો ચાલુ કરનારા પારસીઓ હતા જેઓ અનાજપાણી અને દારૂ ખેડૂતોને ખાવટી (Advance) તરીકે આપતા અને પછી આકરા વ્યાજના દરે વસૂલાત માગતા. એક વાર લોકો તેમના નિયંત્રણમાં આવી જતા તે પછી તેઓ તેમનું અનેક પ્રકારે શોષણ કરતા. જેઓ ઝડપથી વસૂલી ન કરી શકે તેમને ફટકારવા તેઓ ખાસ માણસોની નિમણૂક પણ કરતા.[૧૩૬] આમાં સરદારોને વાંધાજનક કંઈ લાગ્યું હોય તો તે પારસીઓ પર વેરો નાખવાનો અધિકાર ગુમાવવાની વાત નહોતી—જોકે ૧૮૮૮ સુધીમાં આ વેરાની વાર્ષિક આવક રૂ. ૬૦૦૦ સુધીની થઈ હતી.—પરંતુ ડાંગમાં પારસીઓ સત્તાના વૈકલ્પિક કેન્દ્ર તરીકે સ્થપાતા જતા હતા તે વાત હતી.

આમ છતાં સરદારોની સૌથી અગત્યની ફરિયાદ સ્પષ્ટ અને ભૂલ વગરની હતી અને તે એ કે લીઝની શરતો હેઠળ બ્રિટિશોને ડાંગના અમુક જ વિસ્તારમાં ખેતી થઈ શકે તેવી મર્યાદા નક્કી કરવાનો અધિકાર નહોતો. શરૂઆતમાં લીઝ ઉપર સહી કરવાની ફરજ પડી ત્યારે આ અંગે ફરિયાદ કરવાનું વલણ સરદારોએ રાખ્યું હતું પણ પછીનાં ૫૦ વર્ષોમાં તેઓ આનાથી ટેવાઈ ગયા હતા.

જંગલની અનામતે એક નવી અને ગંભીર ધમકીની તક પૂરી પાડી. અલબત્ત કરારની શરતોની રૂએ તેઓને અનામત જંગલોનો ઉપયોગ કરવાની અને શિકાર કરવાની છૂટ હતી પણ તેઓ જાણતા હતા કે વ્યવહારમાં તેઓ તેમની અગાઉની સ્વતંત્રતા હવે કદી ભોગવી શકવાના નથી. ઘણાં વર્ષોથી તેઓ જંગલ ખાતાના નીચલી કક્ષાના અધિકારીઓની હરકતો વેઠતા આવ્યા હતા.[૧૩૮] અને તેઓ જાણતા હતા કે એક વખત જંગલો અનામત થઈ જશે પછી આ હરકતોમાં વધારો થશે. અમુક નક્કી કરેલા વિસ્તારમાં વસવાટ



કરવાનો વિચાર તેમને અનુકૂળ નહોતો. ડાંગમાં પોતાની મરજી મુજબ ગમે ત્યાં રહેવાના અધિકારને તેઓ વધુ મહત્ત્વ આપતા હતા.

બ્રિટિશ અધિકારી જંગલોને અનામત કરવા અંગેની બાબતને અવશ્યપણે બધાના ભલા માટેની માનતા હતા અને તેથી સરદારોની ફરિયાદોને ગંભીરતાથી લેતા નહિ. તેમનો તર્ક એક જ હતો કે સરદારો પાસેથી તેમણે એકની એક વાત સાંભળવાની છે અને તે એ કે 'અમને વધારાની રકમની જરૂર નથી, અમે કોઈ સીમારેખાઓ સ્વીકારશું નહિ.'[૧૩૯] ગુસ્સે થયેલા અધિકારીઓ ફરિયાદ કરતા કે આ લોકોનું વલણ ઘણું 'જિદ્દી' હતું.[૧૪૦] આવી અતાર્કિક બાબતને તેમની પ્રાથમિક અવસ્થાના પુરાવા રૂપ માનવામાં આવતી. એક અધિકારીએ જણાવ્યું છે તેમ, 'શું કોઈ જંગલી ભેંસોના ટોળા પાસેથી સમજણપૂર્વકની મદદની આશા રાખી શકે ખરું?'[૧૪૧] આંશિક રીતે તેમના આ દુરાગ્રહમાં અધિકારીઓ દ્વારા થયેલ તેમની માનહાનિનું પ્રતિબિંબ પડતું હતું. ભીલ સરદારો એક ગૌરવભર્યો મોભો ધરાવતા હતા અને તેથી તેઓ કેટલાક માનની અપેક્ષા રાખતા હતા. અને આવું માન ન મળવાથી તેમને ઘણું ખોટું લાગતું હતું. જેઓને તેમના પ્રત્યે સહાનુભૂતિ ન હતી તેવા માણસો પાસે તેમનાં જંગલો અને તેમની સત્તા જતી તેઓ જોઈ રહ્યા હતા અને તેથી જેટલી આપી શકાય તેટલી તકલીફ તેઓને આપી પોતાનું સ્વમાન બચાવવાનો સરદારોએ નિર્ણય કર્યો હતો.

સરદારોએ ડાંગના ખેડૂતોને બિનઅનામત જંગલોને બદલે અનામત જંગલોમાં ખેતી કરવા માટેનું પ્રોત્સાહન આપ્યું. ૧૮૯૯માં ડાંગમાં પ્રવાસ કરનાર એક અધિકારીએ નોંધ્યું છે, ભીલ, કોંકણી અને વારલીઓએ સીમારેખા આંકેલા વિસ્તારોમાં ઠેર ઠેર તેમનાં ઝૂંપડાં બાંધ્યાં છે અને ખેતી માટે જમીન સાફ કરી છે. વળી આ જ સમયે તેમણે જંગલની બહારની જમીનના ઘણા બધા વિસ્તારને અણસ્પર્શ્યો જ રહેવા દીધો છે... જ્યારે તેઓને સરકારના અધિકારીઓ દ્વારા કહેવામાં આવતું ત્યારે તેઓ અચૂકપણે એવો જવાબ આપતા કે તેઓ એટલા માટે જંગલમાં આવ્યા છે કે તેઓને સરદારોએ દાખલો પૂરો પાડ્યો છે; અને આ વાત સાચી હતી તેમાં કોઈ શંકા હતી નહિ; કારણ કે ભીલ સરદારો, તેમના સગાસંબંધીઓ અને તેમના સલાહકારોએ મર્યાદા ઓળંગીને ખેતી કરનારા લોકોને જંગલમાં વસવાનું પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.'[૧૪૨]

સરદારોએ આવી ખેતીને માત્ર પ્રોત્સાહન જ ન આપ્યું પણ જંગલના ફાવે તેમ થઈ રહેલા વિનાશ તરફ પણ આંખ આડા કાન કર્યા.[૧૪૩] નુકસાનકારક આગ લગાડવાનું શરૂ થયું અને ઘણાં વૃક્ષો કાપી નંખાયાં તથા તેમનો નાશ કરાયો. આ જ અધિકારીએ નોંધ્યું હતું કે તેના પ્રવાસ વખતે તેણે તાજેતરમાં જ કપાયેલાં અનેક વૃક્ષોનાં થડ જોયાં હતાં. આઠથી નવ વર્ષ પહેલાં જે જંગલ સુંદર સાગ અને વાંસોથી સમૃદ્ધ હતું તે હવે જાળવણી માટેની તકલીફ લેવાને લાયક રહ્યું નહોતું. 'આ વિનાશ સીમારેખા આંકયા બાદ ભયંકર રીતે અને ખાસ કરીને ૧૮૯૬ પછી ઝડપી ગતિએ થઈ રહ્યો છે.'[૧૪૪]

જંગલ ખાતાના જે અધિકારીઓએ આ નાશને રોકવા પ્રયત્ન કર્યો તેઓને ડાંગીઓએ ધમકી આપી અને માર્યા પણ ખરા.[૧૪૫] આવા અધિકારીઓ માટે આ વિસ્તારમાં ફરવું સલામત રહ્યું નહિ. ૧૮૯૮ના એક અહેવાલ મુજબ, '૨૦ વર્ષ પહેલાં જંગલ ખાતાના એક જ રક્ષક સાથે કુલીઓના માથા પર મૂકીને હજારો રૂપિયા ડાંગના આ છેડાથી પેલા છેડા સુધી મોકલી શકાતા અને એ પૈસા લૂંટાઈ જવાની શક્યતાનો કોઈને વિચાર સુધ્ધાં ન આવતો; આજે ઘણી બધી સાવધાની રાખવી પડે છે. જ્યારે મોટી રકમ એક સ્થળેથી બીજે સ્થળે મોકલવાની હોય ત્યારે સલામતી માટે બે થી ત્રણ હથિયારધારી રક્ષકો રાખવા પડે છે.'[૧૪૬]

૧૮૯૯થી ૧૯૦૨ વચ્ચેના દુકાળ અને અનાજની તંગીના સમયગાળા દરમિયાન આ અસંતોષમાં ભૂખમરાનો ઉમેરો ડાંગી ભીલોમાં લૂંટફાટનું મોજું ઉછાળવામાં કારણભૂત બન્યો. ખાસ કરીને અમલાના રાજાના કેટલાક બાહુબંધોની એક ટોળકી વધારે તોફાની હતી જે આતલ્યાના ડુંગરામાં છુપાઈને ચોરી અને લૂંટફાટનાં કૃત્યો કરતી. આ ડુંગરને ઘેરી લેવા અને આ ટોળકીને પકડી લેવા ૨૦૦ માણસોનું એક દળ મોકલવામાં આવ્યું હતું. પારસીઓની દારૂની કેટલીક દુકાનો લૂંટફાટના ભયથી બંધ કરી દેવામાં આવી હતી. મોટા ભાગના પકડાઈ ગયા અને કેટલાક ભૂગર્ભમાં ચાલ્યા ગયા તે પછી જ ૧૯૦૩માં ડાંગમાં શાંતિ સ્થપાઈ.[૧૪૭] પણ ૨૦મી સદીના પહેલાં પંદર વર્ષના બનાવો દર્શાવે છે તેમ એ શાંતિ ભ્રામક હતી.

## ૬

૧૯૦૩ની પહેલી જાન્યુઆરીથી ડાંગના વહીવટની જવાબદારી ખાનદેશના સત્તાવાળાઓ પાસેથી મુંબઈ પ્રેસિડન્સીના જંગલ ખાતાને હસ્તાંતરિત કરવામાં આવી. આ પછી ભીલ એજન્ટોની ડાંગ વિસ્તારમાં કોઈ સત્તા રહી નહિ. સુરત સરકલના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસરને (જેમાં ડાંગ જ મુખ્ય જંગલ હતું) ડાંગના રોજબરોજના વહીવટની જવાબદારી મદદનીશ પોલિટિકલ એજન્ટ તરીકે સોંપવામાં આવી. પછીથી જે વ્યક્તિ સુરતના કલેક્ટર તરીકે સેવા બજાવતી તેણે જ મદદનીશ પોલિટિકલ એજન્ટ તરીકેની પણ સેવા બજાવવી પડતી. મદદનીશ પોલિટિકલ એજન્ટને બહુ ગંભીર પ્રકારના ગુનાના કેસો સિવાયના કેસો ચલાવવાની ન્યાયાધીશી સત્તા પણ આપવામાં આવી. આ જગ્યા ઉપર ઈ. એમ. હોડ્ગસનની નિમણૂંક કરવામાં આવી જેમણે ૧૯૦૩ થી ૧૯૧૦ સુધી સેવા બજાવી.

હોડગ્સને સૌથી મોટું પહેલું કામ ડાંગમાં વડામથકવાળું નગર તૈયાર કરવાનું કર્યું. ૧૯ મી સદી દરમ્યાન આ વિસ્તારમાં કોઈ નગર હતું નહિ. ચોમાસામાં જંગલ ખાતાના અધિકારીઓ ડાંગમાં ફરી શકતા નહિ ત્યારે સુરત જિલ્લાના સૌથી નજીકના તાલુકામથક ચીખલીમાં અથવા ડાંગની તળેટીમાં આવેલા વઘઈમાં રહેતા. ૧૮૯૬માં જંગલનાં સંરક્ષણ અધિકારી ડબલ્યુ. સી. રૂહેટને સૂચવ્યું હતું કે ડાંગના મધ્ય ભાગમાં મેદાની વિસ્તારમાં આવેલ આહવાને વહીવટનું કેન્દ્ર બનાવવું જોઈએ. ૧૮૮૯ થી એક પારસી ત્યાં દારૂની ભઠ્ઠી ચલાવતો હતો અને દારૂ ઉપર નિરીક્ષણ કરનાર એક સરકારી અધિકારી ત્યાં રોગનો ભોગ થયા વગર રહી શક્યો હતો. આહવાનો મેદાની પ્રદેશ ઊંચાઈ પર આવેલો છે અને આરોગ્યની દૃષ્ટિએ પણ યોગ્ય છે. હું માનું છું કે સભ્ય સમાજ સાથેની અલગતા સિવાયનું બીજું એવું કોઈ કારણ નથી જે ઘાટના માણસો સિવાયના માણસોને ત્યાં કાયમી વસવાટ કરતા અટકાવી શકે.[૧૪૮] આહવાથી ડાંગમાંના કોઈ પણ સ્થળે બે ચાર દિવસની મુસાફરીમાં પહોંચી શકાય છે.[૧૪૯] આ સૂચનનો હોડગ્સને સ્વીકાર કર્યો. તેમણે એક દવાખાનું બનાવવાનું તેમ જ એક દેશી મેજિસ્ટ્રેટ આખું વર્ષ ત્યાં રહી શકે તેવી ગોઠવણ કરવાનું પણ સૂચવ્યું.[૧૫૦] ૧૯૦૩ માં નગરની રચના શરૂ થઈ. કામ ઘણી મુશ્કેલીઓવાળું હતું કારણ કે કોઈ ડાંગી પાસે બાંધકામ અંગેની જરૂરી આવડત હતી નહિ અને બધા જ કારીગરોની વ્યવસ્થા બહારથી કરવાની હતી. રસ્તાઓની હાલત પણ ખૂબ જ નાજુક હોવાથી ઈંટ-ટાઈલ્સ જેવી સામગ્રીઓ આહવામાં જ બનાવવાની વ્યવસ્થા કરવી પડી. ગોરા અધિકારીઓને રહેવા માટે એક ફોરેસ્ટ રેસ્ટ હાઉસ બનાવાયું. બીજા અધિકારીઓ, પોલિસો તથા અન્ય નોકરો માટે પણ ઘરો બનાવાયાં. એક નાનકડું દવાખાનું બનાવાયું. એક જેલ, એક પોસ્ટ ઓફિસ અને એક સ્ટોર રૂમ પણ બનાવાયા.[૧૫૧] દારૂ બનાવનાર પારસીએ બનાવડાવેલો એક કૂવો તો હતો જ. હોડગ્સને કેટલાક વાણિયા વેપારીઓને બજારના હેતુથી વસાવવા ભારે પ્રયત્ન કર્યા પણ તેને સફળતા મળી નહિ. એ સમયમાં ડાંગમાં કોઈ પણ જગ્યાએ એક પણ વાણિયો રહેતો નહતો.[૧૫૨] આમ છતાં



૧૯૦૫ માં એક નાનકડા હાટ (અઠવાડિક બજાર) ની શરૂઆત આહવામાં થઈ.

આ કામ ચાલુ હતું ત્યારે હોડગ્સને વહીવટની પુનર્વ્યવસ્થા ગોઠવી. તેણે વહીવટ માટેની કેટલીક કાયમી સૂચનાઓ (Standing order) સાથેના નિયમો બનાવ્યા જે શક્ય હોય ત્યાં સુધી મુંબઈ પ્રેસિડન્સીમાં અમલમાં હતા તે કાયદાઓ સાથે સુસંગત હોય પણ ડાંગના ચોક્કસ સંજોગો પ્રમાણે એમાં જરૂરી ફેરફાર થઈ શકે. આહવામાં જ વસવાટ કરે એવા એક પોલિસદળની પણ તેણે રચના કરી. ૧૮૫૫ થી ડાંગમાં પોલિસ તરીકેનું કામ કરવાની જવાબદારી ખાનદેશના પીંપલનેર અથવા સાંકરીના અધિકારી જેને 'ડાંગના દીવાન' તરીકે ઓળખાતા તેની પાસે હતી. આ અધિકારીએ સારી મોસમમાં તેના હાથ નીચેના બે કે ત્રણ કોન્સ્ટેબલો સાથે ડાંગમાં ફરવાનું હતું. તેની પાસે ન્યાયાધીશ તરીકેની કોઈ સત્તા હતી નહિ.[૧૫૩] હોડગ્સનના હાથ નીચે આહવામાં વસતા ૧૪ કોન્સ્ટેબલનું દળ ધરાવતા ડાંગના દીવાનની વ્યવસ્થા કરવામાં આવી. તેને બીજા વર્ગના ન્યાયાધીશની સત્તા આપવામાં આવી જેથી આહવામાં રહીને તે આખું વર્ષ ન્યાયનું કામ કરી શકે.

હોડગ્સને સંદેશાવ્યવહારની તથા ઈતર સગવડો પણ વિકસાવી. તે વખતે ડાંગમાં ૨૦૦ માઈલ જેટલા બળદગાડાના રસ્તા હતા પણ એ રસ્તા એટલા ખાડા-ટેકરાવાળા અને સીધા ચઢાણવાળા હતા કે તેના પર બળદગાડું ચલાવવાનું કામ પણ ઘણું મુશ્કેલ હતું. હોડગ્સને જે રસ્તાઓ હતા તેને સુધારવાનું કામ કર્યું—ખાસ કરીને આહવાથી વઘઈ સુધીનો રસ્તો. વળી નવા રસ્તાઓ બનાવવાનું પણ શરૂ કર્યું. જંગલ ખાતાના અધિકારીઓ અને પોલિસ માટે વઘઈમાં મકાનો બનાવાયાં અને તેને ડાંગનું આહવા પછીનું બીજું અગત્યનું મથક બનાવાયું. ખાસ ખાસ સ્થળોએ ફોરેસ્ટ રેસ્ટ હાઉસ બનાવાયાં અને પીવાનું યોગ્ય પાણી મેળવવા કૂવા ખોદાવાયા. અગાઉ ડાંગમાં પીવાના પાણીના કૂવા ભાગ્યે જ હતા.

દવાખાનું, કૂવાઓ અને રહેઠાણ માટેનાં મકાનો જે આહવાના મેદાની પ્રદેશોમાં તૈયાર કરાયાં તેણે બહારના લોકો માટે માંદગીના સતત હુમલાઓમાંથી બચીને જીવવાનું સરળ બનાવ્યું. ક્વીનાઈનનો ઉદાર પુરવઠો પૂરો પડાયો અને રાત્રે મચ્છરો ન કરડે તે માટે મચ્છરદાનીઓ પણ પૂરી પાડવામાં આવી.[૧૫૪] આ વિકાસથી પ્રોત્સાહિત થઈને અને ડાંગની ભૂમિને તેમની પ્રવૃત્તિઓ માટેની વણખેડાયેલી ભૂમિ માનીને અમેરિકન મિશનરી સોસાયટી ઓફ ધી ચર્ચ ઓફ ધી બ્રેધરન દ્વારા ૧૯૦૪ માં એક નિશાળની સ્થાપના થઈ અને તેમાં ધર્મપરિવર્તન કરનાર એક ભારતીયની પહેલી નિમણૂક થઈ. પછી ૧૯૦૭ થી એક મિશનરી દંપતી જે. એમ. ફ્લોરેન્સ પિટન્ગર તેમાં જોડાયું.[૧૫૫] ડાંગમાં આખું વર્ષ રહેનારા તેઓ પ્રથમ ગોરાઓ હતા અને તેમની નિશાળ આ વિસ્તારમાં સ્થપાયેલી સૌથી પહેલી નિશાળ હતી. ડાંગી ભાષામાં 'શિક્ષણ' નામનો કોઈ શબ્દ પણ નહોતો. — આ પ્રવૃત્તિને લોકો સુધારાની પ્રવૃત્તિ માનતા. તેમની શિક્ષણની પ્રવૃત્તિઓ ઉપરાંત આ મિશનરીઓ ઉપદેશ આપવા અને દવાઓ આપવા માટે ડાંગમાં ફરતા. તેઓએ કેટલીક ગામડી નિશાળો પણ ચાલુ કરી. ૧૯૦૯માં આવી ૩ નિશાળો હતી; ૧૯૧૨માં ૬. તેઓને ઉત્સાહભર્યો પ્રતિભાવ મળ્યો નહિ. આહવાના મુખ્ય માણસે મિશનરીઓની પ્રવૃત્તિઓનો વિરોધ કર્યો.[૧૫૬] એવું જ ડોલીડોલના લોકોએ કર્યું. તેઓ એમ માનતા હતા કે આ લોકો તેમનાં બાળકોને ચોરી જવા આવ્યા હતા;[૧૫૭] ખુદ ડાંગના દીવાને પણ તેમની વિરુદ્ધ કામ કર્યું. ડાંગનો આ દીવાન ચુસ્ત હિંદુ હતો. સામાન્યપણે ભારતમાં ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિઓ માટે તેને ચીઢ હતી અને ખાસ કરીને ડાંગીઓને લખવા-વાંચવાનું શીખવવાના મિશનરીઓના પ્રયાસો તેને ગમતા નહોતા કારણ કે તેને બીક હતી કે આને પરિણામે ડાંગીઓ શિરજોરી કરતા થઈ જશે.[૧૫૮]

હોડગ્સને જંગલોનું પણ પુનઃવર્ગીકરણ કર્યું. તેણે

ડાંગનો પ્રવાસ કર્યો. સરહદ દર્શાવતા અસલ પથ્થરોનું સમારકામ કરાવીને અને ઘણા નવા બનાવીને તેણે અનામત જંગલોની સીમારેખાઓને સુધારી. કેટલાક વિસ્તારોનું ફરી વર્ગીકરણ કરી 'રક્ષિત જંગલો' તરીકે ત્યાં ખેતીકામ અટકાવવામાં ન આવે તેવી વ્યવસ્થા કરી. આમ ડાંગમાં ત્રણ પ્રકારની જમીન અસ્તિત્વમાં આવી (૧) અનામત (૨) રક્ષિત અને (૩) ખુલ્લી. તેણે અનામત જંગલોમાંના બધાં સજીવન વૃક્ષો તથા 'રક્ષિત જંગલો'નાં નવાં ઊગેલાં વૃક્ષો દસ વર્ષ સુધી ન કાપવા એવો પ્રતિબંધ મૂક્યો, જેથી અગાઉના દસકામાં જંગલનો જે વિનાશ થયો હતો તેને સ્થાને નવું જંગલ ફરી રચાય.[૧૫૯] વહીવટની સારી કાર્યક્ષમતાને કારણે તેમ જ સંદેશવ્યવહારની સારી સુવિધાઓને કારણે વૃક્ષો કાપવા પર મુકાયેલા આ પ્રતિબંધને લીધે જંગલમાંથી થતી આવકમાં કોઈ ઘટાડો થયો નહિ. ખરેખર તો તેમાં વધારો થયો. ૧૮૯૨–૯૩થી ૧૯૦૧–૦૨ના સમયગાળા દરમ્યાન સરેરાશ વાર્ષિક આવક રૂ. ૬૩,૯૬૫ની હતી તે ૧૯૦૧–૦૨થી ૧૯૧૧–૧૨ના દસકામાં રૂ. ૮૬,૬૭૦ થઈ.[૧૬૦]

દર વર્ષે જંગલની જમીનસપાટી સળગાવવામાં આવતી હતી તે અટકાવવા માટે પણ હોડગ્સને પોતાની ઘણી શક્તિ કામે લગાડી. ૧૮૯૦ના સમયગાળા દરમ્યાન અધિકારીઓ આગ લગાવવાની આ પ્રવૃત્તિને રોકી શક્યા નહોતા અને નિરાશ થયા હતા. પોતાના હાથ નીચેના માણસો અને પ્રજાજનો આવી આગ લગાવવાની પ્રવૃત્તિ ન કરે તે માટે સરદારોને સમજાવવાનો પ્રયત્ન હોડગ્સને શરૂ કર્યો. નાના સરદારો તથા ગામના મુખ્ય માણસો જેઓ આ પ્રવૃત્તિને અટકાવે તેઓને યોગ્ય બદલો અને પાઘડી આપવાનું પણ તેમણે વચન આપ્યું.[૧૬૧] આગ લાગે તો તે આખા જંગલમાં ન ફેલાય તે માટે તેમણે જંગલોમાં જુદીજુદી વ્યવસ્થા કરી.

૧૯૦૬ સુધીમાં તેઓ એવી નોંધ કરવા સમર્થ થઈ શક્યા કે દક્ષિણ ડાંગના સાડા પંદર ચોરસ માઈલના વિસ્તારમાં ખાસ સાવધાની રાખવાથી ૧૪ ચોરસ માઈલ વિસ્તાર આગમાંથી બચી ગયો હતો. 'આગ સામેના રક્ષણ બાબત ડાંગના દીવાને ઊંડો રસ લીધો અને તે આગ લગાવતી વખતે ખૂબ કાળજી રાખવી જોઈએ તેવું લોકોના મનમાં ઠસાવવામાં કડી રૂપ થઈ પડ્યો. ઘણા પટેલોને તેમનાં ગામોની આસપાસ નિશાનીઓ કરવા માટે પ્રેરવામાં આવ્યા જેના પરિણામે રક્ષિત જંગલનો મોટા ભાગનો વિસ્તાર આગમાંથી બચી ગયો.[૧૬૨] આગ સામેની સાવધાનીનાં આવાં જ પગલાં જ્યારે એક બળવાખોર ભીલે ઇરાદાપૂર્વક આગ લગાડી ત્યારે ઉત્તર ડાંગમાં નિષ્ફળ ગયાં. તેને પકડવામાં આવ્યો અને ચાર માસની જેલની સજા કરવામાં આવી. તે પછીના વર્ષે જે કોઈ આગ ચાંપતું જણાય તેને પકડીને સજા કરવાના જોરદાર પ્રયાસો કરવામાં આવ્યા. આગલા વર્ષના ૨૦ની સામે બીજે વર્ષે ૯૬ને આ ગુનાસર સજા કરવામાં આવી.[૧૬૩] ૧૯૦૭માં મહુડાનાં વૃક્ષો નીચેનું ઘાસ સળગાવવા ઉપર, ઉંદરો અને અન્ય પ્રાણીઓને દરમાંથી બહાર લાવવા ધુમાડો કરવા ઉપર અને રાત્રે પ્રકાશ મેળવવા મશાલ (Fire-torches) સળગાવવા ઉપર પૂરેપૂરો પ્રતિબંધ મૂકવામાં આવ્યો. જેઓએ સહકાર આપ્યો તેઓને બદલામાં ઉદારતાથી નાણાં અને પાઘડી આપવામાં આવ્યાં.[૧૬૪] આને પરિણામે ૧૯૦૫–૦૬માં ડાંગના ૯૩ ટકા વિસ્તારમાં આગ લગાડાઈ હતી તેના બદલે ૧૯૦૬–૦૭માં ૧૭ ટકાને જ આગ લગાવાઈ.[૧૬૫] આ એક વળાંકબિંદુ સાબિત થયું. આ પછી આગ લગાવવાના બનાવોનું પ્રમાણ ઘણું ઓછું થઈ ગયું.

આ નીતિની દેખીતી સફળતા છતાં હોડગ્સનની નીતિ સામે ભીલોમાં રીસની લાગણી ચાલુ રહી. સમગ્રપણે જંગલને પોતાની માલિકીનું ગણવાનું અને પોતાની ઇચ્છા મુજબ તેનો ઉપયોગ કરવાનું ભીલોએ ચાલુ રાખ્યું. તેઓને સ્થાયી ખેતીમાં રુચિ નહોતી તથા ખીણોમાં રહેવાની અને નક્કી કરેલા વિસ્તારમાં ખેતી કરવાની તેમને ફરજ પડાતી હતી તેની સામે તેઓએ વાંધો લીધો. ઘણાઓએ પોતાની ઇચ્છા મુજબ ખેતી કરવાનું ચાલુ રાખ્યું. આને કારણે તેઓને



જંગલ ખાતાના અધિકારીઓ અને પોલિસો સાથે અનિવાર્યપણે સંઘર્ષમાં આવવું પડ્યું. પોતાની આજીવિકા ચાલી જવાથી કેટલાકે ગામીત ખેડૂતોના ખેતરોમાંથી વધુ નિયમિતતાથી અને વધુ ખતરનાકપણે પોતાના દાણાપાણી લૂંટવી લેવાનું શરૂ કર્યું. આવું થતું ત્યારે ગામિતો રક્ષણ માટે પોલિસ પાસે જતા જેનું પરિણામ વધુ સંઘર્ષમાં આવતું.

તનાવની આ જે પરિસ્થિતિ ઊભી થઈ તેનું પ્રતિબિંબ ૧૯૦૭થી ૧૯૧૪ વચ્ચે જે ત્રણ મોટાં તોફાનો ફાટી નીકળ્યાં તેમાં પડે છે. આમાંનું પ્રથમ સપ્ટેમ્બર ૧૯૦૭માં થયું. આ તોફાન અમસાના રાજાના દીકરા અને આહવાના એક આગેવાન કણબી વચ્ચે ઊભા થયેલાં ઝઘડામાંથી થયું.[૧૬૬] ઓગસ્ટ ૧૯૦૭માં આહવાના એ આગેવાનનું મૃત્યુ થયું ત્યારે રાજાનો દીકરો તેના કુટુંબ પાસે બળદોની એક જોડી માટે હક્ક કરવા ગયો. તેનું કહેવું એમ હતું કે જૂના રિવાજ મુજબ આવું કરવામાં આવતું હતું. આગેવાનનું કુટુંબ આ વાત સાથે સંમત થયું નહિ અને તેણે સત્તાવાળાઓની મદદ માગી. ડાંગના દીવાનને એક અરજી આપવામાં આવી અને પોલિસ બળદની જોડી પાછી મેળવવા હાજર થઈ. ગરમાગરમ દલીલો થઈ અને પછી મારામારી. દીવાને જ્યારે આ સાંભળ્યું ત્યારે તે પોલિસ ટુકડી સાથે જાતે ગયો અને તેણે રાજાના દીકરાને અને તેના બીજા સાથીઓને ફટકાર્યા. દીવાનના પગલાની ખબર ફેલાઈ ગઈ ત્યારે ખૂબ મોટી સંખ્યામાં ભીલોએ પોતાના તીરકામઠાં અને કેટલાક કિસ્સામાં બંદૂકો લઈને આહવા તરફ કૂચ કરી. તેઓ દારૂની દુકાને ભેગા થયા અને ન્યાય કરવાને બદલે જુલ્મ કરનાર દીવાન સાથે કેવી રીતે કામ પાડવું તેની ચર્ચા કરી. કેટલાકે દીવાનને ફટકારવાનું સૂચન કર્યું. દારૂની દુકાનની માલિકણ ધનબાઈ નામે એક પારસણ હતી. તે ભીલોને ઉછીનાં નાણાં પણ આપતી હતી. આથી તેનો તેમના ઉપર કંઈક પ્રભાવ પણ હતો. તેણે તેઓને પીવો હોય તેટલો દારૂ પિવડાવ્યો અને છૂપી રીતે દીવાનને સંદેશો પણ મોકલ્યો કે તે રક્ષણની વ્યવસ્થા કરે. દીવાને જે કંઈ પ્રાપ્ય હતાં તે શસ્ત્રો ભેગા કર્યાં. આમાં ચાર તોપના આકારની બંદૂકનો, એક શોટગનનો અને એક રેવરન્ડ પીટન્ગર-ની આધુનિક રાઈફલનો સમાવેશ થતો હતો. (પીટન્ગર એ વખતે એક અઠવાડિયા માટે મુંબઈ ગયા હતા.) પછી દીવાને સાંભળ્યું કે ગઢવીનો રાજા અને પીંપરીનો નાયક પણ તેના માણસો મોકલે છે અને એક વખત તેઓ આવી જાય એટલે તરત ભીલો હુમલો કરશે. તે રાત્રે અંધારાની ઓથે તેના બધા પોલિસ સાથે તે આહવાથી નાસી ગયો. તે નવાપુર આવ્યો અને ત્યાંથી તેણે સુરતની ગાડી પકડી જેથી તે હોડગ્સનને અને કલેક્ટર એચ. એલ. પેન્ટરને ચેતવી શકે.

બીજે દિવસે સવારે (૮મી સપ્ટેમ્બરે) ભીલો જાગ્યા અને તેમણે જાણ્યું કે દીવાન અને પોલિસ ભાગી ગયા છે ત્યારે તેઓ સરકારની ઓફિસોમાં ઘુસી ગયા અને જે કંઈ હાથમાં આવ્યું તેની પાયમાલી કરી. ફાઈલો અને ચોપડાઓ ફાડી નાખવામાં આવ્યા અને ફરનિચર પણ તોડી નાખવામાં આવ્યું. કમ્પાઉન્ડમાંનાં ઝાડો ઉખેડી નાખવામાં આવ્યાં. તેઓ બળપૂર્વક દવાખાનામાં પેસી ગયા અને ડોક્ટરના તથા શસ્ત્રક્રિયાનાં સાધનોનો નાશ કર્યો અને દવાની બાટલીઓ પણ તોડીફોડી નાખી. તેઓએ દવાખાનાના ડોક્ટર ને (જે તેની પત્ની અને બાળકો સાથે હતો) કંઈ કર્યું નહિ. તેઓએ આહવામાં રહેતા કણબી ખેડૂતોનાં ઘરો પર પણ હુમલો કર્યો અને નુકસાન પહોંચાડ્યું; કણબીઓ પોતે તો ભાગી ગયા હતા. આ સમયે અમસાનો રાજા આવી પહોંચ્યો અને તેઓને આવો વિનાશ ન કરવાનું જણાવ્યું. તેને ખ્યાલ આવી ગયો કે બ્રિટિશ સરકાર બળતા પગલા રૂપે આ લોકોને સજા કરશે અને તેનો પોતાનો દીકરો આમાં સંડોવાયેલો હોવાથી એ પોતે મુશ્કેલીમાં મુકાશે. તેણે ભીલોને પોતાના ઘર તરફ પાછા વળવાનું કહ્યું અને ધનબાઈને સુરત મોકલી સત્તાવાળાઓ પાસે દયાની યાચના કરવાનું કહ્યું.

સુરતમાં હોડગ્સન અને પેન્ટરે ૨૫ સશસ્ત્ર પોલિસોનું

એક દળ ભેગું કર્યું અને ૧૩ સપ્ટેમ્બરે આહવા માટે ઉપડ્યા. તેઓ તે રાતે વાંસદા પહોંચ્યા. ૧૪મી એ પીંપરી અને ૧૫મી એ આહવા. તેમણે ક્યાંય પણ પ્રતિકારનો સામનો કરવો પડ્યો નહિ. બીજે દિવસે પીંપરીનો નાયક પોતાની મદદ આપવાની તૈયારી સાથે આવ્યો. તેની મારફત અમલાના રાજાને બ્રિટિશોને મળવા માટેનો સંદેશો મોકલવામાં આવ્યો. અમલાના રાજાએ તેની ધરપકડ નહિ કરવામાં આવે તે શરતે આવવાનું કબૂલ્યું. તેની શરત સ્વીકારવામાં આવી અને તે બ્રિટિશરોને મળવા આવ્યો. તેની મદદથી બ્રિટિશો તોફાન કરનાર ૧૦ જણની ધરપકડ કરી શક્યા અને તેઓએ જે બંદૂકો લૂંટી હતી તે પાછી મેળવી. પેન્ટર અને હોડ્ગસન ૧૯મીએ ત્યાંથી નીકળી ગયા. પેન્ટરે નોંધ્યું :

"ખૂબ જ અસામાન્ય અને અતિશયોક્તિભર્યા અહેવાલો જિલ્લામાં પ્રવર્તતા હતા અને હું માનું છું કે સુરતમાં પણ એમ જ હતું. આમાંના કેટલાક છાપામાં પણ પ્રગટ થયા. ચીખલીમાં જે અફવા પ્રચારમાં હતી અને જે અમને પાછા ફરતી વખતે જાણવા મળી તે એવી હતી કે અમને અને અમારા પોલિસોને અંબિકામાં છુપાઈ રહેલા ભીલોએ કાંતર્યા.[૧૬૭] અમારી પાસેનો બધો દારૂગોળો વપરાઈ ગયો અને એ મેળવવા માટે અમને વાંસદા મોકલવામાં આવ્યા. અને ભીલોનાં જે દળો અમારી સામે ગોઠવવામાં આવ્યાં હતાં તે પૂનાના એક જાણીતા 'રાજદ્વારી'ના તાબા હેઠળ હતાં જેનું હું નામ ન આપું તે જ કદાચ યોગ્ય છે."[૧૬૮]

આ પ્રકારની અફવાઓ નગરમાં વસતા લોકોના કંઈક સારું થઈ જાય તેવી અપેક્ષાવાળા વિચારો (Wishful thinking)નું પ્રતિબિંબ પાડતી હતી, જેઓ દક્ષિણ ગુજરાતમાં રાષ્ટ્રવાદના પ્રથમ ધબકારા અનુભવી રહ્યા હતા. બ્રિટિશરોનો બળપૂર્વક સામનો કરવાની તેમની તાકાત બાબતમાં તો સરદારો પોતે પણ ભ્રમમાં નહોતા. તેમાંના કોઈએ બળવાખોરોને સક્રિય સાથ આપ્યો નહોતો. ગઢવીના રાજાએ તો બ્રિટિશોને સંદેશો મોકલ્યો કે તેઓ તેની સહાય માટે વિશ્વાસ રાખી શકે અને પીંપરીના નાયકે તો ગુનેગારોને પકડવામાં મદદ પણ કરી. ટૂંકમાં ૩૦ ભીલો ઉપર કામ ચલાવવામાં આવ્યું. ૨૦ જણને ૧ મહિનાથી માંડી ૨ વર્ષ સુધીની જેલ થઈ. અમલાનો રાજા પોતે તોફાનમાં સંડોવાયો નહોતો પણ તેનો દીકરો અને તેના માણસો સંડોવાયા હતા અને તેથી રૂ. ૨૧૩૪નું નુકસાની વળતર (Compensation) તેણે સરકારને તથા બીજા માણસોને ચૂકવવાનું થયું. પછીના લીઝની રકમમાંથી આ રકમ કાપી લેવામાં આવી. (લીઝની કુલ વાર્ષિક રકમ રૂ. ૩,૨૪૨ હતી.) હોડ્ગસને ટીપ્પણી કરી છે : 'જે ઝડપથી સત્તાવાળાઓ મજબૂત પોલિસ દળ સાથે આવી પહોંચ્યા અને અધિકારીઓને પાછા કામ કરતા કર્યા અને ગુનેગારોને સજા કરી તેથી લોકો નોંધપાત્ર રીતે પ્રભાવિત થયા.' આવા પ્રકારનો ખળભળાટ હવે પછી નહિ થાય તેવી સંભાવના તેણે પોતાના અંતિમ તારણમાં દર્શાવી.[૧૬૯] તેનો આ આશાવાદ ખોટો સાબિત થયો. કદમલના ભીલોમાં આ પ્રકારનું તોફાન ફરીથી ૧૯૧૧માં ફાટી નીકળ્યું.

કદમલ ગામમાં દર્જાવતીના રાજાના ભાઉબંધોનાં ચાર કુટુંબો રહેતાં હતાં. આમાંના દરેક કુટુંબને લીઝની રકમમાંના ભાગ તરીકે વર્ષે રૂ. ૨૦૦ મળતા હતા.(એ વખતે લીઝની વાર્ષિક કુલ રકમ રૂ. ૩૧૦૪ હતી.) તેમના કબજા હેઠળ ૧૦ ગામો હતાં જ્યાંથી તેઓ હળ ઉપરનો પૂરો વેરો વસૂલ કરતા અને બીજાં ૪ ગામો એવાં હતાં કે જ્યાંથી તેઓ રાજા સાથે અડધા હિસ્સામાં એ વેરો વસૂલ કરતા. દુર્ભાગ્યે આ ગામોમાં કણબીઓ કરતાં ભીલોની વસ્તી વધારે હતી જેઓ વેરો ભરતા નહોતા અને ઘણાં બધાં ગામો તો ઉજ્જડ હતાં અથવા તો અનામત જંગલ વિભાગમાં પડતાં હતાં. ૧૯૧૦-૧૧માં તેમને જે ૧૪ ગામોમાં વેરો ઉઘરાવવાનો હક હતો તેમાંના માત્ર ૫ ગામોએ જ વેરો ભર્યો જેની કુલ રકમ રૂ. ૩૧૦ થઈ. તેઓને વડોદરા રાજ્ય તરફથી રૂ. ૩૦૦ હક તરીકે મળતા હતા. કદમલના ગરીબ મુખીઓ લાંબા સમયથી બ્રિટિશ સરકારની જંગલ અંગેની નીતિનો વિરોધ કરતા હતા અને તેમના વિસ્તારના ભીલોને જંગલ



બાળવા અને જંગલ અંગેના કાયદાકાનૂનોનો ભંગ કરવા પ્રોત્સાહન આપતા હતા. ૧૯૦૬માં આવો એક ભીલ જંગલમાં આગ ચાંપતા પકડાયો હતો અને તેને જેલ ભેગો કરવામાં આવ્યો હતો. દર્જાવતીના રાજાને બ્રિટિશો તરફથી તેના માણસોને કાબૂમાં રાખવાનું કહેવામાં આવ્યું હતું ત્યારે કદમલના ભીલોને કાબૂમાં રાખવાની પોતાની અશક્તિ તેણે જાહેર કરી હતી. 'કદમલના મારા ભાઉબંધોએ મારા ડાંગના વહીવટમાં મને સહાય કરવાની છે અને સેવા આપવાની છે. પણ તેઓ તેમ કરતા નથી. એટલું જ નહિ તેઓ રૈયતને રંજાડે છે અને ગંભીર ગુનાઓ કરે છે. જો તેમને ગુનેગાર ઠેરવવામાં આવે તો જેના પુરાવાને કારણે તેઓ ગુનેગાર ઠરે તેના ઉપર તેમની સજા પૂરી થયા પછી તેઓ જ્યારે ડાંગમાં પાછા આવે ત્યારે વેર લે છે. હું તેમને આવું કરવાની ના કહું છું ત્યારે તેઓ મારો જાન લેવાની ધમકી આપે છે.'[૧૭૦]

૧૯૧૧માં એક સામાન્ય ભીલ જેનું નામ સોનજી કાબરિયા હતું તે તેની ઝૂંપડી ફરી બાંધવા ઇચ્છતો હતો.[૧૭૧] ભીલોની દૃષ્ટિએ સાગના લાકડાનો ઉપયોગ કરવાનો તેને હક હતો પરંતુ સાગ કાપવા માટે હવે તેણે એ વિસ્તાર માટે જવાબદાર એવા જંગલ ખાતાના અધિકારીની પરવાનગી લેવાની હતી. એ અધિકારીએ પરવાનગી આપવાની ના કહી. કદમલનો આગેવાન ભાઉબંધ જે પોતાને 'કદમલનો રાજા ગણાવતો હતો' તે સુકરિયાએ જ્યારે આ જાણ્યું ત્યારે તેણે સોનજી કાબરિયાને કહ્યું કે 'હું કદમલના જંગલનો માલિક છું અને હું આવી પરવાનગી આપી શકું છું. તેથી તું આગળ વધ અને સાગ કાપ.' સોનજીએ એ પ્રમાણે કર્યું. જંગલખાતાના અધિકારીને આની ખબર પડી ત્યારે તે સોનજીને મળ્યો અને તેનું સ્વમાન ઘવાય તે રીતે તેને ઠપકો આપ્યો. તે તીરકામઠા સાથે સજ્જ થયો અને ડાંગના ઉત્તરપૂર્વના જંગલને સળગાવવા નીકળ્યો. સુકરિયા અને અન્ય ભીલોએ જંગલખાતાના અધિકારી અને તેના સહાયકને મારી નાખવાની ધમકી આપી. તેઓ પોતાનું જીવન બચાવવા ભાગી છૂટ્યા. ત્રણ સશસ્ત્ર પોલિસોને આ બળવાખોર ભીલને પકડવા માટે મોકલવામાં આવ્યા. તેઓ જ્યારે તેની ઝૂંપડી નજીક પહોંચ્યા ત્યારે તેણે તેમના પર હુમલો કર્યો જેમાં એકને પ્રાણઘાતક ઈજા થઈ. એક પોલિસે સોનજીને ગોળી મારી જે તેના પગમાં વાગી. તેને જ્યારે પકડીને લઈ જવાતો હતો ત્યારે તેણે પોલિસને કહ્યું કે તેનો ઇરાદો આહવા સુધીનાં જંગલોને બાળી નાખવાનો હતો અને હવે તેનાં વતી બીજું કોઈ એ કામ કરશે એવી તે આશા રાખે છે.

જંગલને થયેલા નુકસાનની તપાસ કરવા કદમલ મોકલવામાં આવેલા અધિકારીઓને સુકરિયા અને તેના ભીલોએ ધમકી આપી; પોતાનો જીવ બચાવવા તેઓએ મફત લાકડું કાપવા માટેના પરવાના મોટા પ્રમાણમાં આપી દીધા. બળવો કરવાની વૃત્તિનો વિસ્તાર વધ્યો. કદમલ વિસ્તારમાં વધારે જંગલ બાળવામાં આવ્યું. સીંગારામાં કેટલાક ભીલો દારૂના વેપારી પારસી પાસે આવ્યા અને તેઓએ તેને કહ્યું કે હવે ડાંગના તેઓ સર્વેસર્વા છે. તેઓએ તેને સસ્તા ભાવે દારૂ આપવાનો હુકમ કર્યો—જે ભાવ સામાન્ય ભાવ કરતાં અડધો હતો. પૂર્વ ભાગના ડાંગમાં બીજા ભીલોએ જંગલ બાળવાનું શરૂ કર્યું. આહવામાં ૧૯૦૭ની સ્થિતિનું ફરી પુનરાવર્તન થશે એવા ભય સાથે સાવધાની વરતવામાં આવી.[૧૭૨] ઉત્તરપૂર્વ અને પૂર્વના પ્રદેશમાંથી જ માત્ર નહિ પણ અલમાના રાજાના દક્ષિણપૂર્વના પ્રદેશમાંથી પણ ધમકીઓ આવી. અહીં રાજહંસ નામના રાજાના એક ભાઉબંધે એક કણબી મુખીનું ખૂન કર્યું અને બીજા કણબી પટેલોને તથા ગલકંદના દારૂના વેપારી પારસીને પણ મારી નાખવાની ધમકી આપી. રાજહંસ આતલ્યા ડુંગર પર ૧૯૦૨માં બ્રિટિશોને પડકાર ફેંકનાર ધાડપાડુઓ પૈકીનો એક હતો. તેને પકડવામાં આવ્યો હતો અને જેલ ભેગો પણ કરવામાં આવ્યો હતો. ૧૯૧૧માં જ્યારે તેને છોડવામાં આવ્યો ત્યારે જેની સામે તેને પૂર્વગ્રહ હતો તેવા એક કણબીને તેણે મારી નાખ્યો. ફરીથી એક વાર આતલ્યાના

ડુંગરમાં તે છુપાઈ ગયો. ભીલો તેને સહાય કરતા. ખુદ અમલાનો રાજા પણ તેને અનાજપાણી તથા તીરો આપતો. કણબીઓનાં ગામો પર હુમલા કરીને અને ગભરાયેલા ખેડૂતોને અનાજ તેમજ પૈસા આપવાની ફરજ પાડીને તે પોતાની રીતે પણ કંઈ ને કંઈ મેળવી લેતો.

આ સમય દરમ્યાન હોડ્ગસનને સ્થાને જી. ઈ. માર્જોરીબેન્કની નિમણૂંક આગલે વર્ષે થઈ હતી. તેણે સાવચેતીનાં પગલાં લેવા માંડ્યાં. તે સુરત ગયો અને સુરતના કલેક્ટરને તેણે સશસ્ત્ર પોલિસદળ મોકલવાનું જણાવ્યું. એક તાર ખાનદેશ કરવામાં આવ્યો અને ત્યાંથી ભીલોનું એક દળ મોકલવાનું જણાવાયું. બીજે દિવસે તે સશસ્ત્ર ૩૦ પોલિસો સાથે પાછો આવ્યો. ખાનદેશનું ભીલ દળ તરત આવી પહોંચ્યું. સશસ્ત્ર દળો સુકરિયાને તથા બીજા ૧૧ ભીલોને પકડવા માટે કદમલ ગયા. કોર્ટમાં કેસ ચલાવ્યા બાદ સુકરિયાને બે વર્ષની કેદની સજા થઈ અને બળવો કરવા બદલ રૂ. ૨૦૦નો દંડ થયો. બીજાઓને પણ જેલની સજા થઈ પણ તેમને કેટલી સજા થઈ તેની નોંધ મળતી નથી. ૧૯૧૧ના ઓગસ્ટમાં રાજહંસ પોતે માર્જોરીબેંકના શરણે આવ્યો. ડાંગમાં સુવ્યવસ્થાની પુનઃસ્થાપના થઈ ત્યાં સુધી સશસ્ત્ર પોલિસો ડાંગમાં રહ્યા.

આ તોફાનમાં જંગલના કાયદા-કાનૂનનો વિરોધ કરનારા એકદમ ઉપલી કક્ષાના સરદારો નહોતા પણ થોડી ઊતરતી કક્ષાના ભાઉબંધ હતા. તેઓને તેમની પ્રજા એવા ભીલોનો સારો ટેકો હતો. તેમના હુમલાનું મુખ્ય નિશાન જંગલ અને જંગલ ખાતાના અધિકારીઓ હતા. પારસી દારૂના વેપારી જેવા અન્ય ઘૂસણખોરોને પણ ધમકી અપાઈ હતી. તેમનો હેતુ તેમણે ગુમાવેલી સત્તા ફરી પ્રાપ્ત કરવાનો હતો. તેઓની માગણી હતી કે જંગલ ખાતાના અધિકારીઓએ તેઓ જંગલનો વપરાશ કરે તેમાં દખલ કરવી નહિ અથવા પારસી જે દારૂ વેચે તેના ભાવ નક્કી કરવાનો અધિકાર તેમનો રહે. ભીલોને ગાવિત ખેડૂતોનો ટેકો મળતો નહિ. આ ગાવિતો જરૂર પડ્યે સત્તાવાળાઓને મદદ કરતા. ભીલો જ્યારે તોફાન કરતા ત્યારે તેઓ તેમને પરાસ્ત કરતા. ઘણા કણબી પટેલો બ્રિટિશોને સક્રિય મદદ કરતા હતા. તે હકીકત તેમના માટે ગુસ્સાપ્રેરક હતી અને એ કણબીઓમાંના કેટલાકને અળગા પાડી તેમના પર હુમલો પણ કરવામાં આવતો.

બીજું એક તોફાન ડિસેમ્બર ૧૯૧૪માં ફાટી નીકળ્યું.[૧૭૩] આ તોફાન યુરોપમાં ફાટી નીકળેલા યુદ્ધમાં બ્રિટિશોની ભૂંડી હાર થઈ રહી છે એવી ફેલાયેલી અફવામાંથી શરૂ થયું હતું.[૧૭૪] ભીલોએ આને પોતાની સત્તા ફરી પ્રાપ્ત કરવાની તક માની. બળવાખોરોને સંગઠિત કરવામાં પીંપરીના નાયકે આ વખતે અગત્યની ભૂમિકા ભજવી. ભીલોની મોટી મોટી ટુકડીઓ તીરકામઠા સાથે ભેગી થઈ. કેટલીક ટુકડીઓની આગેવાની ગઢવીના અને અમલાના રાજા જેવા તેમના સરદારોએ લીધી. દર્ભાવતી અને વાસુરાણાના રાજાઓએ આગેવાની ન લીધી પરંતુ ભીલોને બળવામાં સામેલ થવાની છૂટ આપી. જંગલમાં ભીલોએ આગ લગાડવાનું અને ઝાડો કાપવાનું શરૂ કર્યું. જંગલ ખાતાના અધિકારીઓ જેમણે આ લોકોને રોકવાનો પ્રયત્ન કર્યો તેઓને હિંસક હુમલાની ધમકી આપવામાં આવી; જો કે ખરેખર કોઈને ઈજા પહોંચાડાઈ નહિ. બ્રિટિશોએ ઝડપી પગલાં લીધાં. સુરતના કલેક્ટરે જેવું આ તોફાન વિશે સાંભળ્યું કે તરત ડુંગરોના ભોમિયા એવા ૧૦ માણસો સાથે ૧૦૦ પોલિસોને શસ્ત્રો સાથે ડાંગ તરફ પ્રયાણ કરવાનો તેણે આદેશ આપ્યો. આ પોલિસોએ પીંપરીના નાયકને તથા અન્ય ૧૦૦ બળવાખોરોને પકડ્યા અને આહવા લઈ ગયા. પોલિસોને રસ્તા ઉપર પેટ્રોલિંગ કરવા અને ડાંગના જુદા જુદા હિસ્સાઓમાં પોતાની હાજરીની પ્રતીતિ કરાવવા મોકલવામાં આવ્યા. તોફાન તરત શાંત પડી ગયું. ગઢવીના રાજાને તેના ભાઉબંધો સાથે હાજર થવાનો હુકમ કરવામાં આવ્યો. તે ખૂબ ઠંડો થઈ ગયો, કરગર્યો, તેણે ગુનો કબૂલ કર્યો, ભવિષ્યમાં સારી રીતે વર્તવાનાં વચનો સાથે માફી માંગી. પોતાના



આવા પગલા માટે તેણે લૂલા બચાવો કર્યા જેમાં પોતે પીધેલો હતો એવો સાવ લૂલો બચાવ પણ હતો. પોતાના કબજા હેઠળની બધી બંદૂકો તે પાછી આપી દેશે એવા વચન સાથે તેને પોતાના ગામ પાછો જવા દેવાયો. અમલાનો રાજા ગઢવીના રાજાની જેમ તેને તેડાવતા હુકમને તાબે ન થયો. તેના સીંગા ગામ ઉપર માર્જોરીબેંકે ઓચિંતી રેડ પાડી પણ તેને પકડી શક્યો નહિ. પીંપરીના નાયક ઉપર મુકદમો ચલાવવામાં આવ્યો અને તેને છ મહિનાની સજા થઈ. બીજા ૭૦ જણાને જુદી જુદી મુદતની સજા કરવામાં આવી. જે અન્ય સરદારોએ બળવાને ટેકો આપ્યો હતો તેઓને દંડ કરવામાં આવ્યો અને તેમની બંદૂકો લઈ લેવામાં આવી. ૪ સરદારો જેઓ તોફાનથી અળગા રહ્યા હતા તેઓને તથા કણબીઓ જેમણે વ્યવસ્થા સ્થાપવામાં મદદ કરી હતી તેઓને હાથમાં પહેરવાના કડાની તેમ જ રૂપિયાની ભેટ આપવામાં આવી. ઘણાં વર્ષો સુધી ડાંગના ભીલોનો આ છેલ્લો બળવો હતો.

(૭)

પહેલા વિશ્વયુદ્ધનો આરંભ બીજી ઘણી બાબતોમાં પણ સીમાચિહ્ન પુરવાર થયો. આ સમય સુધીમાં ડાંગનાં જંગલોએ બ્રિટિશોને સારો નફો કમાઈ આપ્યો હતો. જોકે ૧૯૦૦-૦૧ થી ૧૯૧૪-૧૫નાં વર્ષો દરમ્યાન એ વિસ્તાર ઉપર કરવામાં આવેલો ખર્ચ આવક કરતાં વધારે હતો. અમાં અપવાદરૂપ વર્ષો ૧૯૦૭-૦૮ અને ૧૯૧૩-૧૪નાં હતાં. લાકડામાંથી થતી આવક ઓછી થવાને કારણે આવું નહોતું બન્યું પરંતુ આહવા નગરની રચના તથા અન્ય જાહેર કામોને કારણે ખર્ચ ધીમે ધીમે વધ્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ લાકડાની તાતી માગ લઈ આવ્યું જેને કારણે ડાંગમાંથી લાકડાની મોટા પ્રમાણમાં કટાઈ થઈ અને લાકડું બહાર મોકલાવાયું. ૧૯૧૪-૧૫માં ડાંગમાંથી લાકડાની આવક રૂ. ૨૫૪,૧૩૩ હતી. ૧૯૧૮-૧૯માં તે રૂ. ૪૬૦,૦૨૧ થઈ. આમ છતાં ખર્ચ પણ વધ્યું તેથી નફા ઉપર થોડો કાપ આવ્યો. ૧૯૨૦ સુધીમાં મોટા ભાગનો જાહેર કામોનો કાર્યક્રમ પૂરો થયો તેથી ખર્ચ ઘટ્યું જ્યારે આવક ઊંચી જ રહી. બ્રિટિશોને તેમના શાસનનાં બાકીનાં વર્ષો દરમ્યાન ડાંગે ખૂબ જ સારી આવક રળી આપી. નીચેના આંકડાઓ આ વિકાસનો ખ્યાલ આપે છે.[૧૭૫]

| દાયકો | રૂપિયા |
| --- | --- |
| ૧૮૯૨-૯૩ થી ૧૯૦૧-૦૨ | + ૨૨,૦૭૧ |
| ૧૯૦૨-૦૩ થી ૧૯૧૧-૧૨ | − ૨૧,૦૧૨ |
| ૧૯૧૨-૧૩ થી ૧૯૨૧-૨૨ | + ૨૫,૭૬૬ |
| ૧૯૨૨-૨૩ થી ૧૯૩૧-૩૨ | + ૧,૫૪,૯૧૭ |

જે જમીનને ખેતી માટે અલગ પાડવામાં આવી હતી તેના પર ખેતી કરવા માટે ખેડૂતો મોટા પ્રમાણમાં વસવાટ કરતા થયા. તેઓને સપાટ વિસ્તારમાં વસવાનું—ખાસ કરીને ખીણોમાં જ્યાં જમીન સારી હતી—તથા કાયમી સ્વરૂપનાં ખેતરો બનાવવાનું અને મુખ્યત્વે ડાંગર માટેની ક્યારીઓ બનાવવાનું પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું. તેઓને સરકારી લોન દ્વારા હળ માટેની તથા બળદગાડા માટેની જોડી બનાવવા બળદો ખરીદવા માટે સહાય કરવામાં આવી. ગાયના છાણનું ખાતર તથા મિશ્ર ખાતર વાપરવાનું તેઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું. ઉપરાંત છૂટાછવાયા દાણા જમીનમાં વાવવાને બદલે જમીનના ઊંડાણમાં દાણા વાવવા માટે પણ પ્રોત્સાહન અપાયું. આખું વર્ષ પાણી સંઘરી શકાય અને નહેર દ્વારા તેનો ઉપયોગ કરી શકાય તે માટે સરકારે કેટલાક આડબંધો પણ બાંધ્યા. ખેડૂતોને જુવાર—ચોખા જેવા વધુ સારા (એટલે કે બજારમાં વેચી શકાય એવા) પાક ઉગાડવા માટે કહેવામાં આવ્યું. તથા અનાજ અને ઘાસચારો સંઘરવાનું પણ કહેવાયું. ખેડૂતોને એક જ જગ્યાએ વસવાટ કરવાનું પ્રોત્સાહન મળે તે માટે આંબા અને આંબલી જેવાં ફળો આપે તેવાં વૃક્ષો ગામડાની નજીક ઉગાડવામાં આવ્યાં.[૧૭૬]

આમ છતાં આવી પ્રવૃત્તિઓ ઉપર ઝાઝાં નાણાં ખર્ચવામાં આવ્યાં નહોતાં અને તેની અસર પણ

મર્યાદિત હતી. ખેડૂતોને જોકે અનામત જંગલોની બહાર વસવાની ફરજ પાડવામાં આવી હતી, તેમ છતાં તેઓ ખૂબ જ ધીમે ધીમે બાકીના વિસ્તારમાં કાયમી પ્રકારની ખેતી તરફ વળ્યા હતા. દાખલા તરીકે ૧૯૨૦–૨૧માં એક અમેરિકન મિશનરીએ ફરિયાદ કરી હતી કે ડાંગીઓ થોડા થોડા વખત તેમનાં ગામડાંઓ ખસેડતાં હતાં આથી તે મુંઝાઈ ગયો હતો કારણ કે આને લીધે ગામડા માટેની કાયમી શાળા બાંધવાનું અશક્ય બન્યું હતું.[૧૭૭] આમ છતાં એ વિસ્તારમાં વસ્તીનું દબાણ હજી એટલું બધું થયું નહોતું કે લોકોને એક જ જગ્યાએ વસવાટ કરવાની ફરજ પાડી શકાય. વાસ્તવમાં ૧૯મી સદીના પાછળના ભાગથી વસ્તીનું પ્રમાણ ઘટતું ગયું હતું જેનું કારણ દુકાળ અને ૧૯૧૮–૧૯માં ફેલાયેલો ઈન્ફલુએન્ઝા હતું. ૧૮૯૧ માં વસ્તી ૩૨,૯૨૦ હતી; ૧૮૯૯–૧૯૦૧ના દુકાળ પછી ૧૯૦૧માં તે ૧૮૬૩૩ થઈ. ૧૯૧૧માં વસ્તી ૨૯,૩૪૫ હતી. ૧૯૨૧માં ૨૪,૧૪૨. ૧૯૩૧ માં ધીમે ધીમે વસ્તી ૧૮૪૧ના આંકડાને વટાવી ગઈ જ્યારે એ આંકડો ૩૩,૭૪૮ હતો. ૧૯૪૧માં વસ્તી ૪૦,૪૯૮ હતી. બ્રિટિશ શાસનના આખરી દિવસોમાં જ વસ્તીનું દબાણ વધ્યું અને તે ડાંગીઓને એક જ જગ્યાએ વસતા કરવાના બ્રિટિશોના કામમાં સહાયભૂત થયું.

બ્રિટિશોએ લોકોના મનમાં કરકસરના અને દારૂ ન પીવાનાં વલણો ઠસાવવા માટે કેટલાક પ્રયત્નો કર્યા. તેઓને આખું વર્ષ ચાલે તેટલા અનાજનો સંગ્રહ કરવા માટે તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું. જાડા ધાન્ય નાગલીને બહાર મોકલવાનું અટકાવાયું. આને કારણે લોકોને અનાજ વેચી નાખવાને બદલે તેનો સંગ્રહ કરવાનું પ્રોત્સાહન મળ્યું. આ પ્રતિબંધને કારણે આ વિસ્તારમાં શાહુકારોની પ્રવૃત્તિઓ ઉપર પણ નિયમન આવ્યું. પ્રતિબંધનો અર્થ એવો થતો હતો કે દેવાની સામે નાગલી લઈ શકાય નહિ. શાહુકારોને ડાંગમાં વસવાની પણ મનાઈ ફરમાવવામાં આવી અને કાયદાની રૂએ બિન-ડાંગીઓને જમીન વેચવા ઉપર પણ પ્રતિબંધ મુકાયો. સરદારોને તેમને મળતી લીઝની રકમનો અમુક ભાગ ઉછીના તરીકે આપવા માટે પ્રોત્સાહન અપાયું. ૧૯૧૬–૧૭ માં આ રીતે ગઢવીના રાજાએ રૂ. ૧૮૭૫ ઉછીના આપ્યા; ૧૯૧૭–૧૮માં રૂ. ૧૮૮૭.[૧૭૮] અધિકારીઓ તેમ જ મિશનરીઓ બંનેએ દારૂ ન પીવાની વાતને પ્રોત્સાહન આપ્યું. લોકોને દારૂને બદલે ચા અથવા બીજાં હળવાં પીણાં પીવા માટે સમજાવવામાં આવ્યા. ચાનાં પડીકાં, ચા રાખી શકાય તેવા ડબ્બા અને ખાંડ સરદારોને આપવામાં આવ્યાં, એવી આશાથી કે તેમનો દાખલો બીજાઓને પ્રેરણારૂપ થાય. મિશનરીઓએ આહવામાં સોડા તથા એવાં બીજાં હળવાં પીણાં બનાવવા માટેની નાની ફેક્ટરી પણ નાખી.[૧૭૯] સરદારો અને ગામના પટેલો પાસેથી હવે તેઓ દારૂ નહિ પીવે તેવાં લેખિત વચનો લેવામાં આવ્યાં. મિશનરીઓએ,—આપણે આગળ જોયું તેમ—કેટલીક નિશાળો પણ શરૂ કરી.

આ પગલાંઓને શરૂઆતમાં થોડી સફળતા મળી. ધંધાદારી શાહુકારોને ડાંગ બહાર રાખવામાં આવ્યા હોવા છતાં સ્થાનિક પારસી દારૂના વેપારીઓ અને કેટલાક શ્રીમંત ખેડૂતો—જેવા કે ગામડાના પટેલો—ઊંચા વ્યાજના દરે નાણાં ધીરવા આગળ આવ્યા. આ લોકોની દારૂ પીવાની હાલની ટેવ ચાલુ રહે તેમાં પારસીઓનું સ્થાપિત હિત હતું અને તેઓ તેમની નાણાંસત્તાનો ઉપયોગ ખેડૂતો તેમનું પીવાનું ચાલુ રાખે તેને પ્રોત્સહન આપવા માટે કરતા. દારૂ ન પીવા માટેના પ્રચારની અસર બહુ ઓછી હતી. રેવરન્ડ પીટનગરે ૧૯૧૦ માં ગામના કેટલાક વગ ધરાવતા પટેલો વિશે લખ્યું છે: 'અમારી દારૂ અંગેની સલાહ બાબત તેઓ અમારી સાથે સંમત થવાનો એક બાજુ ઢોંગ કરતા અને બીજી બાજું જેવા અમે તેમનાથી દૂર જતા કે તરત તેઓ ચોક્કસપણે અમારા ભણી તિરસ્કારયુક્ત હાસ્ય કરતા.'[૧૮૦] હકીકતમાં તો ડાંગનો દીવાન અને પોલિસ લોકોને કાબૂમાં રાખવા દારૂનો ઉપયોગ કરતા, તેઓને ખુશ રાખવા તેમને મફત દારૂ પૂરો પાડતા. માર્ન્સેરીબેંક માનતો હતો કે દીવાન જમનાદાસ મહેતા ભલે દારૂ ન પીવાનો ઉપદેશ આપતો હોય,[૧૮૧] વાસ્તવિકતા



તેનાથી જુદી દેખાય છે. ૧૯૨૨ માં જ્યારે દારૂ પીવા સામેનું આંદોલન લોકોમાંથી પ્રગટ થયું ત્યારે લોકોને દારૂ પીવાની ફરજ પાડીને મહેતાએ એ આંદોલનને તોડી નાખ્યું.[૧૮૨] આપણે એ પણ જોઈ ગયા કે લોકોને શિક્ષિત કરવા માટેના મિશનરીઓના પ્રયત્નમાં ડાંગનો દીવાન પ્રત્યેક ડગલે કેવી રીતે વિઘ્ન નાખતો હતો. વાર્ષિક અહેવાલોમાં બધા શુભ ઈરાદાઓ પ્રગટ થતા હોવા છતાં વહેવારમાં વહીવટી તંત્ર જે રીતે વર્તતું હતું તેમાં દારૂ ન પીવાની બાબતને કે બચતની બાબતને પ્રોત્સાહન અપાતું નહોતું. આ બાબતમાં ભારતને આઝાદી મળી તે પહેલાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

સરદારોને તેમનાં લીઝનાં નાણાં મળતાં રહ્યાં. ૧૯૨૨માં ચૂકવણીની રકમમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવ્યો. એ રકમ રૂ. ૨૬,૫૨૧ની થઈ. ડાંગમાંથી જે કમાણી થતી હતી તેનો બહુ જ ઓછો હિસ્સો આમાં પ્રતિબિંબિત થતો હતો. આગળ નોંધ્યું છે તેમ ૧૯૨૦ના સમયગાળા દરમ્યાન બ્રિટિશરોને થતો વાર્ષિક સરેરાશ નફો રૂ. ૧૫૪,૯૧૭ હતો. ૧૯૩૦ના સમયગાળામાં સરદારોએ જે નફો થતો હતો તેના સંદર્ભમાં તેમની લીઝની રકમમાં વધારો થવો જોઈએ તેવી માગણી કરી. મુંબઈ સરકારે એવી દલીલ સાથે એ માગણી ફગાવી દીધી કે જો તેઓ વધારે નાણાં મેળવશે તો તેઓ તેનો ઉપયોગ દારૂ પીવામાં કરશે અને એ રીતે હાલમાં તેઓ છે તેના કરતાં વધારે વ્યસની બની જશે.[૧૮૩] ભારતને આઝાદી મળ્યા બાદ રજવાડાંઓ નાબૂદ થયાં અને ડાંગના સરદારો પણ રાજા તરીકે મટી ગયા છતાં તેઓને તેમની વાર્ષિક રકમ મળવાની ચાલુ રહી પરંતુ ૧૯૫૪માં એ રકમનું 'રાજકીય વર્ષાસન' (Political pension) એ નામે પુનઃ વર્ગીકરણ કરવામાં આવ્યું. હોળીના સમયે આહવા ખાતે દર વર્ષે યોજાતા દરબારમાં તેઓ આજે પણ આ વર્ષાસન મેળવે છે. ડાંગના દરબારને પ્રવાસીઓના આકર્ષણકેન્દ્ર તરીકે ગુજરાત સરકારે વિકસાવ્યો છે.

ભીલોના સમૂહની સ્થિતિમાં ખાસ કંઈ ફેર પડ્યો નહિ. કોઈ પણ વ્યવસ્થિત પદ્ધતિથી સ્થાયી ખેતી કરવાનું તેઓ શીખ્યા નહિ અને જેને તેઓ પોતાની જાગીર માનતા હતા તે જંગલોમાંથી વધુ ને વધુ બહાર ફેંકાતા ગયા. પોતાની આજીવિકા માટે તેમણે ખેતીની અને જંગલની મજૂરી ઉપર વધુ ને વધુ આધાર રાખવાનો થયો. એક વખતની તેમની પ્રજા કહેવાતા કણબીઓ તથા જંગલના કોન્ટ્રાક્ટરો તેમના શેઠ બન્યા. એ પ્રકારના કામ અંગેની તેમની ભીરુતાને કોન્ટ્રાક્ટર સાથેના કિસ્સામાં છોડવી પડી.[૧૮૪] લાકડાં કાપવા અને તેનું વહન કરવા મજૂરોની ઘણી માગ હતી તેથી તેઓ આ પ્રકારની પ્રવૃત્તિઓમાંથી ગુજરાન ચાલે એટલું કમાવાને શક્તિમાન થઈ શક્યા—જોકે તેઓને ઘણું ઓછું વેતન ચૂકવામાં આવતું. ભીલોની વસ્તીમાં વધારો થવાથી અને કટાઈ માટેના લાકડામાં ઘટાડો થવાથી છેક હમણાંનાં વર્ષોમાં દર વર્ષે દક્ષિણ ગુજરાતના મેદાની પ્રદેશોમાં ખેતમજૂરો તરીકેનું કામ શોધવા ડાંગની બહાર તેઓ નીકળતા થયા છે. આ રીતે અગાઉના જંગલના માલિકો આજે ખેતમજૂરો બની જવાની પ્રક્રિયામાં આવી ગયા છે.

આધુનિક જગતનાં બધાં દબાણો તેઓને ગુલામીભર્યું ગહાવૈતરું કરવા ફરજ પાડી રહ્યાં છે ત્યારે આજે પણ હજી ભીલો જીવન પ્રત્યેના પોતાનાં અગાઉનાં વલણને ટકાવી રાખવાની ઇચ્છાની જાળમાં સપડાયેલા જણાય છે. સામાન્ય અભાવગ્રસ્તતા દૂર થાય તેવા જીવનની ખાતરી આપી શકે તેવી ગણતરી ભરેલી રીતે પોતાનું જીવન ગોઠવવાનો તેઓ ઈન્કાર કરે છે. પોતાની આજીવિકાને વેડફી દેવાનું તેમનું વલણ હજી ચાલુ છે. તેઓને જે નાણાં મળે છે તે તેઓ ફાવે તેમ ખર્ચી કાઢે છે અને શિક્ષણથી દૂર રહે છે. અલ્પ માત્રાની સફળતા માટે પણ મૂડીવાદી જગત જે શરતો મૂકે છે તે જગત સાથે હરીફાઈ કરવાની તેઓ ના કહે છે. આને પરિણામે તેઓનું જીવન સુખસગવડ વિનાનું અને હાડમારીથી ભરેલું છે.

આની સામે કણબીઓએ સારી સ્થિતિ પ્રાપ્ત

કરી છે. સ્થાયી પ્રકારની ખેતી કરનારા તરીકે તેઓ પોતાની જમીન ધરાવે છે. હવે તેઓ પોતાના ઉપર જોરજુલમ કરનાર ભીલોની પ્રજા મટી ગયા છે; તેઓમાંના મોટા ભાગના પોતે સારી રીતે જીવન જીવી શકે તેટલું અનાજ પકવે છે. તેઓની રાજકીય વગ વધી છે. ભીલો પાસેથી સત્તા ગામના પટેલ પાસે આવવાથી તેઓને મદદ મળી છે. આ પટેલો સામાન્ય રીતે કણબીઓ અથવા અન્ય ગાવીતો હોય છે. હમણાંનાં વર્ષોમાં જિલ્લા પંચાયતની કક્ષાએ કણબીઓએ સત્તા મેળવી છે. આમ થયું હોવા છતાં જેઓ ડાંગની બહારથી વહીવટ કરે છે તેવા સરકારી અધિકારીઓ અને જંગલ ખાતાના અધિકારીઓની જે સત્તા હોય છે તેની તુલનામાં આ લોકોની સત્તા ખૂબ જ મર્યાદિત છે.[૧૮૫] ગાવીતોની સબાલ્ટર્ન વર્ગ તરીકેની સ્થિતિ તેવી જ ચાલુ રહી છે. કારણ કે તેઓ સદીઓથી આ સ્તરમાં જ રહ્યા છે. આમ ફેરફારની પ્રક્રિયા તેઓને લાભકારક બની નથી. અલબત્ત તેઓ અનુકૂલન સાધી શક્યા તેથી હાલની પદ્ધતિમાંથી ભીલો કરતાં વધુ ફાયદો મેળવી શક્યા છે.

પોતે જ્યારે ડાંગ પર રાજ કરતા હતા તે વખતની પ્રશંસા કરતી સંસ્કૃતિની જાળમાં ભીલો સપડાયેલા જણાય છે. પોતે રાજવંશી લોહી ધરાવે છે તેવો દાવો કરીને ગર્વ લેવાનું તેઓએ ચાલુ રાખ્યું છે.[૧૮૬] ભારતની સાંપ્રત રાજ્ય પદ્ધતિનો સ્વીકાર કરવાની તેઓ ના કહે છે. નવી દિલ્હીના તાબામાંથી મુક્ત હોય તેવા સ્વતંત્ર આદિવાસી રાજ્યની ચળવળને તેઓ ટેકો આપે છે.[૧૮૭] અન્ય ઘણા વિસ્તારોના ભીલોની જેમ તેઓ સુધારાવાદી સંપ્રદાયોમાં સામેલ થયા નથી જેમાં મોટે ભાગે હિંદુ જીવનપદ્ધતિની હિમાયત હોય છે. આ બાબતમાં તેઓએ લગભગ કોઈ સમાધાન કર્યું જ નથી. આ પ્રકારની સાંસ્કૃતિક સ્થિતિસ્થાપકતા એક પ્રકારનું બળ છે જે તેમનામાં આત્મસન્માનની વૃત્તિ અને માલિકીપણાની ભાવના પેદા કરે છે અને તેમને તેમની રોજબરોજની મુશ્કેલીઓમાં ટકાવી રાખે છે. પરંતુ આ એક ભારે બોજો પણ છે જે તેમને તેમની સ્થિતિને વધુ સારી બનાવે એવા કોઈ નક્કર માર્ગ-વાળી રાજકીય પદ્ધતિમાં સામેલ થવાનું તેમને માટે મુશ્કેલ બનાવે છે. વધુ સારા ભવિષ્યની આશા આપતી આવી પદ્ધતિ કોઈપણ સંજોગોમાં અસલામતીના ટેકા પર જ ટકેલી હોઈ શકે.

ભીલોની સંસ્કૃતિ—જે એક તબક્કે પ્રભુત્વ ધરાવતી સંસ્કૃતિ હતી તે—આજે કોઈના તાબા હેઠળની સંસ્કૃતિ બની ગઈ છે. કણબીઓની સબાલ્ટર્ન સંસ્કૃતિ કરતાં આ સંસ્કૃતિનું લક્ષણ તદ્દન જુદું છે. કણબીઓની સંસ્કૃતિ મેદાનોમાંની નાતજાત આધારિત સંસ્કૃતિ સાથે સરખાપણું ધરાવે છે. આનાથી ઊલટી રીતે ડાંગી ભીલોની શોષિત સબાલ્ટર્નીન (શોષિત) સંસ્કૃતિ ભૂતકાળમાં જંગલમાં તેમની જે સત્તા હતી તેના વારંવારના સ્મરણોમાં સપડાયેલી છે. આ રીતે સબાલ્ટર્નીટીનું સ્વરૂપ મૂળભૂત રીતે જુદું એવું ઉત્ક્રાન્ત થયું છે અને આ બંને સ્વરૂપો સાથે સાથે રહે છે પણ એ ડાંગમાં વસતા સબાલ્ટર્ન સમૂહોને સાથે કરવાને બદલે જુદા કરે છે.

(અનુ. શાંતિલાલ મેરાઈ)

### સંદર્ભો અને સંદર્ભનોંધો


૬ વિનિન પેરેઇરા અને જેરેમી સીબ્રુક, Asking the earth : farms, forestry and survival in India (London, (1990) પા. ૩૩

૭ એજન પા. ૪–૫

૮ વંદના શિવા, Staying Alive : Women, Ecology and survival in India (New Delhi 1988) પા. ૫૪–૫૯

૯ પાર્થ ચેટરજી, Nationalist Thought and the colonial world, a derivative discourse ? (London, 1986) પા. ૩૮

૧૦ સંરક્ષણવાદી અને પર્યાવરણવાદી વિચારોના ઇતિહાસ માટે જુઓ Donald Worster, Nature's Economy : a history of Ecological ideas (New york, 1985)

૧૧ E. G. Pereria and Searbook, પા. ૩૩.

૧૨ V. Shiva p. 59–60.

૧૩ સમર્થ પર્યાવરણ કાર્યાત્મકવાદની દલીલો માટે જુઓ Roy Elleh, Environment, Subsistence and System : The Ecology of smallscale social formations (Cambridge 1982) છેલ્લાં દોઢસો વર્ષોમાં આખા વિશ્વમાં જંગલના વાસીઓ ઉપર સંસ્થાનવાદ અને મૂડીવાદનાં કેવા ભયંકર પરિણામો આવ્યા છે તેને એલેન નજરઅંદાજ કરે છે.

૧૪ Census of Bombay Presidency. 1872 part III (Bombay, 1875). પા. ૬૩૨.

૧૫ Gazetter of the Bombay Presidency, vol. XVI Nasik (Bombay 1883).

૧૬ Gazetter of The Bombay Presidency, vol. XII Khandesh. (Bombay, 1880)

૧૭ D. P. Khanapurkar, 'The Aboriginals of South Gujarat' અપ્રગટ પીએચ. ડી. નો મહાનિબંધ, મુંબઈ યુનિવર્સિટી, ૧૯૪૪, પા. ૧૨૦.

૧૮ G. A. Grierson, Linguistic Survey of India, vol IX (Calcutta, 1907) પા. ૧૩૦.

૧૯ R. E. Enthoven, The Tribes and Castes of Bombay vol. II (Bombay. 1922) પા. ૨૬૫.

૨૦ એ. લુકાસ દ્વારા ખાનદેશના કલેક્ટરને ૧ સપ્ટેમ્બર, ૧૮૯૧, મુંબઈ આર્કાઈવ્સ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૨. અહેવાલ એમ કહે છે કે હળથી કરાવાતી ખેતી સંપૂર્ણપણે કણબીઓ પૂરતી મર્યાદિત હતી–કોઈ ભીલ કે વારલી પાસે ભાગ્યે જ હળ હતાં.

૨૧ J. A. Voelcken, Report on the improvement of Agricuture (London, 1893) P P. 109–10; Indra Munshi Saldhana, 'The Political Ecology of Traditional Farming Practices in Thana District, Maharashtra (India) The Journal of Peasant Studies, 17 : 3 April, 1990.

૨૨ ઈ. એમ. હોડગ્સનના ડાંગ વિશેના રીપોર્ટમાં 'રબ'નું વર્ણન કરવામાં આવ્યું છે. ૨૯ ઓગસ્ટ, ૧૯૦૨. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૦૨, ૧૦૭–૯૪૯ H; ૨, તથા ખાનાપુરકરના 'Abroginals of South Gujarat' પા. ૮૯૬-૯૮માં પણ એનું વર્ણન કરવામાં આવ્યું છે.

૨૩ આ પ્રકારની ખેતી એ. ટી. શટલવર્થે વર્ણવી છે. ૬ એપ્રિલ, ૧૮૭૧. મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૭૧. ૧૮–૫૫૨; ડાંગ વિશેનો ઈ. એમ. હોડગ્સનનો રીપોર્ટ. ૨૯ ઓગસ્ટ ૧૯૦૨ મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૦૨, ૧૦૭–૯૪૯, ૨ શટલવર્થે ઇ. ડબલ્યુ. રેવનસ્ક્રોફ્ટને લખ્યું ૨૦ ઓગસ્ટ, ૧૮૭૭; મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૭૭, ૬૯–૧૫૬૬.

૨૪ શટલવર્થે રેવનસ્ક્રોફ્ટને લખ્યું, ૨૦ ઓગસ્ટ ૧૯૦૭ મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૭૦, ૬૯–૧૫૬૬.

૨૫ જે. કેમ્પબેલની પૂછપરછ ૫ જુલાઈ ૧૮૭૧ બરોડા, રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૧૦, દફતર વી–૪૮૬, ફાઈલ ૧૧૩. પ્રેસીડન્સી ફાઈલ નં. ૧૬૭ A અને ૭૧૬ પા. ૧૨૬–૩૮.

૨૬ Khanapurkar 'Aboringnals of South Gujarat' પા. ૪૮–૫૨.

૨૭ ખાનદેશના પોલિટિકલ એજન્ટે બરોડાના રેસિડન્ટને ટાંકેલો ભુધિયા નાયકનો પુરાવો ૧ માર્ચ ૧૮૭૨. બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૧૦, દફતર વી–૪૨૬. ફાઈલ ૧૧૩, પ્રેસિડન્સી ફાઈલ નં. ૧૬૭ એ અને ૩૧૬, પા. ૧૪૮.

૨૮ બરોડાની સરકાર દ્વારા બ્રિટિશ રેસિડન્ટને. ૨૬ જાન્યુઆરી ૧૮૨૬, બરોડા. રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૧૦. દફતર વી–૪૭૯ ફાઈલ જી. આર.એસ.–૭. રેસિડન્સી નં. ૧–૭૩ પા. ૫૯.

૨૯ ડબલ્યુ જે. મોરિસ દ્વારા એચ. ડબલ્યુ રીવ્ઝને, ૨૨ મે ૧૮૪૩, નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, પોલિટિકલ, ૨૪ ફેબ્રુઆરી ૧૮૪૪, ૧–૧૦.

૩૦ જી. એ. રીઝ્બી દ્વાર. એ. રોબર્ટસનને ૩૦ ઓકટોબર ૧૮૨૫, બરોડા રાજદફતર ઓફિસ, સિરીયલ નં. ૭૧૯, દફતર વી–૪૭૯, ફાઈલ જી.આર. એસ–૭ રેસિડન્સી નં. ૭૩ પા. ૪૭.

૩૧ ૧૮૨૮ માં ગાયકવાડે રક્ષણ માટેનાં નાણાં તરીકે સીલપતને રૂ. ૯૧૦ ચૂકવ્યા હતા. સીલપતે આવી બીજી કોઈ રકમ લગભગ મેળવી નહોતી. જી. જીબીને દ્વારા જે. વિલિયમ્સને ૨૦ જાન્યુઆરી, ૧૮૨૮. મુંબઈ આર્કાઈવ્ઝ, પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૨૮, ૨૯–૩૨૦.

૩૨ ૧૮૨૦ માટેના કોઈ આંકડા મળતા નથી. પણ ૧૮૭૦ માં ગઢવીના રાજા જમીન વેરા દ્વારા વર્ષે રૂ. ૨૭૦ મેળવતા હતા એવું કહેવાય છે. સી. પ્રીટ્ચાર્ડ દ્વારા એલ. આર. એશબર્નરને ૧૫ ઓકટોબર ૧૮૭૦, બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૨૪, દફતર વી–૪૩૨ ફાઈલ જી. આર. એસ. ૧૯૨ રેસિડન્સી ૧૬૭-બી, પા. ૧૯૦.

૩૩ ડબલ્યુ જે. મોરિસ દ્વારા એચ ડબલ્યુ રીવ્ઝને ૨૨ મે ૧૮૪૩. નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઇન્ડિયા ફોરેન ડીપાર્ટમેન્ટ, પોલિટિકલ, ૨૪ ફેબ્રુઆરી ૧૮૪૪ ૧–૧૦.

૩૪ ડાંગની ટુર વખતનો એપ્રિલ ૧૮૫૬નો ડબલ્યુ. જે. ફેનરનો રીપોર્ટ. જુઓ A. Gibson Forests Reports of the Bombay presidency for the years 1849–50 to 1855–56 (Bombay 1857) પા. ૮૦.

૩૫ નાસિકના કલેકટર દ્વારા મેમો ૧૦ એપ્રિલ ૧૯૦૬, મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૦૬ ૧–૫૮૪.

૩૬ સેન્ટ્રલ સર્કલના ફોરેસ્ટ કમિશનર દ્વારા નોર્ધર્ન ડિવિઝનના કમિશ્નરને, ૧૦ ડિસેમ્બર ૧૮૯૪, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૫ ૩૧૪–૯૪૮.

૩૭ જી.બી. રીડ દ્વારા મુંબઈ સરકારને, ૧૫ ફેબ્રુઆરી ૧૮૯૨ અને એ. લુગાસ દ્વારા ખાનદેશના કલેકટરને ૧ સપ્ટેમ્બર, ૧૮૯૧ મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૨, ૧૪૪–૬૪૮.

૩૮ ઈ.એમ. હોડગ્સન દ્વારા ડાંગ વિશેનો રીપોર્ટ ૨૯ ઓગસ્ટ, ૧૯૦૨, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૦૨. ૧૦૭–૬૧૯ ૨.

૩૯ ડી.બી. ચિતલે, 'ડાંગ એક સમ્યક્ દર્શન' (આહવા ૧૯૭૮) પા. ૧૭.

૪૦ જી. એ. રીઝ્બી દ્વારા એ. રોબર્ટસનને ૩૦ ઓકટોબર ૧૮૨૫, બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં ૭૧૯, દફતર વી–૪૭૯, ફાઈલ જી.આર. એસ./૭ રેસિડન્સી નં. ૧–૭૩ પા. ૪૮.

૪૧ જી. જીબર્ન દ્વારા ડબલ્યુ ન્યુન્હામને ૧૬ઓકટોબર ૧૮૨૮, મુંબઈ આર્કાઈવ્ઝ, પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૨૮, ૨૯–૩૨૦.

૪૨ બરોડાના ગાયકવાડ દ્વારા મેમો ઓગસ્ટ ૧૮૬૪. બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં ૭૧૯ દફતર વી–૪૭૯ ફાઈલ જી. આર. એસ–૭ રેસિડન્સી નં. ૧–૭૩ પા ૧૭૭.



૪૩ D. C. Graham, 'Historical sketch of the Bheel Tribes Inhabiting the Province of Khandesh' in Selections form the Records of the Bombay Government No. XXVI New series (Bombay 1856) p. 207 G.E. Marjoribanks, Working Plans for the Dangs forests (Bombay 1926) પા. ૪.

૪૪ જી. જાબર્ન દ્વારા ડબલ્યુ ન્યુન્હામને ૧૬ ઓકટોબર ૧૮૨૮, મુંબઈ આર્કાઈવ્ઝ પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૨. ૨૯–૩૨૦.

૪૫ સી. પ્રોટચાર્ડ દ્વારા એલ. આર. એશબર્નરને ૧૫ ઓકટોબર ૧૮૭૦, બરોડા રાજદફતર ઓફિસ સીરિયલ નં. ૭૨૪, દફતર વી–૪૩૨ ફાઈલ જી. આર. એસ.–૧૨ રેસિડન્સી ૧૬૭–બી પા. ૧૭૦.

૪૬ ડી.સી. ગ્રેહામ દ્વારા જી. જાબર્નને ૮ જુલાઈ ૧૮૨૮ અને જાબર્ન દ્વારા ડબલ્યુ. ન્યુન્હામને ૨૮ મે ૧૮૨૮ મુંબઈ આર્કાઈવ્ઝ પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૨૮ ૨૯–૩૨૦.

૪૭ એલ. આર. એશબર્નર દ્વારા મુંબઈ સરકારને ૪ એપ્રિલ ૧૮૭૧, બરોડા રાજદફતર ઓફિસ સીરિયલ નં. ૭૧૦ દફતર વી–૪૨૬, ફાઈલ ૧૧૩, રેસિડનમ નં. ૧૬૭ એ અને ૩૧૬ પા. ૨૯૩.

૪૮ સમાજવિજ્ઞાની ડી પી. ખાનાપુરકરે નોંધ્યું છે તેમ તેમણે ૧૯૪૦ની શરૂઆતમાં ડાંગમાં ક્ષેત્રકાર્ય હાથ પર લીધું હતું 'The Aboriginal of South Gujarat Ph.D. Thesis university of Bombay 1944 પા. ૯૦૩.

૪૯ મિશનરી વિઝિટર જાન્યુઆરી ૧૯૦૯ પા. ૩૪ નામક મૂળ સ્રોતમાં એ ભારપૂર્વક કહેવાયું છે.

૫૦ ખાનપુરકર, 'Aboriginals of South Gujarat' p. 159. આવો વ્યવહાર ઉત્તર પૂર્વના ખાનદેશના ભીલોમાં પણ જોવા મળ્યો હતો. ચાંદીનાં ઘરેણાંનો મુખ્યાં નાશ કરવામાં આવતો, જો કંઈ નાણું હોય તો તે અને ઢોર ભીલની બહેનના દીકરાને આપવામાં આવતાં. Enthoven, 'Tribes And Castes of Bombay Vol 1 (Bombay 1920) પા. ૧૭૭

૫૧ Report by G.A.Falconer (Politial Agent For The Dangs) NAI F.D, 181-p. (Secret), 1934. એફ. જી. એચ. એન્ડરસને ૧૯૧૧માં નોંધ્યું હતું કે એવો વણલખ્યો કાયદો હતો કે મુખીઓના અને ભાઉબંધોના ઘરોમાં ચોકઠા સાગનાં લાકડાનાં બનાવાતાં જ્યારે સામાન્ય માણસોના ઊતરતી કક્ષાના લાકડાનાં. એન્ડર્સન ૩ ઓગસ્ટ ૧૯૧૧, મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૧૧, ૧૨૦–૧૧૧૩.

૫૨ એ.ટી. શટલવર્થ દ્વારા મુંબઈ સરકારને ૬ એપ્રિલ ૧૮૭૧. મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૭૧ ૧૮–૫૫૨

૫૩ જી. જેર્વિસ, ૯ સપ્ટેમ્બર ૧૮૪૪, બોમ્બે આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૪૬ ૮૧–૧૦.

૫૪ ડબલ્યુ જે મોરિસ દ્વારા આર.કે. પ્રીંગલને. નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, ફોરેન ડીપાર્ટમેન્ટ, પોલિટિકલ ડીપાર્ટમેન્ટ, ૨૩ નવેમ્બર, ૧૮૪૪, ૧૧૬–૧૪૭.

૫૫ ડબલ્યુ. ઇ. કોપલસ્ટોનના 'The Bombay forests (૧૯૨૫)માંના ફોટોગ્રાફ્સ, પા. ૫૦; સાથે જ જુઓ ખાનપુરકરનું 'Aboriginals of South Gujart' પા. ૩૭–૩૯ અને ૧૩૮.

૫૬ ખાનપુરકરનું 'Aboriginals of South Gujarat' પા. ૩૭-૩૯ અને ૧૩૮.

૫૭ જી જીબર્ન દ્વારા ડબલ્યુ ન્યુનહામને, ૧૬ ઓકટોબર ૧૮૨૮, મુંબઈ આર્કાઈવ્ઝ, પોલિટિકલ એન્ડ સીક્રેટ ડીપાર્ટમેન્ટ ૧૮૨૮, ૨૯–૩૨૦.

૫૮ સી. પ્રીટચાર્જડ દ્વારા એલ. આર. એશબર્નરને ૧૫ ઓકટોબર ૧૮૭૦. બરોડા રાજદફતર ઓફિસ સીરિયલ નં. ૭૨૪, દફતર વી-૪૩૨, ફાઈલ જી. આર. એસ.-૧૨, રેસિડન્સી ૧૬૭-બી પા. ૧૮૯. ઈ. એમ. હોડગ્સન દ્વારા ડાંગ વિશેનો અહેવાલ. ૨૯ ઓગસ્ટ, ૧૯૦૨, ૧૦૭-૬૪૯ ર

૫૯ એજન.

૬૦ આ સ્વરૂપના સંબંધોના વર્ણન માટે જુઓ, ગૌતમ ભદ્ર 'The Mentality of Subalternity' આર. ગુહા દ્વારા સંપાદિત 'Subaltern Studies' VI (નવી દિલ્હી, ૧૯૮૯).

૬૧ એમ. સી. ગીબ દ્વારા ડબલ્યુ. ડબલ્યુ. લોકને ૮ જુલાઈ, ૧૮૯૦. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૦. ૯૩-૬૪૮, સરદારો આવી મહેનત પોતે કરતા નહિ.

૬૨ ખાનપુરકર, 'Aboriginals of South Gujarat' પા. ૨૧૨-૧૪, ૨૧૯-૨૦, ૩૧૫.

૬૩ એજન પા. ૧૩૯-૪૪ અને ૨૧૧-૧૪

૬૪ એજન પા. ૧૪૧.

૬૫ એચ. ડબલ્યુ હોજીસ દ્વારા એ. રોબર્ટસનને, ૩ એપ્રિલ, ૧૮૨૩, બોમ્બે આર્કાઈવ્ઝ, પોલિટિકલ એન્ડ સિક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૨૩, ૧૦-૧૦૫; ગેઝિટિયર ઓફ ધી બોમ્બે પ્રેસિડન્સી. વોલ્યુમ ૧૨, ખાનદેશ, પા. ૬૦૩.

૬૬ જી. જીબર્ન દ્વારા ડબલ્યુ. ન્યુનહામને, ૧૬ ઓકટોબર ૧૮૨૮, બોમ્બે આર્કાઈવ્ઝ, પોલિટિકલ એન્ડ સીક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૨૮, ૨૯-૩૨૦. ડી. એ. બ્લેન દ્વારા જે. સુથરલેન્ડને, ૨૮ ઓકટોબર ૧૮૩૮. બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં ૭૧૯, દફતર વી-૪૭૯, ફાઈલ જી આર એસ-૭ રેસિડન્સી નં. ૧-૭૩, પા. ૧૨૭-૨૯.

૬૭ એફ. જે. ગોલ્ડસ્મીથ દ્વારા ૧૮૩૦ની ચળવળનો અહેવાલ, જેમ્સ આઉટ્રામ : જીવનચરિત્ર, ગ્રંથ ૧ (લંડન ૧૮૮૧) પા. ૮૭-૮૯ : એચ. ડબલ્યુ. હોજીસ દ્વારા આઉટ્રામને, ૫ માર્ચ ૧૮૩૦ : બોમ્બે આર્કાઈવ્ઝ પોલિટિકલ એન્ડ સીક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૩૦. ૧૫-૩૬૯; બરોડાના રેસિડન્ટ દ્વારા જે. પી. વિલોબીને, ૨૭ મે, ૧૮૩૦. બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૧૯. દફતર વી-૪૭૯, ફાઈલ જી.આર.એસ.-૭, રેસિડન્સી નં. ૧-૭૩, પા. ૧૦૩.

૬૮ A. H. A. Simcox, 'A Memoir of The Khandesh Bhill Corps 1825-1891 (Bombay, 1912,) પા. ૪૩, ૬૨ અને ૧૩૬

૬૯ આની સંપૂર્ણ ચર્ચા માટે જુઓ મારો લેખ 'From Custom to Crime : The politics of Drinking in Colonial South Gujarat' આર. ગુહા દ્વારા સંપાદિત 'Subaltern Studies IV (New Delhi 1985) ખાસ કરીને પા. ૧૭૩-૭૭.

૭૦ બહારના રાજકર્તાઓ દ્વારા ભીલોને કાબૂમાં રાખવા દારૂનો ઉપયોગ લાંબા સમયથી કરવામાં આવતો હતો. આના ઉદાહરણ રૂપે રાજપૂત રાજકર્તાઓ ભીલોને દારૂથી કેવી રીતે ખુશ કરતા તે જાણવા જુઓ, કે.ડી. એરસ્કીન, ધી રાજપૂતાના ગેઝિટિયર વોલ્યુમ-૨ એ, ધી મેવાર રેસિડન્સી (અજમેર, ૧૯૦૮) પા. ૧૩૨.

૭૧ ભીલ એજન્ટનો ભીલો ઉપર કેવો ભારે પ્રભાવ હતો તેનો પ્રશિષ્ટ કથા રૂપ અહેવાલ રૂડયાર્ડ કીપ્લીંગે તેમની ટૂંકી વાર્તા 'The Tomb of His Ancestors' માં આપ્યો છે. આ વાર્તા in The Day's Work (લંડન, ૧૯૨૦)માં છે.

૭૨ E. Maconochie, 'Life in The I. C. S.' (London, 1926) પા. ૭૪.૭૫.





૭૩ For an Excellene Study of The Construction of such a body of Knowledge About The Konds of Orissa. A Study of Tribal Administration and its Legitimating Discourse, Unpublished D. phil. Thesis, University of Oxford, 1987, પ્રકરણ ૬.

૭૪ ડી.સી. ગ્રેહામ દ્વારા ડી.એ. બ્લેમને, ૨૯ માર્ચ અને ૧૮ એપ્રિલ ૧૮૩૯, બોમ્બે આર્કાઈવ્ઝ, પોલિટિકલ એન્ડ સીક્રેટ ડીપાર્ટમેન્ટ, ૧૮૩૯ ૧૫-૧૦૧૧.

૭૫ ડબલ્યુ. જે. મોરિસ દ્વારા એચ. ડબલ્યુ. રીવ્ઝને, ૨૨ મે ૧૮૪૩, નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, ફોરેન ડીપાર્ટમેન્ટ, પોલિટિકલ, ૨૪ ફેબ્રુઆરી. ૧૮૪૪ ૧-૧૦.

૭૬ E. Hobsbawm, 'Introduction: Inventing Traditions', in E. Hobsbawm and T. Ranger (Ed) The Invention of Tradition (Cambridse, 1983) પા. ૧-૧૪.

૭૭ ખાનદેશના ભીલ એજન્ટનો વાર્ષિક રીપોર્ટ, ૧૮૮૦-૮૧. આઈ.ઓ.એલ. ૫-૧૦-૧૪૧૪

૭૮ I. S. Long, MV, November 1909, નો હેવાલ. પા. ૩૫૩-૫૪.

૭૯ B. Cohn 'Representing Authority in Victorian India' in Hobsbawm And Ranger, The invention of Tradition, પા. ૧૬૫-૬૮. કોહન દર્શાવે છે કે સંસ્થાનવાદી દરબારનો પ્રભાવ મુખ્યત્વે ભારતના રાજાઓના અને ઊભરતા આવતા મધ્યમ વર્ગના માણસો ઉપર વધારે હતો. આમ છતાં ગાંધીનો પ્રભાવ વધ્યો તે પછી મધ્યમ વર્ગના માણસો આવી વિધિઓની વિરુદ્ધ થઈ ગયા, જુઓ પા. ૨૦૮-૯.

૮૦ એ હ્યુમીન દ્વારા કમિશ્નરને, સેન્ટ્રલ ડિવિઝન, ૯ જુલાઈ. ૧૮૯૫, મુંબઈ આર્કાઈવ્ઝ. રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૫, ૩૧૪-૬૪૮.

૮૧ ડાંગના જંગલો માટેના કમિશ્નરનો રીપોર્ટ, સપ્ટેમ્બર, ૧૮૭૮. મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૭૯, ૯૦-૬૪૭.

૮૨ એસ. મેન્સફિલ્ડ દ્વારા એચ. એલ. એન્ડરસનને, ૭ ફેબ્રુઆરી ૧૮૫૬. બરોડા, રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૧૦, દફતર V-૪૨૬, ફાઈલ ૧૧૩, રેસિડન્સી ફાઈલ નં. ૧૬૭ A અને ૩૧૬ પા ૧૬.

૮૩ ડાંગનાં જંગલો અંગેના લીઝ સાથે સંબંધિત પત્રવ્યવહાર, ૧૦ નવેમ્બર ૧૮૪૩, મુંબઈ આર્કાઈવ્ઝ ૧૮૪૪, ૬૩-૧૬૩૦, કંપાઈલેશન. ૭૧૬.

૮૪ નાથુભાઈ રહીમભાઈ અને ઉદયચંદ તારાચંદ દ્વારા મુંબઈ સરકારને પીટિશન ૪ મે, ૧૮૪૩. મુંબઈ આર્કાઈવ્ઝ. પોલિટિકલ ડીપાર્ટમેન્ટ ૧૮૪૩, ૨૦-૧૪૪૧.

૮૫ વાસુરાણાના રાજા આનંદરાવ વીરસીંગ દ્વારા મુંબઈ સરકારને પીટિશન ૧૫ માર્ચ, ૧૮૪૩. મુંબઈ આર્કાઈવ્ઝ ૧૮૪૩ ૨૦-૧૪૪૧

૮૬ એચ. ડબલ્યુ રીવ્ઝ દ્વારા જે.પી. વિલબીને, ૧ જુલાઈ ૧૮૪૩, નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, ફોરેન ડીપાર્ટમેન્ટ, પોલિટિકલ, ૨૪ ફેબ્રુઆરી ૧૮૪૪, ૧-૧૦; ડાંગના જંગલો સંબંધિત લીઝ અંગેનો પત્રવ્યવહાર, ૧૦ નવેમ્બર, ૧૮૪૩, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૪૪, ૬૩-૧૬૨૦ કમ્પાઈલેશન ૭૧૬, રીવ્ઝ દ્વારા વિલબીને ૧ જાન્યુઆરી ૧૮૪૪, એજન.

૮૭ ડબલ્યુ એચ. ક્રોફર્ડ દ્વારા ઈ. પી. રોબર્ટસનને ૨૬ માર્ચ, ૧૮૭૮; બોમ્બે આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૭૮, ૫૮-૧૨૭.

૮૮ ડાંગમાં જંગલોના લીઝ સંબંધિત પત્રવ્યવહાર, ૧૦ નવેમ્બર ૧૮૪૩. બોમ્બે આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૪૪, ૬૩-૧૬૨૦. કમ્પાઈલેશન. ૭૧૬.

૮૯ આવી ગણતરી માટે જુઓ બોમ્બે ફોરેસ્ટ રીપોર્ટ ૧૮૬૩-૬૪, in forest reports of the Bombay Presidency for the years 1860-61 to 1867-68 (Bombay 1869) પા. ૧૧૫-૧૬

૯૦ ૧૮૪૨ થી ૧૮૭૦-૭૧નાં વર્ષો દરમ્યાન રાજ્ય માટે ડાંગ રૂ. ૯,૧૪૩ સુધીનો વાર્ષિક સરેરાશ નફો કમાતું હતું. ૧૮૭૯ થી ૧૮૮૨ ના સમયગાળા દરમ્યાન સરેરાશ વાર્ષિક નફો રૂ. ૩૫,૧૧૩ હતો. મુખ્ય આવક લાકડામાંથી થતી હતી. મુખ્ય ખર્ચ સરદારોને લીઝની ચૂકવણી પેટે અને જંગલોની વ્યવસ્થા કરવામાં થતું. આ રીતે થતી કમાણીમાંથી આ રીતે થતા ખર્ચને બાદ કરીને ચોખ્ખો નફો ગણવામાં આવતો. ગણતરી માટે S. Muller to A. T. Shuttleworth, 25 May 1871, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૭૧, ૧૮-૧૩૦૭, A Lucas to H. F. silcock 19 August 1892, B. A. R-D. 1893 133 | 448. આવા મૂડીવાદી તર્કનો ઉપયોગ કરી આપણે નફાને ખર્ચ પરના ડિવિડન્ડ તરીકે ગણી શકીએ. ૧૮૭૯ થી ૧૮૯૨ વચ્ચે કુલ ખર્ચ રૂ. ૩૪૭,૬૦૭ હતું અને કુલ નફો રૂ. ૪૫૬,૪૮૧ હતો. જેમાં ૧૧૩% જેટલા ઊંચા ડિવિડન્ડનું પ્રતિનિધિત્વ થાય છે. જે અધિકારીઓ ડાંગનાં જંગલોની જાળવણી ઇચ્છતા હતા તેઓ દ્વારા અવારનવાર આવી ગણતરી કરવામાં આવતી.

૯૧ આર. એચ. માદન દ્વારા એ. ટી. શટલવર્થને ૨૮ ઓક્ટોબર ૧૮૯૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૨, ૧૪૪-૯૪૮.

૯૨ સિંધ સહિતની બોમ્બે પ્રેસિડન્સીના જંગલ ખાતાનો વહીવટ અંગેનો રીપોર્ટ વર્ષ ૧૮૮૮-૮૯ (મુંબઈ ૧૮૯૦) પા. ૧૩.

૯૩ આ સંદર્ભમાં માર્ક્સ બતાવે છે કે મૂડીવાદમાં જેઓ જંગલ પર આધિપત્ય જમાવે છે તેઓ માણસને બદલે 'લાકડાની મૂર્તિ'ઓની ભક્તિ કરે છે. Karl Mark, 'Debates on the law on thefts of wood' in collecred works, vol. 1 (Moscow 1975) પા. ૨૨૬.

૯૪ Jack Westoby, Introduction to world Forestry : People and their Trees (Oxford 1889) પા. ૨૭.

૯૫ D. Worster, 'Nature's Economy' p. 127.

૯૬ એજન પા. ૧૭૧.

૯૭ Westoby, 'Iatroduction to World Forestry' પા. ૮૦.

૯૮ ગેઝિટિયર ઓફ બોમ્બે પ્રેસિડન્સી, વોલ્યુમ xii, ખાનદેશ પા. ૧૦૩ અને ૬૦૭.

૯૯ આનો ખ્યાલ ધરમપુર ઉપરથી આવે છે. આ રાજપૂત રાજાનું રાજ્ય ડાંગની પશ્ચિમે આવેલું હતું. ત્યાંના મહારાજા જબરા શિકારી હતા. તેઓ તેમના રાજ્યના આદિવાસીઓને તેમના શિકારના કાર્યક્રમ વખતે વારંવાર ઢોલ વગેરે વગાડવાની ફરજ પાડતા. એમની માગણી એટલા બધા આગ્રહવાળી રહેતી કે એના વિરોધથી ઘણા આદિવાસીઓ રાજ્યમાંથી સ્થળાંતર કરી ગયા. ઇશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ, 'રાણીપરજમાં જાગૃતિ' (સુરત, ૧૯૭૧) પા. ૩૮-૪૦, ધરમપુરના ખિલપુડી ગામના ગોવિંદભાઈ ગરાસિયા સાથેની રૂબરૂ મુલાકાત.

૧૦૦ આર. ઓલિવર દ્વારા જી. આર્થરને, ૫ ઓક્ટોબર ૧૮૪૩. નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઇન્ડિયા, ફોરેન



ડીપાર્ટમેન્ટ પોલિટિકલ, ૧૬ માર્ચ, ૧૮૪૪. ૩-૧૭ જી. જર્વિસ દ્વારા લખાયેલ સભાનોંધ ૯ સપ્ટેમ્બર, ૧૮૪૪. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૪૬ ૮૧-૧૦.

૧૦૧ સી પ્રીટ્ચાર્ડ દ્વારા એસ. એશબર્નરને, ૧૫ ઓક્ટોબર ૧૮૭૦, બરોડા રાજદફતર ઓફિસ, સીરિયલ નં. ૭૨૪, દફતર વી-૪૩૨, ફાઈલ જી. આર. એસ-૧૨, રેસિડન્સી ૧૬૭ બી પા. ૧૭૨, ડબ્લ્યુ, ડબ્લ્યુ. લોક દ્વારા મુંબઈ સરકારને, ૨૫ જુલાઈ, ૧૮૮૯. મુંબઈ આર્કાઈવ્ઝ, ૧૮૮૯, ૧૬૪-૯૪૮.

૧૦૨ Forest Report of the Bombay Presidency for the year 1869-70 (Poona 1870) પા. ૪૯.

૧૦૩ Forest Report of the Bombay Presidency for the year 1874-75 (Bombay 1876) પા. ૬૨.

૧૦૪ એ. ટી. શટલવર્થ દ્વારા મુંબઈ સરકારને ૨૭ જૂન, ૧૮૭૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૭૧, ૧૮-૧૩૦૮.

૧૦૫ ડબ્લ્યુ. એસ. હેકસટન દ્વારા ડબ્લ્યુ. ડબ્લ્યુ. લોકને ૧૩ એપ્રિલ ૧૮૮૯, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૮૯, ૧૬૪-૯૪૮, આર. એચ. માદન દ્વારા એ. ટી. શટલવર્થને ૨૮ ઓક્ટોબર ૧૮૯૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૨, ૧૪૪-૯૪૮.

૧૦૬ Forest Reports of Bombay Presidency for the years 1849-50 to 18:5-56 (Bombay 1857) Report for 1854-55 p. 41; Report for 1855-56 p. 79.

૧૦૭ Forest Reports of the Bombay Presidency for the years 1860-61 to 1867-68 (Bombay 1869) Report for 1861-62, પા. ૬૩.

૧૦૮ એ. ટી શટલવર્થ દ્વારા મુંબઈ સરકારને, ૨૭ જૂન, ૧૮૭૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૭૧, ૧.-૧૩૦૮.

૧૦૯ સી. પ્રીટચાર્ડ દ્વારા એફ. પી. ચેપમેનને, ૧૭ ઓક્ટોબર, ૧૮૭૧ એજન.

૧૧૦ મુંબઈ સરકારનો ઠરાવ ૨૪ નવેમ્બર ૧૮૭૧, એજન.

૧૧૧ Richard Tucker, 'Forest Management and Imperial politics : Thana Dissrict, Bombay 1823-1887' The Indian Economic And Social History Review, XVI, 3 July-September, 1979, પા. ૨૮૧.

૧૧૨ Ramchandra Guha, 'Povetry in British and Post - Britsh India : A Historical Analysis' Economic And Political weekly xviii, 44 29 October 1983, પા. ૧૮૮૪.

૧૧૩ ડાંગના જંગલોના કમિશ્નરનો રીપોર્ટ, સપ્ટેમ્બર ૧૯૭૮, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૭૯. ૯૦-૯૪૭.

૧૧૪ જે. આર. નેથસર દ્વારા અપાયેલ મેમો, સપ્ટેમ્બર ૧૮૭૮, એજન.

૧૧૫ એલ. આર. એશબર્નર દ્વારા લખાયેલ સભાનોંધ, ૧૧ જાન્યુઆરી, ૧૮૭૯, એજન (મૂળ સ્રોતમાં ભાર મૂકવામાં આવ્યો છે).

૧૧૬ સર રીચાર્ડ ટેમ્પલ દ્વારા થયેલ સભાનોંધ, જુલાઈ, ૧૮૭૯, એજન.

૧૧૭ ૧૮૭૫-૭૬નો મુંબઈ પ્રેસિડન્સીનો જંગલો અંગેનો રીપોર્ટ (મુંબઈ, ૧૮૭૭) પા. ૩૯.

૧૧૮ ડબ્લ્યુ. ડબ્લ્યુ. લોક દ્વારા મુંબઈ સરકારને, ૨૫ જુલાઈ ૧૮૯૯. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૮૯ ૧૬૪–૯૪૮.

૧૧૯ પીંપલદેવી ખાતે થયેલ ડાંગના સરદારો સાથેનો કરાર, ૨ મે ૧૮૮૯, એજન.

૧૨૦ એ લુકાસ દ્વારા ખાનદેશના કલેક્ટરને, ૧ સપ્ટેમ્બર ૧૮૯૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૨. ૧૪૪–૯૪૮.

૧૨૧ એ લુકાસ દ્વારા એમ. એફ. સિલકોકને, ૧૯ ઓગસ્ટ ૧૮૯૨. મુંબઈ આર્કાઈવ્ઝ. રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૩, ૧૩૩–૯૪૮.

૧૨૨ એચ. એફ. સિલકોક દ્વારા જી. બી. રીડને ૧૦ સપ્ટેમ્બર ૧૮૯૨. એજન.

૧૨૩ સિંધ સહિતની મુંબઈ પ્રેસિડન્સીનો જંગલ ખાતાના વહીવટ અંગેનો ૧૮૯૨–૯૩નો રીપોર્ટ (મુંબઈ ૧૮૯૪) પા. ૭.

૧૨૪ ૧૮૯૩નો મુંબઈ સરકારનો ઠરાવ. ૧૫ ડિસેમ્બર ૧૮૯૩, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૩. ૧૩૩–૯૪૮. એ. કયુમિન દ્વારા તૈયાર થયેલો અહેવાલ, ૨૧ ડિસેમ્બર ૧૮૯૪. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૫ ૩૧૪–૯૪૮.

૧૨૫ એચ. એફ. સિલકોક દ્વારા જી. બી. રીડને, ૧૦ સપ્ટેમ્બર ૧૮૯૩, ૧૩૩–૯૪૮.

૧૨૬ ડબ્લ્યુ. સી. રોટન દ્વારા જે. કે. સ્પેન્સને. ૬ ઓગસ્ટ ૧૮૯૫. મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ. ૧૮૯૫. ૩૧૪–૯૪૮

૧૨૭ એચ. એફ. સિલકોક દ્વારા જી. બી. રીડને, ૧૦ સપ્ટેમ્બર ૧૮૯૩, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ. ૧૮૯૩. ૧૩૩–૯૪૮.

૧૨૮ જે. એ. મેકઆઈવરનો અહેવાલ ૧૨ જુલાઈ ૧૮૯૯. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૦૧. ૧૫૧–૯૪૯ I.

૧૨૯ એચ. એફ. સિલકોક દ્વારા જી. બી. રીડને ૧૦ ૧૮૯૨. મુંબઈ આર્કાઈવ્ઝ. રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૩, ૧૩૩–૯૪૮.

૧૩૦ એ કયુમિન દ્વારા સેન્ટ્રલ ડિવિઝનના કમિશ્નરને ૯ જુલાઈ. ૧૮૯૫, મુંબઈ આર્કાઈવ્ઝ. રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૫, ૩૧૪–૯૪૮.

૧૩૧ સિંધ સહિતની મુંબઈ પ્રેસિડન્સીનો જંગલ ખાતાના વહીવટ અંગેનો ૧૮૯૪–૯૫ નો અહેવાલ (મુંબઈ, ૧૮૯૬) પા. ૨૦. ડબ્લ્યુ. સી. રોટન દ્વારા જે. કે. સ્પેન્સને ૬ ઓગસ્ટ ૧૮૯૫, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૫, ૩૧૪–૯૪૮.

૧૩૨ એ. લુકાસ દ્વારા એચ. એફ. સિલકોકને, ૧૯ ઓગસ્ટ ૧૮૯૨, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૩ ૧૩૩–૯૪૮.

૧૩૩ એ. ટી. શટલવર્થ દ્વારા જે. ન્યુજન્ટને, ૧૯ જૂન ૧૮૮૮ મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૮૯ ૧૬૪–૯૪૮.

૧૩૪ એ કયુમિન દ્વારા સેન્ટ્રલ ડિવિઝનના કમિશ્નરને ૨૦ ઓગસ્ટ ૧૮૯૬. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૮૯૬. ૨૭૩–૯૪૮.

૧૩૫ મુંબઈ પ્રેસિડન્સીના વર્ષ ૧૮૪૯–૫૦ થી ૧૮૫૫–૫૬ સુધીના ફોરેસ્ટ રીપોર્ટસ (મુંબઈ ૧૮૫૦) ૧૮૫૫–૫૬નો રીપોર્ટ પા. ૯૮.

૧૩૬ Annual Reports on Western Bhill Agency, Khandesh, Reports For 1876–77 And 1877–78 Iol V–10–1414.

૧૩૭ આઈ. બી. ફ્રાય દ્વારા ઉત્તર વિભાગના કમિશ્નરને ૧ ડિસેમ્બર ૧૮૯૮. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૯. ૧૧૯–૯૪૯.



૧૩૮ Annual Reports or Western Bhill Agency, Khandesh Reports For 1873–74 Iol V–10–1414.

૧૩૯ ડબ્લ્યુ. સી. રોટન દ્વારા જે. કે. સ્પેન્સને, ૬ ઓગસ્ટ ૧૮૯૫ મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૫, ૩૧૪–૯૪૮

૧૪૦ એ. કે. કયુમિન દ્વારા જે. કે. સ્પેન્સને. ૨૮ ઓગસ્ટ ૧૮૯૫, એજન.

૧૪૧ જે. એ. મેકાઈવરનો અહેવાલ, ૧૨ જુલાઈ ૧૮૯૯ મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૦૧, ૧૫૧–૯૪૯ I.

૧૪૨ એજન.

૧૪૩ રામચંદ્ર ગુહાએ દલીલ કરી છે કે ભારતના જંગલમાં વસવાટ કરનારાઓએ ઝાડોનો નાશ કરવાનું ઇરાદાપૂર્વક શરૂ કર્યું હતું. કારણ કે તેઓ જાણતા હતા કે મોટા વૃક્ષોને ઊગવા દેવામાં આવશે તો જંગલ ખાતું એ વિસ્તારને અનામત કરી દેશે અને એમનાં વૃક્ષોનો લાભ તેઓ લેશે. 'ફોરેસ્ટરી ઇન બ્રિટિશ એન્ડ પોસ્ટ-બ્રિટિશ ઇન્ડિયા' ઇ. પી. ડબલ્યુ, ૨૯ ઓકટોબર, ૧૯૮૩. પા. ૧૮૮૫.

૧૪૪ જે. એ. મેકાઇવરનો અહેવાલ ૧૨ જુલાઈ ૧૮૯૯. મુંબઈ આર્કાઈવ્ઝ. રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૦૧. ૧૫૧–૯૪૯ I.

૧૪૫ ટી બી. ફ્રાય દ્વારા ઉત્તર વિભાગના કમિશ્નરને ૧ ડિસેમ્બર, ૧૮૯૯. ૧૧૯–૯૪૯.

૧૪૬ એજન.

૧૪૭ ઈ. એચ. હોડ્ગસનનો ડાંગ અંગેનો અહેવાલ, ૨૯ ૨૯ ઓગસ્ટ ૧૯૦૨, મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૦૨, ૧૦૭–૯૪૯ II. ડાંગ વિશેનો વાર્ષિક વહીવટી અહેવાલ ૧૯૦૨–૦૩, મુંબઈ આર્કાઈવ્ઝ, શિક્ષણ વિભાગ ૧૯૦૩, ૬૪–૭૩૯, જી.ઈ. માર્જોરીબેન્કસનો અહેવાલ ૩ જુલાઈ ૧૯૧૧. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૧૧. ૧૨૦–૧૧૧૩.

૧૪૮ સેન્ટ્રલ ડિવિઝનના કમિશ્નરને લખતી વખતે એ સુમિને કરેલો રોટનનો ઉલ્લેખ. ૨૯ ઓગસ્ટ ૧૮૯૬, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ. ૧૮૯૭. ૧૦૬–૯૪૮.

૧૪૯ ડબ્લ્યુ. સી. રોટન દ્વારા સેન્ટ્રલ ડિવિઝનના કમિશ્નરને ૨૪ સપ્ટેમ્બર ૧૮૯૬. મુંબઈ આર્કાઈવ્ઝ. રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૮૯૬, ૨૭૩–૯૪૮.

૧૫૦ ઈ.એમ. હોડ્ગસનનો અહેવાલ ૧૦મે, ૧૯૦૦. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૦૧, ૧૫૧–૯૪૯ I

૧૫૧ સિંધ સહિતની મુંબઈ પ્રેસિડન્સીનો જંગલ વિભાગના વહીવટ અંગેનો વર્ષ ૧૯૦૩–૪ નો અહેવાલ (મુંબઈ, ૧૯૦૫) પા. ૯.

૧૫૨ આર. એસ. એફ. ફેગન દ્વારા મુંબઈ સરકારને ૧મે, ૧૯૦૨, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ. ૧૯૦૨, ૧૦૭–૯૪૯ II

૧૫૩ Annual Reports on western Bhill Agency, Khandesh, Report for 1884–85 Iol v–10–1414, Report by P. C. H. Snow, 10 April 1900, BA. R. D 1901, 151–949

૧૫૪ સિંધ સહિતની મુંબઈ પ્રેસિડન્સીનો જંગલ ખાતાના વહીવટનો ૧૯૧૦–૧૧નો અહેવાલ (મુંબઈ, ૧૯૧૨) પા. ૭૯

૧૫૫ Annual Report of the Church of the Brethern for the year ending 31 March 1907, MV June 1907 પા. ૨૦–૨૧.

૧૫૬ J. M. Pittenger. 'Bits of life in the Dangs' MV February 1908 પા. ૮૩.

૧૫૭ હીરાસીંગ અને રત્નાભાઈ દ્વારા MV ને લખાયેલો પત્ર મે, ૧૯૦૮.

૧૫૮ Annual Administration Report on Dangs 1910–11, BA, Education Department 1912 57–739; J. M. Pittenger 'Recent political Events in the Dangs' MV January 1972 પા. ૨૩.

૧૫૯ સિંધ સહિતની મુંબઈ પ્રેસિડન્સીનો જંગલ ખાતાના વહીવટ અંગેનો વર્ષ ૧૯૦૩–૪ નો અહેવાલ (મુંબઈ, ૧૯૦૫) પા. ૭.

૧૬૦ સી. ડબ્લ્યુ. એ. દ્વારા મુંબઈ સરકારને ૩૦ જાન્યુઆરી ૧૯૩૩, નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, ફોરેન ડીપાર્ટમેન્ટ, ૨૦–P (secret) 1933.

૧૬૧ સિંધ સહિતની મુંબઈ પ્રેસિડન્સી જંગલ ખાતાના વહીવટ અંગેનો વર્ષ ૧૯૦૩–૪ નો અહેવાલ (મુંબઈ, ૧૯૦૫) પા. ૧૨. ગામના આગેવાન –પટેલો–સામાન્ય રીતે ગામના આગેવાન કણબીઓને ભીલ મુખીઓ દ્વારા અમુક વિસ્તારના ઉઘરાણા માટે જવાબદાર ઠેરવાતા.

૧૬૨ ઉપરનો જણાવેલ ૧૯૦૫–૬ નો અહેવાલ (Bombay, 1907) પા. ૯.

૧૬૩ ઉપરનો જણાવેલ ૧૦૬–૭ નો અહેવાલ (Bombay 1908) પા. ૧૦.

૧૬૪ એજન પા. ૧૨–૧૩.

૧૬૫ ડાંગ વિશેનો વાર્ષિક વહીવટી અહેવાલ ૧૯૦૬–૭, મુંબઈ આર્કાઈવ્ઝ, એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ ૧૯૦૮, ૬૩–૭૩૯

૧૬૬ ૧૯૦૭ના બળવાનો નીચે મુજબનો અહેવાલ ૧૨ સપ્ટેમ્બર અને ૨૩ સપ્ટેમ્બર ૧૯૦૭ના રોજ એચ. એલ. પેન્ટરે તૈયાર કરેલા અહેવાલ ઉપર આધારિત છે. મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૦૭, ૧૧૮–૯૪૯.

૧૬૭ વઘઈની નજીક વહેતી નદી ડાંગ અને વાંસદા સ્ટેટ વચ્ચેની સરહદ રચે છે.

૧૬૮ ઘણું કરીને બી. જી. ટિળક.

૧૬૯ જી. ઈ. માર્જોરીબેન્ક લેખિત અહેવાલ ૩ જુલાઈ ૧૯૧૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૧૧, ૧૨૦–૧૧૩ માં ઉલ્લેખાયેલું'.

૧૭૦ જી. ઈ. માર્જોરીબેન્ક ઉપરના અહેવાલમાં ઉલ્લેખાયેલું. ૩ જુલાઈ, ૧૯૧૧, મુંબઈ આર્કાઈવ્ઝ, રેવન્યુ ડીપાર્ટમેન્ટ ૧૯૧૧, ૧૨૦–૧૧૧૩.

૧૭૧ ૧૯૧૧ના બળવાનો નીચે મુજબનો અહેવાલ જી. ઈ. માર્જોરીબેન્કના ૧૬ મે, ૨ જૂન અને ૩ જુલાઈ ૧૯૧૧ના અહેવાલ પર તથા એફ. જી. એચ. એન્ડરસનના અહેવાલ પર આધારિત છે.

૧૭૨ Florence Pittenger 'Ahwa, Iadia' MV July 1911 p. 210.

૧૭૩ આ બળવાનું વર્ણન ૧૯૧૪–૧૫ના ડાંગ વિશેના વાર્ષિક રીપોર્ટમાં કરવામાં આવ્યું છે. મુંબઈ આર્કાઈવ્ઝ, એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ, ૧૯૧૬ ૭૩૯; એલ. રોબર્ટસન દ્વારા ભારત સરકારને ૨૪ ડિસેમ્બર ૧૯૧૪, નેશનલ આર્કાઈવ્ઝ એન્ડ ઈન્ડિયા, ફોરેન એન્ડ પોલિટિકલ ડીપાર્ટમેન્ટ આઈ. એન. ટી. એલ. બી ૭૪–૭૫ જાન્યુઆરી ૧૯૧૫.

૧૭૪ આ પ્રકારના ભારતના અન્ય ભાગોમાં બનેલા બનાવો અંગે જુઓ સુમીત સરકારનું 'Modern India 1885-1947 (Delhi 1983) પા. ૧૫૪.



૧૭૫ સી. ડબ્લ્યુ. એ. ટર્નરે મુંબઈ સરકારને આપેલ આંકડાઓ, ૩૦ જાન્યુઆરી ૧૯૩૩, નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઇન્ડિયા, ફોરેન ડીપાર્ટમેન્ટ (સીક્રેટ) ૧૯૩૩.

૧૭૬ આ પ્રકારના કામના પ્રારંભ અંગેનો ઉલ્લેખ, ૧૯૦૨–૦૩ થી ૧૯૧૭–૧૮ સુધીના ડાંગ અંગેના વાર્ષિક અહેવાલોમાં આપ્યો છે. જે મુંબઈ આર્કાઈવ્ઝના રેવન્યુ ડીપાર્ટમેન્ટ, એજ્યુકેશન અને જ્યુડિશિયલ ડીપાર્ટમેન્ટમાં પ્રાપ્ય છે. પા. ૪૪.

૧૭૭ Adam Ebey 'Ahwa' MV June 1921 પા. ૪૪.

૧૭૮ ડાંગ વિશેનો વાર્ષિક રીપોર્ટ ૧૯૧૭–૧૮, મુંબઈ આર્કાઈવ્ઝ, જ્યુડિશિયલ ડીપાર્ટમેન્ટ, ૧૯૧૯, ૪૧૨.

૧૭૯ ડાંગ વિશેનો વાર્ષિક રીપોર્ટ ૧૯૧૧–૧૨, મુંબઈ આર્કાઈવ્ઝ, એજ્યુકેશન ડીપાર્ટમેન્ટ, ૧૯૧૨. ૫૭–૭૩૯.

૧૮૦ J. M. Pittenger 'From the Firing Line' MV February 1911, પા. ૬૮.

૧૮૧ ડાંગ વિશેનો વાર્ષિક અહેવાલ ૧૯૧૧–૧૨ મુંબઈ આર્કાઈવ્ઝ, એજ્યુકેશનલ ડીપાર્ટમેન્ટ, ૧૯૧૨. ૫૭–૭૩૯.

૧૮૨ આ બનાવોને વિગતપૂર્ણ રીતે મારા પુસ્તક 'દેવી આંદોલન' (સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ સુરત, ૧૯૮૬)માં વર્ણવ્યા છે.

૧૮૩ સી. ડબ્લ્યુ. એ. ટર્નર દ્વારા મુંબઈ સરકારને, ૩૦ જાન્યુઆરી ૧૯૩૩ નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયા, ફોરેન ડીપાર્ટમેન્ટ, ૨૦–P (Secret 1933).

૧૮૪ ઈ. એમ. હોડગ્સન દ્વારા ડાંગના પોલિટિકલ એજન્ટને, ૩૧ માર્ચ ૧૯૧૦, મુંબઈ આર્કાઈવ્ઝ રેવન્યુ ડીપાર્ટમેન્ટ, ૧૯૧૧, ૧૨૦–૧૬૭૧; ડબ્લ્યુ. ઈ. કોપ્લેસ્ટન, 'The Bombay Forests' (Bombay 1925) પા. ૪૮-૪૯.

૧૮૫ ઘનશ્યામ શાહ, 'ડાંગ, ગુજરાતના આદિવાસીઓમાં સામૂહિક ઓળખનો વિકાસ' સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત, ૧૯૭૦નો અપ્રગટ અહેવાલ, પા. ૧૪–૧૫ અને ૨૧–૨૮.

૧૮૬ એજન, પા. ૮.

૧૮૭ કેસરીસીંગ ગામીતનું સતીપતી જૂથ જે આવી માગણીઓ કરે છે તે મુખ્યત્વે ડાંગના તથા આ પૂર્વેના રાજપીપળા રાજ્યના ભીલોમાંથી પોતાનું સમર્થન મેળવે છે, વર્ણન માટે જુઓ આર. બી. લાલ 'દક્ષિણ ગુજરાતના આદિવાસીઓમાં સામાજિક-ધાર્મિક ચળવળો' કે. એસ. સીંગ દ્વારા સંપાદિત પુસ્તક 'Tribal Movements in India Vol-2C Delhi 1983) પા. ૩૦૦–૦૩. કેસરીસીંગ ગામીત સાથેની રૂબરૂ મુલાકાત, કટાસવણ, વ્યારા તાલુકા સુરત જિલ્લો, મે, ૧૯૮૧.